બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**જાન્યુઆરી-૨૦૨૨**

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર

હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૯, અંક : ૦૧, સળંગ અંક : ૨૧૬

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | ભારતનો પ્રથમ ધર્મ ઈસ્લામ જ છે જેથી ઘરવાપસીની જરૂરત મુસ્લિમોને નથી ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 07 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 10 |
| 04 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 13 |
| 05 | હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ ના હાલાત.... | 16 |
| 06 | કાનૂને શરીઅત | 19 |
| 07 | હું મુસલમાન થઈને કુર્આન વિશે શું જાણું છું ?! | 22 |
| 08 | મુસીબતેં વબાએં ક્યૂં આતી હૈં ? | 25 |
| 09 | તૌબાની હકીકત તથા ફઝીલત | 30 |
| 10 | તકલીદની જરૂરત તથા તેનું મહત્વ | 33 |
| 11 | બાજમાઅત નમાઝનું એક દિલચસ્પ પાસુ | 36 |
| 12 | સુલેહ કુલ્લિયતથી બચો... | 43 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


## નબી સરવરે હર રસૂલો વલી હૈ

નબી સરવરે હર રસૂલો વલી હૈ
નબી રાઝદારે મઅલ્લાહ લી હૈ
વો નામી કે નામે ખુદા નામ તેરા
રઉફો રહીમો અલીમો અલી હૈ
હૈ બેતાબ જિસ કે લિયે અર્શે આ'ઝમ
વો ઉસ રહ રવે લા મકાં કી ગલી હૈ
નકીરૈન કરતે હૈં તઅઝીમ મેરી
ફિદા હો કે તુઝ પર યે ઈઝઝત મિલી હૈ
તલાતુમ હૈ કશ્તી પે તુફાને ગમ કા
યે કૈસી હવાએ મુખાલિફ ચલી હૈ
ન ક્યૂં કર કહૂં યા હબીબી અગિષ્ની
ઈસી નામ સે હર મુસીબત ટલી હૈ
તેરે ચારોં હમ દમ હૈં યક જાન યક દિલ
અબૂબક્ર ફારૂક઼ ઉષ્માન અલી હૈ
જો મક઼સદ ઝિયારત કા બર આએ ફિર તો
ન કુછ કસ્દ કિજીયે યે કસ્દે દિલી હૈ
તેરે દર કા દરબાં હૈ જિબ્રીલે આ'ઝમ
તેરા મદહખ્વાં હર નબીયો વલી હૈ
શફાઅત કરે હશ્ર મેં જો 'રઝા' કી
સિવા તેરે કિસી કો યે કુદરત મિલી હૈ

RSSના વડાનો અહંકાર ભર્યો હુંકાર ગલત છે ! કેમ કે...

# ભારતનો પ્રથમ ધર્મ ઈસ્લામ જ છે

**• જેથી ઘરવાપસીની જરૂરત મુસ્લિમોને નથી ! •**

*(તંત્રી લેખ.....)*

વર્તમાનકાળમાં ચૂંટણીમાં જીત માટે સત્તા પ્રાપ્તિ માટે ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ રીતે ધર્મને જોરદાર શ્રેષ્ઠ હથિયાર બનાવવામાં આવેલ છે. અને ધર્મનો સંદેશ તો પ્રેમનો હોવો જોઈએ પણ આ બની બેઠેલા લીડરો થકી ધર્મના નામે લોકોમાં નફરત તથા ડરનો માહોલ ખડો કરવામાં આવતો દરક ભારતીય દિલથી મેહસૂસ કરી રહ્યો છે. ખાસ કરીને મુસલમાનો પ્રત્યે તુચ્છકારની ભાવના તથા સાચી ખોટી વાતો તથા જૂઠા બનાવટી ઈતિહાસ ઉભા કરી પોતાની કૌમના યુવાનોનું બ્રેઈન વોશ કરી સમાજમાં નફરત ફેલાવી કેટલાક વરસોથી દેશના નાગરીકોની એકતા તથા શાંતિમાં ભંગ પાડવાના પ્રયાસો થઈ રહ્યા છે. એના પ્રત્યાઘાતો રૂપે દેશમાં અનેક ઠેકાણે બે કૌમોમાં દંગલ તથા હિંસાના બનાવો સતત વધી રહ્યા છે. એની એક કડી હાલમાં ચિત્રકૂટમાં હિંદુ એકતા મહાકુંભને સંબોધતાં RSS વડા મોહન ભાગવતે લોકોને શપથ લેવડાવ્યા કે... "હિંદુ ધર્મ, હિંદુ સંસ્કૃતિ તેમજ હિંદુ સમાજના સૌરક્ષણ, સંરક્ષણ, સંવર્ધન તેમજ સુરક્ષા માટે આજીવન કાર્ય કરતો રહીશ. હું પ્રતિજ્ઞા લઉં છું કે કોઈ પણ હિંદુભાઈને હિંદુ ધર્મથી દૂર નહીં થવા દઉં." અહીં સુધી બરાબર કે એ તેઓ કરી શકે એમાં અમારે કાંઈ કહેવું નથી, પણ આગળ શપથમાં કહેવડાવ્યું કે, "જે ભાઈઓ હિંદુધર્મ છોડી ચૂક્યા છે તેમની ઘરવાપસી માટે પણ કામ કરતો રહીશ...વગેરે" તો આ સંબોધનથી એ એવું કહેવા માગે છે કે હિંદુસ્તાનનો પ્રથમ ધર્મ હિંદુ જ હતો જેને તેઓ સનાતન તથા અસલ ધર્મ કહે છે જેના તરફ વાપસીની કરવામાં આવે. પણ ઈતિહાસ દુનિયાનો તથા હિંદનો સાક્ષી છે કે હિંદુસ્તાનનો સૌ પ્રથમ ધર્મ ઈસ્લામ છે, જેથી ઘરવાપસી મુસ્લિમોએ નહીં પણ મુસ્લિમ સિવાયનાએ કરવાની છે, તેમણે ઘરવાપસી માટે ઈસ્લામ જ સ્વીકારવો રહ્યો. હા ! ઈસ્લામમાં જબરદસ્તી નથી. કુર્આનમાં છે : لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ "દીનના બારામાં કોઈ જબરદસ્તી નથી." *(સૂરએ બક્રહ, ૨/૨૫૬)* એટલે અમો કોઈને જબરદસ્તી કે હિંસાપૂર્વક જોર જુલમ કરીને કલમા પઢાવવામાં નથી માનતા, પણ અમો હિંદના જ નહીં વિશ્વભરના લોકોને પ્રેમપૂર્વક નિમંત્રણ આપીએ છીએ કે આંખો પરથી પૂર્વગ્રહના ચશ્મા હટાવીને નિષ્પક્ષપણે ઈસ્લામનો ઉપર ઉપરથી નહીં પણ તેના સિદ્ધાંતોનો, કુર્આન હદીષનો ગહરાઈથી અભ્યાસ કરો અને પછી તમારુ દિલ સંતોષ પામે તો જ ખુશીપૂર્વક કોઈ દાબદબાણ કે ભય વિના, સમજી વિચારીને કલમો પઢી ઈસ્લામમાં પ્રવેશ કરો.

### ★ હઝરત આદમ علیہ السلام માનવ પિતા પહેલાં કોઈ માનવ હતો જ નહીં ! ★

એ તો નિશ્ચિત હકીકત છે કે હઝરત આદમ علیہ السلام (માનવ પિતા) પહેલાં દુનિયામાં કોઈ માનવનું અસ્તિત્વ હતું નહીં. હઝરત આદમ علیہ السلام જન્નતમાં હતા ત્યાંથી પ્રતિબંધિત ફળ ખાવાના સબબે તેમને તથા બીબી હવ્વાને દુનિયામાં ઉતારવામાં આવ્યાં. અને એમાં રબની હિકમતો હતી કે આ રીતે દુનિયામાં માનવ વસ્તીનો વંશવેલો થવાનો હતો. **દુનિયામાં સૌ પ્રથમ અને તે પણ હિંદુસ્તાનમાં જ હઝરત આદમ علیہ السلامને મોકલવામાં આવ્યા. તેમની સાથે દીને ઈસ્લામ પણ હિંદમાં આવ્યો.** આદમ علیہ السلام તથા બીબી હવ્વાના આગમન પછી ક્રમે ક્રમે દુનિયામાં માનવ વંશવેલો વિકસતો ગયો અને આ વિકસતી વધતી

જતી આદમ عليه السلامની ઔલાદની હિદાયત માટે રબ્બે કરીમે આ જગતમાં ક્રમે ક્રમે નબીઓ રસૂલોનો ક્રમ જારી રાખ્યો જેમણે પોત પોતાના સમયમાં પોતાની કૌમને ઈસ્લામની જ તાલીમાત તથા હુકમોની તબ્લીગ કરી. અને છેવટે અંતિમ નબી તરીકે આપણા પ્યારા નબી મુહમ્મદ મુસ્તફા ﷺને મોકલવામાં આવ્યા, જેમણે દુનિયાભરમાં ઈસ્લામનું નૂર ફેલાવી દીધું.

## ★ હઝરત આદમ عليه السلام હિંદની ધરતી પર જ ઉતર્યા હતા ! ★

અલ્લાહ તઆલાએ સૌ પ્રથમ જે નબી પયગંબરને પોતાના બંદાઓની હિદાયત તથા રહબરીને માટે ઉતાર્યા તે આદમ عليه السلام જ હતા અને **હઝરત આદમ عليه السلامનું ઉતરાણ હિંદુસ્તાનમાં જ થયું. મતલબ કે ઈસ્લામ આદમ عليه السلامની સાથે સૌ પ્રથમ હિંદુસ્તાનમાં જ ઉતર્યો.** એ જ કારણે ઈલ્મ તથા હિકમતનાં ઝરણાં સૌ પ્રથમ અહીંથી જ વહેતાં થયાં. તેમજ સિદરાના મકીં હઝરત જિબ્રઈલ અલ્લાહની વહી લઈને સૌ પ્રથમ આ જ ભૂમિ પર હાજર થયા. અનેક રિવાયતો એના વિશે છે.

તફસીરે રૂહુલ બયાનમાં અલ્લામા ઈસ્માઈલ હક્કી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان લખે છે કે, "આદમ عليه السلام હિંદમાં સરાનદીપ (હાલનું **શ્રીલંકા**)ના પહાડ પર ઉતર્યા જેના કારણે ત્યાંના ઝાડો ખુશ્બોદાર થઈ ગયાં, કેમ કે આદમ عليه السلام જન્નતની ખુશ્બુ સાથે લાવ્યા હતા." *(તફસીરે રૂહુલ બયાન, પેજ–૨૩૭, ઈબ્ને કષીર, ૧/૧૨૫)*

શયખ અલી રૂમી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان "મુહાઝિરતુલ અવાઈલ વ મસામિરતુલ અવાખિર'માં ફર્માવે છે કે, "પ્રથમ સ્થળ જ્યાં આદમને ઉતારવામાં આવ્યા તે હિંદુસ્તાનના ટાપુઓમાંથી એક ટાપુ છે. એમાં એક પહાડ છે જેને રાહવાન કહેવામાં આવે છે એ સરાનદીપના મુલ્કમાં એ જગા છે જે દજની કહેવાય છે અને એ પહાડ પર હઝરત આદમ عليه السلامનાં કદમનાં નિશાન છે."

અને ફર્માવે છે કે, "પ્રથમ તે સ્થળ જ્યાંથી હિકમતોનાં ઝરણાં ફૂટયાં તે હિંદુસ્તાન છે અને પછી મક્કાનું હરમ છે. આ ઝરણા ઈન્સાનિયતના પ્રથમ મુઅલ્લિમ આદમ સફીયુલ્લાહની ઝબાનથી ફૂટયાં. અલ્લાહનાં દુરૂદો સલામ થાય તેમના પર અને સર્વ નબીઓ પર. અને ફર્માવ્યું કે પ્રથમ જગા જ્યાં કિતાબો લખવામાં આવી અને જ્યાંથી આદમ عليه السلامની ઝબાનથી હિકમતનાં ઝરણાં વહયાં તે હિંદુસ્તાન છે. *(તફસીરો હદીષમેં હિંદુસ્તાનકા તઝકેરા, પેજ–૪૨)*

## ★ ઈસ્લામ આદમ عليه السلام સાથે સૌ પ્રથમ હિંદમાં આવ્યો ★

**પૃથ્વી પરના પ્રથમ માનવી, માનવ પિતા આદમ عليه السلامની સાથે ઈસ્લામ સૌ પ્રથમ હિંદુસ્તાનમાં આવ્યો** અને એ શાનની સાથે આવ્યો કે એના અકીદા તૌહીદ (અલ્લાહનું એક હોવું) તથા રિસાલતની સદાઓ (અવાજો) પણ સૌ પ્રથમ આ જ ભૂમિ પર બુલંદ થઈ. અબૂ નુઐમે "હિલ્યહ"માં અને ઈબ્ને અસાકિરે, અબૂ હુરૈરહ થી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હઝરત આદમ عليه السلامને સરાનદીપ (શ્રીલંકા)માં ઉતારવામાં આવ્યા તો તેમને ગભરાહટ તથા પરેશાની લાગુ થઈ. તો જિબ્રઈલ عليه السلام ઉતર્યા અને અઝાન આપવી શરૂ કરી. અલ્લાહુ અકબર, અલ્લાહુ અકબર. અશ્હદુઅલ્લા ઈલાહ ઈલ્લલ્લાહ, બેવાર, અશ્હદુ અન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ બેવાર." *(ખસાઈસુલ કુબરા, પેજ–૨૧–૨૨)*

મુફતી અહમદ યારખાં નઈમી علیہ رحمۃ اللہએ પણ તફસીરમાં ઉપર મુજબ જણાવ્યા બાદ લખ્યું કે, "જ્યારે આદમ عليه السلامએ અઝાનમાં હુઝૂર ﷺનું નામ સાંભળ્યું ત્યારે તેમની ગભરાહટ દૂર થઈ ગઈ." *(તફસીરે નઈમી, ૧/૩૩૧)*



Web. www.barkatekhwaja.net

જાણવા મળ્યું કે પૃથ્વી પર **સૌ પ્રથમ તૌહીદ તથા રિસાલતનો અવાજ હિંદની ભૂમિના વાતાવરણમાં ગુંજ્યો** કેમ કે અઝાન હકીકતમાં તૌહીદ તથા રિસાલતનો બેહતરીન પયગામ જ છે. (અફસોસ ! એ જ હિંદમાં આજે એક ખુદાને છોડીને ન જાણે શું શું થઈ રહ્યું છે !) અઝાન કે તૌહીદ તથા રિસાલતનો પયગામ જ શું **રહમતે દો આલમ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના નૂર મુબારકનું ઉતરાણ પણ સૌ પ્રથમ આ જ ભૂમિ હિંદુસ્તાનમાં થયું અને પછી અરબના શહેર મક્કામાં તે જાહેર થયું.**

## ★ હઝરત આદમ علیہ السلام પ્રથમ નબી અને મુહમ્મદ ﷺ અંતિમ નબી ★

હઝરતુલ અલ્લામ નૂરુદ્દીન અબ્દુર્રહમાન "જામી" رحمۃ اللہ علیہ ફર્માવે છે કે "જે હિસ્સો જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના જિસ્મે ઉન્સરી (મૂળ તત્વ)નો હતો તે એક નૂરે અઝીમ (મહાન નૂર)ના સ્વરૂપે હઝરત આદમની પેશાનીમાં ચમકતો હતો. પછી તે આદમની પીઠથી હઝરત હવ્વા رضی اللہ عنہاના ગર્ભમાં બદલી થયો. ત્યાંથી પછી શીશ علیہ السلامની પીઠમાં અને એ જ રીતે ક્રમે ક્રમે પાક પવિત્ર લોકોની પીઠોથી નેક તથા પવિત્ર બીબીઓનાં ગર્ભોમાં તબદીલ થતો રહ્યો પછી તે પાક ગર્ભોથી નેક તથા પવિત્ર પીઠોમાં આવતો રહ્યો." *(શવાહિદુન્નબુવ્વત, પેજ-૬૦)*

અલ્લામા અબ્દુર્રહમાન ઈબ્ને જવઝી બગદાદી ફર્માવે છે કે, "રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને આદમની પીઠમાં જમીન પર ઉતાર્યો અને મને હઝરત નૂહની સાથે કશ્તીમાં સવાર કર્યો અને મને ઈબ્રાહીમની પીઠમાં આગમાં નાખ્યો : એ જ રીતે મારા વાલિદ હઝરત અબ્દુલ્લાહ સુધી એક પીઠથી બીજી પીઠ તરફ બદલાતો રહ્યો." *(જાને જાનાં, પેજ-૩૩)*

તદ્ ઉપરાંત અનેક બુઝુર્ગોની કિતાબોમાં આના વિશે વર્ણન છે. સારાંશ કે માનવ પિતા હઝરત આદમ علیہ السلام પ્રથમ નબી હિંદમાં ઉતર્યા સાથે ઈસ્લામનો કલમો : લાઈલાહ ઈલ્લલ્લાહ આદમુ સફીયુલ્લાહ લાવ્યા, જન્નતમાંથી આપની સાથે ઉતરેલાં મા હવ્વાની મુલાકાત અરબના અરફાતના મેદાનમાં થઈ અને માનવ વંશવેલો ચાલ્યો. હઝરત આદમ علیہ السلام પછી નબીઓનો ક્રમ ચાલુ રહ્યો.

સૌ નબી આ જ સબક આપતા રહ્યા. "લાઈલાહ ઈલ્લલ્લાહ" (અલ્લાહ સિવાય કોઈ ઈબાદતને લાયક નથી) હઝરત શીશ, હઝરત નૂહ, હઝરત લૂત, હઝરત ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઈસ્હાક, યાકૂબ, સુલૈમાન, યહ્યા, ઝકરિયા, ઈસ્માઈલ, ઈસા.... લગભગ એક લાખ ચોવીસ હજાર નબીઓ દુનિયામાં આવ્યા અને ગુમરાહ થતી કૌમને "લાઈલાહ ઈલ્લલ્લાહ"ની તાલીમ આપતા રહ્યા. છેવટમાં અંતિમ નબી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ તશરીફ લાવ્યા જેમનો કલમો પણ લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ છે. આ વિષયમાં ઘણુ લખી શકાય છે, (વધુ માટે વાંચો કિતાબ "ઈસ્લામ ઔર હિંદુ ધર્મકા તકાબુલી મુતાલિઆ" પણ સજદારો માટે આટલુ બસ છે. સાર એક જ છે કે ઘરવાપસી મુસ્લિમોએ નહીં પણ અન્ય લોકોએ જ ઈસ્લામ તરફ કરવાની બાકી છે કે જે એક સત્ય માગ છે, પણ દરેક માનવીની મરજી પર છે, કોઈ હિંસા, જબરદસ્તી, ધાક ધમકી બળપૂર્વક નહીં, કેમ કે ઈસ્લામમાં એ ચીજ જાઈઝ નથી. સ્વેચ્છાએ ઈસ્લામનો અભ્યાસ કરો અને દિલ માને તો પઢી લો કલમો : લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ અમારું કામ પૈગામ પહોંચાડવું છે જે અમે કર્યું અને હિદાયત કેવળ અલ્લાહના હાથમાં છે. અલ્લાહ સૌને નેક હિદાયત આપે. (આમીન)

Web.:www.barkatekhwaja.net



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ માઈદાની તફસીર

આ સૂરહમાં ૧૨૦ આયતો અને ૧૨૪૬૪ અક્ષરો છે.

وَ اتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ شَدِیْدُ الْعِقَابِ ۝۲ حُرِّمَتْ عَلَیْكُمُ الْمَیْتَةُ وَ الدَّمُ وَ لَحْمُ الْخِنْزِیْرِ وَ مَاۤ اُهِلَّ لِغَیْرِ اللّٰهِ بِهٖ وَ الْمُنْخَنِقَةُ وَ الْمَوْقُوْذَةُ وَ الْمُتَرَدِّیَةُ وَ النَّطِیْحَةُ وَ مَاۤ اَكَلَ السَّبُعُ اِلَّا مَا ذَكَّیْتُمْ ۫ وَ مَا ذُبِحَ عَلَى النُّصُبِ وَ اَنْ تَسْتَقْسِمُوْا بِالْاَزْلَامِ ؕ ذٰلِكُمْ فِسْقٌ ؕ اَلْیَوْمَ یَىٕسَ الَّذِیْنَ كَفَرُوْا مِنْ دِیْنِكُمْ فَلَا تَخْشَوْهُمْ وَ اخْشَوْنِ ؕ اَلْیَوْمَ اَكْمَلْتُ لَكُمْ دِیْنَكُمْ وَ اَتْمَمْتُ عَلَیْكُمْ نِعْمَتِیْ وَ رَضِیْتُ لَكُمُ الْاِسْلَامَ دِیْنًا ؕ فَمَنِ اضْطُرَّ فِیْ مَخْمَصَةٍ غَیْرَ مُتَجَانِفٍ لِّاِثْمٍ ۙ فَاِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِیْمٌ ۝۳

અને અલ્લાહથી ડરતા રહો. બેશક ! અલ્લાહનો અઝાબ સખ્ત છે (૨) તમારા પર હરામ છે[૭૭] મુરદાર અને લોહી, અને સુવ્વરનું માંસ. અને તે જેના ઝબહમાં ગૈરખુદાનું નામ પોકાર્યું હોય, અને તે જે ગળુ દબાવવાથી મરે, અને ધાર વગરની વસ્તુથી મારેલું, અને જે પછડાઈને મર્યું, અને જેને કોઈ જાનવરે શિંગડું માર્યું, અને જેને કોઈ પ્રાણી ખાઈ ગયું, પણ (આમાંથી) જેને તમે ઝબહ કરી લો. (તે હલાલ છે.) અને જે કોઈ સ્થાનક પર કપાયું (તે હરામ છે.) અને પાસા ફેંકીને વહેંચણી કરવી એ ગુનાહનું કામ છે. આજ તમારા ધર્મ તરફથી કાફિરોની આશા તૂટી ગઈ[૭૮] તો તેમનાથી ન ડરો. અને મારાથી ડરો. આજે મેં તમારા માટે તમારો ધર્મ સંપૂર્ણ કરી દીધો[૭૯] અને તમારા પર મારી નેઅમત પૂરી કરી દીધી.[૮૦] ને તમારા માટે ઈસ્લામને ધર્મ (તરીકે) પસંદ કર્યો[૮૧] અને જે ભૂખ તરસની સખ્તીમાં લાચાર હોય એવી રીતે કે ગુનાહ તરફ ન નમે,[૮૨] તો બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૩)

### :: સમજૂતી ::

૭૭ : આયત اِلَّا مَا یُتْلٰى عَلَیْكُمْ (આ સૂરતની શરૂઆતમાં)માં જેનો હુકમ બાકી રાખ્યો હતો, તેનું અહીં બયાન થાય છે, અને ૧૧ વસ્તુઓના હરામ હોવાનો હુકમ થયો છે :–

૦૧. **મુરદાર** : એટલે કે શરીઅતમાં જે જાનવર માટે ઝબહનો હુકમ હોય, અને તે ઝબહ વગર મરી જાય તે.

૦૨. **વહેતુ લોહી** : (અર્થાત જે વહી શકતું હોય)

૦૩. સુવ્વરનું માંસ અને તેના તમામ ભાગો.

૦૪. તે જાનવર જેને ઝબહ કરતી વખતે અલ્લાહ સિવાય બીજા કોઈનું નામ લીધું હોય, જેમ કે

અજ્ઞાનયુગના લોકો મૂર્તિઓના નામે ઝબહ કરતા હતા. અને જે જાનવરને ઝબહ તો અલ્લાહના નામ પર કર્યું હોય પણ બીજા વખતોમાં તે ગૈરખુદા તરફ સંબંધિત રહ્યું હોય તે હરામ નથી, જેમ કે અબ્દુલ્લાહની ગાય, અકીકાનો બકરો, વલીમાનું જાનવર, અથવા તે જાનવરો જેનાથી અવલિયાની અરવાહને સવાબ પહોંચાડવાનો ધ્યેય હોય, તેને ઝબહના સમય સિવાય અવલિયાના નામ સાથે જોડવામાં આવે, પણ તે ઝબહ માત્ર અલ્લાહના નામ પર જ કરાય, ત્યારે કોઈ અન્યનું નામ ન લેવાય તો હલાલ અને તૈયિબ છે. આ આયતમાં ફક્ત તેને જ હરામ કહેવાયું છે જેના ઝબહ વખતે કોઈ બીજાનું નામ લેવાયું હોય. વહાબીઓ જેઓ ઝબહની શરત નથી રાખતા. તેઓ આયતના અર્થમાં ભૂલ કરે છે અને તેમનું કથન તમામ વિશ્વનીય તફસીરોની વિરુધ્ધ છે. અને આયત પોતે જ તેમના અર્થને યોગ્ય ઠરવા દેતી નથી. કારણ કે (આયતમાંના) مَآ اُهِلَّ بِهٖ (અને તે જાનવર જેના ઝબહમાં ખુદા સિવાય બીજાનું નામ લેવાયું હોય) શબ્દને ઝબહના સમય સાથે જોડવામાં ન આવે તો اِلَّا مَا ذَكَّيْتُمْ (પણ તે જાનવર જેને તમે ઝબહ કરો)નો અપવાદ તેને લાગુ પડશે. અને તે જાનવર જે ઝબહના સમય સિવાય બીજા સમયમાં ગૈર ખુદાના નામ સાથે સંબંધિત રહ્યું હોય, તે اِلَّا مَا ذَكَّيْتُمْથી હલાલ થશે, મતલબ કે વહાબીને આ આયત દ્વારા દલીલ કરવાનો માર્ગ નથી.

**૦૫.** ગળું દબાવી મારી નંખાએલ જાનવર.

**૦૬.** તે જાનવર જે લાકડી, પથ્થર, ઈંટ, ગોળી, વગેરે ધાર વગરની વસ્તુથી મારી નખાયું હોય.

**૦૭.** જે પડી જઈને મરી ગયું હોય, પહાડ પરથી હોય કે કૂવામાં હોય.

**૦૮.** તે જાનવર જેને બીજા જાનવરે શિંગડું મારીને મારી નાખ્યું હોય, પરંતું જો આ જનાવરો મરી ગયા ન હોય અને એવું બન્યા પછી પણ જીવતાં હોય, અને પછી તમે એને કાયદેસર ઝબહ કરી લો, તો હલાલ છે.

**૦૯.** તે જેને કોઈ જંગલી જાનવરે થોડું ખાધુ હોય, અને તે એના ઝખમના દુઃખથી મરી ગયું હોય. જો જીવતુ હોય અને ઝબહ કરી લેવાય તો હલાલ છે.

**૧૦.** તે જે કોઈ (દેવ દેવી વગેરેના) સ્થાન પર ઈબાદત (પૂજા)ના ઈરાદે ઝબહ કર્યું હોય. જેમ કે અજ્ઞાનયુગના લોકોએ કા'બા શરીફની ચારે બાજુ ૩૬૦ પથ્થરો ઉભા કર્યા હતા, જેમની તેઓ પૂજા કરતા હતા, અને તેમના માટે (જાનવરો) ઝબેહ કરતા હતા. અને એમનાથી તેમની તાઝીમ (ખુદા જેવી) અને તકર્રુબ (ઈબાદત દ્વારા નઝદીકી ઈચ્છવી)ની નિય્યત કરતા હતા.

**૧૧.** હિસ્સો અને હુકમ માલૂમ કરવા માટે પાસા નાખવા. અજ્ઞાનયુગના લોકો જ્યારે સફર અથવા લડાઈ, અથવા વેપાર, નિકાહ વગેરે કામો કરવાના આવતાં ત્યારે તેઓ ત્રણ તીરોથી પાસા નાખતા હતા. અને જે નીકળતું તેના મુજબ કામ કરતા હતા અને એને અલ્લાહનો આદેશ ગણતા હતા. એ તમામની મનાઈ કરવામાં આવી.

**૭૮ :** આ આયત હજજતુલ વિદાઅમાં અરફાના દિવસે જે જુમ્માનો દિવસ હતો, અસરની નમાઝ પછી ઉતરી. અર્થ એ છે કે કાફિરો ધર્મ પર ચઢી બેસવાથી નિરાશ થઈ ગયા.

Web: www.barkatekhwaja.net

**૭૯ :** અને લાગુ થતા કાયદાઓમાં જે હલાલ હરામના આદેશો છે. તે એને કયાસ (કરવા)ના નિયમો બધા સંપૂર્ણ કરી દીધા. એટલા માટે જ આ આયત ઉતર્યા પછી હલાલ હરામનું વર્ણન કરતી બીજી કોઈ આયત ઉતરી નથી. જો કે وَاتَّقُوْا يَوْمًا تُرْجَعُوْنَ فِيْهِ اِلَى اللّٰهِવાળી આયત ઉતરી. પણ એ નસીહત અને શિખામણની આયત છે.

અમુક તફસીરકારોનુ કહેવું છે કે દીન સંપૂર્ણ કરવાનો અર્થ ઈસ્લામને ચઢિયાતો કરવાનો છે. જેની એ અસર છે કે, હજ્જતુલ વિદાઅમાં જ્યારે કે આ આયત ઉતરી ત્યારે કોઈ મુશ્રિક મુસલમાનો સાથે હજમાં ભાગ લઈ શક્યો નહીં.

એક કથન એવો અર્થ સૂચવે છે કે, 'મેં તમને શત્રુઓથી શરણાગતિ આપી.' એક મંતવ્ય એવું છે કે દીનના સંપૂર્ણ હોવાનો અર્થ એ છે કે એ પાછલી શરીઅતોની જેમ મન્સૂખ નહીં થાય, અને કયામત સુધી બાકી રહેશે.

**શાને નુઝૂલ :** બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ પાસે એક યહૂદી આવ્યો અને કહેવા લાગ્યો કે, 'હે મુઅમિનોના સરદાર !' તમારી કિતાબમાં એક આયત છે જો તે અમો યહૂદીઓ પર ઉતરી હોત તો અમે તે ઉતરવાના દિવસને ઈદ તરીક ઉજવતે.' પૂછયું, 'કઈ આયત ?' તેણે આ જ اَلْيَوْمَ اَكْمَلْتُ لَكُمْ વાળી આયત પઢી, તેમણે કહ્યું, ''હું તે દિવસને જાણું છું જેમાં એ ઉતરી હતી, અને તેના ઉતરવાના સ્થળને પણ ઓળખું છું. તે સ્થળ અરફાતનું હતું, અને દિવસ જુમ્આનો.'' હેતુ એ હતો કે અમારા માટે તે દિવસ ઈદનો જ દિવસ છે.

તિર્મિઝી શરીફમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે અમને પણ એક યહૂદીએ એવું જ કહ્યું હતું, ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે, જે દિવસે એ ઉતરી હતી તે દિવસે બે ઈદો હતી, જુમ્આ અને અરફો.

**મસ્અલો :** આનાથી જણાયું કે કોઈ ધાર્મિક સફળતાના દિવસે ખુશીનો દિવસ મનાવવો જાઈઝ અને સહાબાથી પુરવાર છે. નહીં તો હઝરત ઉમર અને ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین સ્પષ્ટપણે કહી આપત કે જે દિવસે ખુશીનો બનાવ બને, તેની યાદગાર મનાવવી અને તે દિવસને ઈદ તરીકે ઉજવવો અમે બિદઅત સમજીએ છીએ. આનાથી પુરવાર થયું કે ''ઈદે મીલાદ'' ઉજવવી જાઈઝ છે, કારણ કે તે અલ્લાહની મહાન કૃપાઓની યાદગાર અને શુક્રગુજારી છે.

**૮૦ :** મક્કા મુકર્રમા પર વિજય આપીને.

**૮૧ :** કે એના સિવાય બીજો કોઈ ધર્મ સ્વીકાર્ય નથી.

**૮૨ :** મતલબ એ છે કે ઉપર હરામ વસ્તુઓનું વર્ણન કરી આપ્યું છે. પરંતુ જ્યારે ખાવા પીવા માટે કોઈ હલાલ વસ્તુ પ્રાપ્ત થઈ શકે જ નહીં, અને ભૂખ તરસની સખ્તીથી જીવ પર આવી પડે, તેવા સમયે જીવ બચાવવા ખાતર જરૂર જેટલી ખાવા પીવાની છૂટ છે, એ શરતે કે ગુનાહ તરફ ન નમે, એટલે કે જરૂરથી વધારે ન ખાય, અને જેટલું ખાવા પીવાથી જીવનો ભય મટી જાય તેટલું જ ખાવું પીવું જરૂર જેટલું ગણાશે. ● ● ●

*(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧


Web.: www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

## બાબુ સિફતિસ્સલાત[૧] (નમાઝ પઢવાના તરીક઼ા વિશે બયાન)

**૧.** આ પ્રકરણમાં નમાઝના ફર્ઝો, વાજિબો, સુન્નતો તથા મુસ્તહબનું વર્ણન થશે. એટલે શરૂથી અંત સુધી નમાઝની સર્વ સ્થિતિનું વર્ણન.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સ મસ્જિદમાં આવ્યો[૧]. જો કે હુઝૂર ﷺ મસ્જિદના એક ખૂણામાં જલ્વાગર હતા. તેણે નમાઝ પઢી[૨]. પછી આવ્યો, હુઝૂર ﷺને સલામ કરી. તેને નબી કરીમ ﷺએ ફર્માવ્યું, વઅલૈકસ્સલામ ! પરત થાવ, નમાઝ પઢો, તમે નમાઝ નથી પઢી[૩]. તે પરત થઈ ગયો, નમાઝ પઢી પછી આવ્યો, સલામ કરી. આપે ફર્માવ્યું, વઅલૈકસ્સલામ ! પરત થઈ જાવ, નમાઝ પઢો, તમે નમાઝ પઢી. તેણે ત્રીજીવાર અથવા ત્યાર બાદ પણ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને શીખવાડી દો ![૪] ફર્માવ્યું, જ્યારે તમે નમાઝની તરફ ઉઠો તો વુઝૂ કરો, પછી કાબા તરફ મોં કરો, પછી તકબીર કહો પછી જેટલા પ્રમાણમાં કુર્આન આસાન હોય પઢી લો[૫]. પછી રુકૂઅ કરો, ત્યાં સુધી કે રુકૂઅમાં મુત્મઈન (સંતુષ્ઠ) થઈ જાવ, પછી ઉઠો ત્યાં સુધી કે સીધા ઉભા થઈ જાવ. પછી સિજદો કરો ત્યાં સુધી કે સજદામાં મુત્મઈન થઈ જાવ. પછી ઉઠો ત્યાં સુધી કે સીધા બેસી જાવ. ફરી સિજદો કરો ત્યાં સુધી કે સજદામાં મુત્મઈન થઈ જાવ. પછી ઉઠો ત્યાં સુધી કે ઈત્મિાનનથી બેસી જાવ. અને એક રિવાયતમાં છે, પછી ઉઠો ત્યાં સુધી કે સીધા ઉભા થઈ જાવ. પછી પોતાની બધી નમાઝમાં આ પ્રમાણે કરો[૭]."*

**૧.** એ આવનાર સાહબ ખલ્લાદ ઈબ્ને રાફેઅ અન્સારી છે જેઓ જંગે બદરમાં શહીદ થયા. આ બનાવ હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ પોતાની આંખો વડે નથી જોયો, બલ્કે કોઈ સહાબીથી સાંભળીને વર્ણન કરી રહ્યા છે. કેમ કે હઝરત ખલ્લાદ બદરમાં હિ.સ. ૨માં શહીદ થઈ ગયા અને હઝરત અબૂ હુરૈરહ્ હિ.સ. ૭માં ઈસ્લામ લાવ્યા. પણ કેમ કે સર્વ સહાબીઓ આદિલ છે એટલા માટે જોનારાનું નામ વર્ણન ન હોવું નુકસાનકર્તા નથી.

**૨.** લગભગ એ નમાઝ નફ્લ તહિય્યતુલ મસ્જિદ હતી. જે જલ્દી જલ્દી તઅદીલે અરકાન વગર અદા કરી લેવામાં આવી હતી અથવા એમાં કોઈ અન્ય નુકસાન રહી ગયું હતું.

**૩.** આ લખાણથી અમુક મસાઈલ જાણવા મળ્યા : એક એ કે મસ્જિદે નબવીમાં આવનાર નમાઝીઓને સામાન્યપણે સલામ અલગ કરે અને હુઝૂર ﷺને અલગથી કરે. હજી પણ ઝાઈરીન હાજરી શરીફના સમયે બે રકાત પઢીને મવાજહે અક઼દસમાં હાજરી આપીને સલામ અર્ઝ કરે છે. અલ્લાહ આપણને સૌને નસીબ કરે. બીજુ એ કે સલામુન અલૈકુમ પણ કહી શકે છે અલૈક પણ કહી શકે છે. ત્રીજુ એ કે વાજિબ રહી જવાથી નમાઝ દોહરાવી લેવી વાજિબ છે.

Web. : www.barkatekhwaja.net

યાદ રાખશો કે ભૂલથી વાજિબ છૂટી જવા પર સહ્વનો સજદો વાજિબ છે એને જાણી જોઈને છોડવાથી નમાઝ દોહરાવવી વાજિબ છે. ચોથુ એ કે નમાઝમાં તઅદીલે અરકાન એટલે ઈત્મિનાનથી અદા કરવી વાજિબ છે. કેમ કે એ બુઝુર્ગ જલ્દીથી અદા કરીને આવી ગયા હતા એટલા માટે નમાઝ ફરીવાર પઢાવવામાં આવી.

**૪.** એટલે કે દરેક વખતે એ નમાઝ પઢીને આવતા, સલામ અર્ઝ કરતા અને પરત કરી દેવામાં આવતા. યાદ રાખશો કે હુઝૂરે પાક ﷺએ પ્રથમવાર જ એમને નમાઝનો તરીક઼ો ન શીખવાડયો બલ્કે કેટલીયેવાર પઢાવીને પછી બતાવ્યું કે જેથી આ બનાવ તેમને યાદ રહે અને મસ્અલો સારી પેઠે યાદ રહી જાય, કે જે ચીજ મહેનત તથા ઈન્તેઝાર પછી મળે છે તે દિલમાં બેસી જાય છે. જેમ કે **એક સહાબી સલામ કર્યા વિના હાજર થઈ ગયા, તો ફર્માવ્યું કે પાછા જાવ અને સલામ કરીને આવો.** જેથી આમાં ઉલમાને તબ્લીગના તરીક઼ાની તા'લીમ પણ છે.

**૫.** એટલે કે જે સૂરત તથા આયત તમને યાદ હોય તે પઢો. આ હદીષનું સમર્થન આ આયતથી થાય છે : فَاقْرَءُوْا مَا تَيَسَّرَ مِنَ الْقُرْاٰنِ "અને કુર્આનમાંથી જેટલુ તમારા માટે આસાન હોય એટલુ પઢો." *(૭૩/૨૦, કન્ઝુલ ઈમાન)* આ આયત અને આ હદીષથી જાણવા મળ્યું કે નમાઝમાં સૂરએ ફાતિહા પઢવું ફર્ઝ નથી, બલ્કે મુત્લક઼ન તિલાવત ફર્ઝ છે. કેમ કે હુઝૂર ﷺએ વુઝૂ, ક઼િબ્લા તરફ મોં, તથા તકબીર વગેરે ફર્ઝોના બારામાં મુત્લક઼ (કોઈ શર્ત વિના) ક઼િરાઅતનો ઉલ્લેખ કર્યો ન કે સૂરએ ફાતિહા પઢવાનો. જે હદીષોમાં આવે છે કે સૂરએ ફાતિહા વિના નમાઝ નથી થતી. ત્યાં મુરાદ છે કે નમાઝ કામિલ નથી થતી, જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની ખૂબ જ મજબૂત દલીલ છે. યાદ રાખશો કે મોટી આયત કે ત્રણ નાની આયતોથી ઓછુ પઢવાને કુર્આનની ક઼િરાઅત અને કુર્આનની તિલાવત નથી કહેવામાં આવતુ. જેથી એના પર એ એતરાઝ નથી કે કુર્આનનો એક શબ્દ પણ પઢવો નમાઝના માટે પૂરતો હોવો જોઈએ, જ્યારે કે તમો એને માનનારા નથી.

**૬.** એનું નામ છે કે તઅદીલે અરકાન. એટલે કે નમાઝના અરકાનને ઈત્મિનાનથી અદા કરવા કે દરેક રુકનમાં ત્રણ તસ્બીહ જેટલીવાર થોભવું. આ તઅદીલ ઈમામે શાફઈ رضی اللہ عنہ તથા ઈમામ યૂસુફ رضی اللہ عنہને ત્યાં ફર્ઝ છે. એમની દલીલ એ હદીષ છે કે નબી ﷺએ તઅદીલ ન હોવા પર ફર્માવ્યું : لَمْ تُصَلِّ "તમે નમાઝ પઢી જ નથી." જેના વિના નમાઝ તદ્દન ન થાય તે ફર્ઝ હોય છે, ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક તઅદીલે અરકાન ફર્ઝ નથી બલ્કે વાજિબ છે કે જેના રહી જવાથી નમાઝ અધૂરી તથા દોહરાવવી વાજિબ થાય છે, પણ ફર્ઝ અદા થઈ જાય છે. ઈમામ સાહબ ફર્માવે છે કે لَمْ تُصَلِّમાં નમાઝના કમાલનો નકાર આવે છે, એટલે કે તમે કામિલ નમાઝ નથી પઢી. કેમ કે અબૂ દાઊદ તથા તિર્મિઝી તથા નિસાઈમાં આ જ હદીષના છેવટમાં એ પણ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જો તમે આ કામોને પૂરાં કરશો તો તમારી નમાઝ પૂરી થશે, અને જો એમાંથી કાંઈ કમ કરશો તો તમારી નમાઝ અપૂર્ણ થશે. જાણવા મળ્યું કે તઅદીલના વિના નમાઝ અધૂરી થશે, બાતિલ નહીં થાય. જેથી એ વાજિબ છે ફર્ઝ નથી. તેમજ તઅદીલ ફર્ઝ હોત તો હુઝૂરે પાક ﷺ તેમને પહેલેથી બતાવી દેત, તેમને ફર્ઝ અદા કર્યા વિના વારંવાર નમાઝ અદા કરવાની ઈજાઝત ન આપત. કેમ કે એના વગર એ નમાઝો બિલ્કુલ બેકાર હતી અને નિરર્થક કાર્ય હતું અને વાજિબના વગરની નમાઝોમાં કાંઈક સવાબ મળી ગયો. એ નમાઝોમાં કાંઈક સવાબ મળી ગયો.

**૭.** આ પરથી જાણવા મળ્યું કે દરેક રકાતમાં તિલાવતે કુર્આન ફર્ઝ છે પણ એ હુકમ ફર્ઝ નમાઝના સિવાયનામાં છે. ફર્ઝની પહેલી બે રકાતોમાં તિલાવત ફર્ઝ, બાકીમાં નફ્લ. કેમ કે એ બુઝુર્ગે તહિય્યતુલ મસ્જિદ નફ્લ અદા કર્યા હતા જેથી તેમને એ હુકમ આપવામાં આવ્યો.

Web.: www.barkatekhwaja.net

*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺ નમાઝ તકબીરથી અને ક઼િરાઅત اَلْحَمْدُ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ થી શરૂ કરતા હતા[૧]. અને જ્યારે રુકૂઅ કરતા તો પોતાનું માથુ ન ઊંચું રાખતા ન નીચુ, પણ એની દરમિયાન રાખતા[૨]. અને જ્યારે રુકૂઅથી માથુ ઉઠાવતા તો સિજદો ન કરતા ત્યાં સુધી કે સીધા ઉભા ન થઈ જતા. અને જ્યારે સજદાથી માથુ ઉઠાવતા તો બીજો સજદો ન કરતા ત્યાં સુધી કે સીધા બેસી જતા. અને દરેક બે રકાતોમાં અત્તહિય્યાત પઢતા હતા[૩]. અને પોતાનો ડાબો પગ બિછાવતા હતા અને જમણો પગ ઉભો કરતા હતા[૪]. અને શૈતાનની બેઠકથી મના કરતા હતા[૫]. અને એનાથી મના કરતા હતા કે કોઈ શખ્સ પોતાની કોણીઓ ફાડી ખાનાર જાનવર જેમ બિછાવી દે[૬]. અને પોતાની નમાઝ સલામથી ખત્મ કરતા હતા.'' (મુસ્લિમ)*

**૧.** એટલે ઈમામતની હાલતમાં કુર્આનની તિલાવત મોટા અવાજથી શરૂ કરતા હતા. એટલે بِسْمِ اللّٰہِ મોટા અવાજથી પઢતા ન હતા. જાણવા મળ્યું કે બિસ્મિલ્લાહ દરેક સૂરતનો ભાગ નથી, ન એને ઈમામ મોટેથી પઢે. એનું સમર્થન આ બનાવથી થાય છે કે જે મુસ્લિમ, બુખારી વગેરે તમામ હદીષની કિતાબોમાં મૌજૂદ છે કે હુઝૂર ﷺ પર આ વહી આવી : اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِیْ خَلَقَ ''પઢો તમારા રબના નામથી જેણે પેદા કર્યા.'' (૯૬/૧, કન્ઝુલ ઈમાન) એના પહેલા બિસ્મિલ્લાહ નથી આવી. જેથી આ હદીષ ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે. તેમજ એનો એ મતલબ નથી કે આપ બિસ્મિલ્લાહ પઢતા જ ન હતા, પઢતા હતા પણ આહિસ્તાથી. અહીં મોટા અવાજે પઢવાનો નકાર છે. જેથી આ હદીષ તે હદીષોની વિરુદ્ધ નથી જેમનામાં બિસ્મિલ્લાહ પઢવાનું વર્ણન છે, કેમ કે તે આહિસ્તાથી પઢવું મુરાદ છે. યાદ રાખશો કે શરીઅતની ઈસ્તેલાહ (બોલી)માં નમાઝની ચર્ચામાં જ્યાં ક્યાંક ક઼િરાઅત બોલવામાં આવશે ત્યાં કુર્આન મજીદની તિલાવત મુરાદ હોય છે ન કે મુત્લક઼ન પઢવું. એટલા માટે કહેવામાં આવે છે કે નમાઝમાં ક઼યામ, ક઼િરાઅત, રુકૂઅ, સજદા ફર્ઝ છે. જેથી આ હદીષથી એ સાબિત નથી થતુ કે હુઝૂર ﷺ سُبْحَانَكَ اللّٰھُمَّ પઢતા ન હતા. જેથી આ હદીષ سُبْحَانَكَ اللّٰھُمَّ પઢવાની હદીષોની વિરુદ્ધ નથી.

**૨.** એટલે કે પીઠ શરીફના બરાબર. એ જ સુન્નત છે. એના વિરુદ્ધ એ સુન્નતની વિરુદ્ધ છે.

**૩.** સિવાય મગરિબના ફર્ઝ તથા વિત્રોના કે એમનામાં પ્રથમ અત્તહિય્યાત બે રકાતો બાદ હોય છે અને બીજી એક રકાત પછી. યાદ રાખશો કે આ બંનેવ અત્તહિય્યાત વાજિબ છે પણ પહેલીમાં બેસવું વાજિબ અને બીજીમાં ફર્ઝ છે.

**૪.** એટલે કે હુઝૂર બંનેવ ક઼ાઈદાઓમાં પોતાનો ડાબો પગ બિછાવીને તેના પર બેસતા હતા અને જમણો પગ ઉભો રાખતા હતા. આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે કે દરેક અત્તહિય્યાતમાં આ જ પ્રમાણે બેસે. જે હદીષોમાં આવ્યું છે કે હુઝૂર અંતિમ અત્તહિય્યાતમાં ડાબો પગ શરીફ જમણી બાજુ કાઢી નાખતા અને જમીન પર બેસતા, ત્યાં વૃદ્ધાવસ્થા અથવા બીમારીની સ્થિતિમાં છે જ્યારે વધુ વાર સુધી ડાબા પગ પર બેસી શકતા ન હતા. જેથી આ હદીષ એની વિરુદ્ધ નથી. હનફી લોકો આ બંનેવ હદીષો પર આમિલ છે, પણ તેમના વિરોધીઓ આ હદીષને છોડી આપે છે.

**૫.** એની સ્થિતિ એ છે કે બંને સીટ (ઢગડાં) જમીન પર રાખે અને પિંડલીઓ ઉભી રાખે, બંનેવ હાથ જમીન પર બિછાવી દે. કૂતરા જેવી બેઠક એ મના છે. કેમ કે કૂતરો ગંદો છે એટલા માટે એની બેઠકને શૈતાની બેઠક દર્શાવ્યું.

**૬.** એ રીતે કે એક બાજુ બંને પગો બિછાવી દે સામે કોણીઓ, કે આ બેઠક પણ મના છે. *(ક્રમશઃ)*

Web: www.barkatekhwaja.net

# અસ્રારુલ અવલિયા

## હશ્ત બહિશ્ત

### મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અમ્બિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક :** હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### આશિકનું દિલ અન્વારે ઈલાહીનું ઘર છે

હઝરત શયખુલ ઈસ્લામે ફર્માવ્યું, અલ્લાહના આશિક઼ોનું દિલ એવો ચિરાગ છે જેને નૂરો (અન્વાર)ની ફાનસમાં રાખવામાં આવેલ છે. અને એની રોશનીથી સર્વ આલમે મલકૂત જગમગે છે. પછી એમને અંધારાઓથી શો ડર ? પોતાની જાતને ભૂલી જવી યાદે હક્કની દલીલ છે. જેને યાદે હક્ક઼ની નેઅમત મયસ્સર થઈ ગઈ તેનું દિલ કદી નથી મરતુ. મેં કિતાબે ઈશ્ક઼માં લખેલું જોયું કે ભૂખ એવું વાદળ છે જેનાથી રહ્મતની વર્ષા વરસે છે, જેનાથી રહ્મતની વર્ષા વરસે છે.

એકવાર બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہથી પૂછવામાં આવ્યું કે મહ્બ્બતે હક્ક઼ કઈ ચીજનું નામ છે. આપે ફર્માવ્યું, મહ્બ્બતે હક્ક઼ એ છે કે દુનિયા તથા આખેરત અને જે કાંઈ એમાં છે, સૌની મહ્બ્બત દિલથી નીકળી જાય અને કેવળ મહ્બૂબે હક઼ીક઼ીનો જ ઈશ્ક઼ બાકી રહી જાય.

હે દુરવેશ ! મુલ્કે ઈશ્ક઼ની ફર્માંરવા મહ્બ્બતે ઈલાહી છે. (ઈશ્ક઼ના દેશની બાદશાહ અલ્લાહની મહ્બ્બત છે) એ મુલ્કમાં ફરિશ્તાઓએ એક તખ્ત બિછાવેલો છે જેના પર એ મહ્બ્બતે ઈલાહી જલ્વા ફર્માં છે, એ હાલમાં કે તેના એક હાથમાં વિરહની તલ્વાર છે અને બીજા હાથમાં હમેશાંના મિલનના ફૂલની એક ડાળી છે. એક જ શ્વાસમાં હજારો આશિક઼ોના સર નાઝવાળી તલ્વારના ભેટ ચઢે છે. તો જે દરવેશ શખ્સ ખુદાનો આશિક઼ છે તેનુ માથુ હજારવાર શરીરથી અલગ કરવામાં આવે તો પણ ફરીથી તેના માથા તથા શરીરનો સંબંધ યથાવત થઈ જાય છે. હજારવાર તેને શહીદે નાઝ બનાવવામાં આવે તો તે અફસોસ નથી કરતો બલ્કે તેને રાહત નસીબ થાય છે. શયખુલ ઈસ્લામે આ રૂબાઈ ઈર્શાદ ફર્માવી :–

دریادِ تو ہرروز چناں مد ہوشم۔صد تیغ اگر زنندزان نخروشم
آہے کہ زیادتو زنم وقت سحر۔گر ہر دو جہاں دہندآں نفروشم

''તારી યાદમાં દરરોજ એટલો બેખુદ રહું છું કે જો સેંકડો તલ્વારોથી મને ઝખ્મી કરવામાં આવે તો અવાજ ન કાઢીશ. સવારના સમયે તારી યાદમાં જે આહ ભરું છું તે બંને જહાનના બદલામાં ન આપીશ.''

એક આશિક઼ જાન આપતી વખતે ધીમે ધીમે કાંઈક કહી રહ્યો હતો. અઝીઝોએ નજીક જઈને સાંભળ્યું તો મહબૂબની બારગાહમાં અર્ઝ કરી રહ્યા હતા, હે અલ્લાહ ! હું જ્યાં સુધી જીવંત રહ્યો તારા નામની યાદથી જીવંત રહ્યો. હવે મરી રહ્યો છું તો તારા

Web.: www.barkatekhvaja.net

નામની યાદને સીનાથી લગાડેલ છું, અને જ્યારે ક઼યામતના દિવસે ઉઠીશ તો તારા નામનો વિર્દ કરતાં કરતાં ઉઠીશ. આવું ફર્માવ્યું અને ઉંચા અવાજે "અલ્લાહ !" શબ્દ ઝબાનથી નીકળ્યો અને વિસાલ થઈ ગયો. શયખુલ ઈસ્લામે જ્યારે આવું ફર્માવ્યું તો તેમની મુબારક આંખોમાં આંસુ આવી ગયાં. ફર્માવ્યું, આશિક઼ોનો વિસાલ આવી રીતે થાય છે. પછી શેઅરો ઈર્શાદ ફર્માવ્યા :

آیم بسر کوئے تو پویاں پویاں۔ تاجاں بدہم نام تو گویاں گویا

رخسارہ آبِ دیدہ شویاں شویاں۔ ہنجار وصالِ یار جو یاں جو یاں

"હું તારી ગલીમાં દોડતો દોડતો આવ્યો છું કે જેથી તારા નામની તક઼રાર (રટણ) કરતાં કરતાં જાન આપી દઉં. આંખોના પાણી (આંસુઓ)થી ગાલો ધોતાં ધોતાં મહબૂબના વિસાલના રસ્તા શોધી રહ્યો છું."

ફર્માવ્યું, દિલ્હીમાં એક ઘણા જ બુઝુર્ગ સાહિબે નેઅમત તથા ઈશ્ક઼ના ઝખ્મ પામેલ દુરવેશ સાથે મારી મુલાકાત હૌઝે શમ્સી પર એક સમઅની મજલિસમાં થઈ. આ બે શેઅરો મેં એમનાથી સાંભળ્યા અને એટલા પ્રમાણમાં મહઝૂઝ (ખુશ) થયો કે આજ સુધી એવી લિજ્જત નથી પામ્યો. તે બે શેઅર આ છે :

عشق تو بہم جان مرا رسوا کرد۔ واندر طلب جمال تو شیدا کرد

در وے کہ زعشق تو بدل پنہاں بود۔ آن جملہ زشوق تو رخم پیدا کرد

"હે મહબૂબ ! તારા ઈશ્ક઼ે મારી જાનને રુસ્વા (બેઈજ્જત) કરી દીધી. તારા હુસ્નની તલબમાં એને દીવાની કરી દીધી. તે દર્દ જે તારા ઈશ્ક઼ના કારણે દિલમાં છુપાયેલું હતું તે તારા દીદારની આતુરતાથી હવે મારા ચહેરાની શોભા બની ગયું."

## આશિક઼ની જિંદગી મહબૂબને વક઼્ફ હોય છે

ફર્માવ્યું, મેં ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہથી સાંભળ્યું, જ્યારે હું બગદાદથી પરત આવ્યો અને બુખારા પહોંચ્યો તો ઈશ્ક઼ે ઈલાહીમાં દીવાનગીની નેઅમતવાળા એક બુઝુર્ગ સાથે મુલાકાત થઈ. મેં તેમને સલામ અર્ઝ કરી તો એ હાલતમાં પામ્યા કે તે અવર્ણનીય છે. યાદે હક઼્ક઼માં એવા ડૂબેલા કે પોતાના શરીર તથા જાનથી પણ બેખબર હતા. હું કેટલાય દિવસો સુધી એમની ખિદમતમાં હાજર રહ્યો. દરેક વખત જ્યારે સિજદો કરતા તો રડી પડતા અને આ રૂબાઈ ખૂબ રૂદન તથા આજીજી સાથે જીભ પર જારી થતી, ત્યાં સુધી કે બેહોશ થઈ જતા. જ્યારે હોશમાં આવતા તો ફર્માવતા, હે અલ્લાહ ! એક સજદો પણ તારી શાને બેપાયાંના (અતિ મહાન શાનને) લાયક અદા ન કરી શક્યો ! રૂબાઈ આ છે :

درخوردنِ نعمت تو دنندانم سود۔ یک سجدہ چناں نشد کہ فرمانم بود

ہم بودی وہم باشی دہم خواہی بود۔ نے بودم و نے باشم و نے خواہم بود

"હે અલ્લાહ ! તારી નએમતો ખાતાં ખાતાં મારા દાંત ઘસાઈ ગયા પણ એક સજદો પણ તારા ફર્માનના પ્રમાણે અદા ન થઈ શક્યો. તું અઝલમાં પણ હતો, અત્યારે પણ છે અને અબ્દુલ આબાદ (હમેશાં હમેશ) સુધી રહીશ. હું તો ન કદી હતો, ન અત્યારે છું, ન ભાવિમાં હોઈશ."

હે દુરવેશ ! જિંદગી ખુદાની મઅરેફતનું નામ છે. આશિક઼ની રાહત સુલૂકની રાહમાં છે. દીદારના શોખની તડપ મહોબ્બતથી મળે છે અને ઝૌક઼નો નશો યારના ઝિક્રમાં છે. એકવાર હું શયખ શહાબુદ્દીન સુહરવર્દી قُدِّسَ سِرَّہُ الْعَزِیْز અને શયખ અવહદુદ્દીન કિર્માની رحمۃ اللہ علیہની સમક્ષ મૌજૂદ હતો. સુલૂકના વિષયમાં ચર્ચા ચાલી રહી હતી. શયખ શહાબુદ્દીન સુહરવર્દી ફર્માવવા લાગ્યા કે અસલી ઈલ્મ ઝાતે ખુદાવંદીનો ઈદરાક (ખુદા સુધી પહોંચ) છે અને મઅરેફત અને તદબીર છે. મહોબ્બત મુશાહિદાથી વધે છે અને મુશાહિદા માટે મુજાહિદા લાઝિમ છે.

Web.: www.barkatekhwaja.net

હઝરત અક્દસે (ફરીદુદ્દીને) ફર્માવ્યું, જે શખ્સે દુનિયાની લિજ્જતો અને ખ્વાહિશોથી પોતાના દિલને મુર્દા બનાવી લીધું તેને કઝા તથા કદરના કારકુનો લઅનત કફનમાં લપેટીને શર્મિંદગીની ભૂમિમાં દફનાવી દે છે. મહબ્બતે હક્કના મતવાલાઓ ઝાતના મુશાહિદાના સિવાય કોઈ અન્ય ચીજ પર રાજી નથી થતા. હક્કની હુઝૂરીની નેઅમત દુનિયાથી દૂરી અપનાવ્યા વિના હાંસલ નથી થતી. ખલ્વતનશીની (એકાંત અપાવવું) ઉઝલતનશીની (ગોશાનશીની) જ છે. આ સઆદત (સદ્ભાગ્ય) ત્યારે મયસ્સર થાય છે જ્યારે કે એ જ ખયાલમાં દોસ્તોને દુશ્મન અને બીવી બચ્ચાંને યતીમ ખયાલ કરવા લાગે. હઝરત આંખોમાં આંસુ આવી ગયાં અને આ રૂબાઈ ઝબાન મુબારક પર જારી થઈ :

گر عاشق دوستی بہ تنہاش طلب ۔ در خلوتِ عشق آئے و پیداش طلب

گ میخواہی حضورِ نعمت ہر روز ۔ آنجا کہ کسے بنا شد آنجاش طلب

"જો તું મહબૂબનો દીવાનો છે તો તેને એકલો તલાશ કર, ઈશ્કની ખલ્વતો (એકાંતો)માં આવી જા જાહેરી રીતે શોધ. જો મહબૂબની ઝિયારતથી દરરોજ લાભાવંત થવા ચાહે છે તો તેને ત્યાં તલાશ કર જ્યાં કોઈ અન્ય ન હોય."

ફર્માવ્યું, એકવાર સફર દરમિયાન એક મજઝૂબ બુઝુર્ગથી મુલાકાત થઈ ગઈ. ભેગા સફર કરી રહ્યા હતા કે એક રણમાંથી અમારે પસાર થવાનું થયું. પાણીની અછત હતી. મને તરસ લાગી પણ એ બુઝુર્ગના કારણે મેં તરસને પ્રદર્શિત ન કરી. તે બુઝુર્ગ રોશન ઝમીર હતા. ઉભા થઈ ગયા અને ફર્માવ્યું, મને ખબર છે કે તમે તરસ્યા છો ! મેં અર્ઝ કરી, હુઝૂર ! બરાબર છે. તરત જ પોતાના મુબારક પગને જમીન પર માર્યો તો પાણીનું ઝરણુ ફૂટી નીકળ્યું. ફર્માવ્યું, જેટલુ પાણી ચાહો પી લો ! મેં એ ઝરણાથી પાણી પી લીધું. એ ઝરણાના પાણીની લિજ્જત જિંદગીભર નથી ભૂલાવી શક્યો. આજ સુધી એ પાણીની લિજ્જત જેવી લિજ્જત મને નસીબ નથી થઈ. જ્યારે એ મંઝિલથી આગળ વધ્યા તો અમે સાંજની નમાઝ અદા કરી. તે બુઝુર્ગ પોતાના શુગલમાં (કામમાં) લાગી ગયા. અમુક સમય બાદ મારી તરફ ધ્યાનિત થયા અને કહ્યું, બેટા ! કયામતના દિવસે જ્યારે મહબ્બતવાળાઓ પોતાની કબ્રોએથી ઉઠશે તો પોતાના તંબૂ દોઝખના દરવાજા પર લગાડીને બેસી જશે. જેવી તેમની નજર દોઝખ પર પડશે તો દોઝખની આગ નીચી તથા ધીમી થઈ જશે. તેને એ મજાલ ન હશે કે માથુ ઉઠાવી શકે. જ્યારે દોઝખની આગ ધીમી થઈ જશે તો ખલ્કના માટે રાહતની દલીલ તથા અઝાબથી નજાતનો સબબ બનશે. અહલે મહબ્બતનું દોઝખની સામે તંબુ તાણવાનો મકસદ પણ એ જ હશે કે ખુદાની મખ્લૂક તેના અઝાબથી બચી જાય. (ક્રમશઃ)

## જંબુસરમાં શાદી પ્રસંગે જશ્ને ગૌષુલવરા

**જંબુસર** : મુકામે તા. ૨૦–૧૧–૨૦૨૧ શનિવારે ઈશા બાદ શેખ મુશ્તાકભાઈ ઉર્ફે મુન્નાભાઈના નેક ફરઝંદ મુહમ્મદ મુસ્તકીમની શાદીના મોકા પર હાફિઝો કારી મુહમ્મદ ઈસ્માઈલ સાહબે નઅતે પાક પેશ કરી હતી. નિઝામત મૌલાના અખ્તરહુસૈન અશરફી (દારુલ ઉલૂમ ફૈઝાને અવલિયા–જંબુસર)એ સરસ રીતે નિભાવી હતી. મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ ગૌષે પાક رضی اللہ عنہની શાનમાં શાનદાર બયાન કર્યું હતું. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી મૌલાના મુહમ્મદશાકિર નૂરીએ દુલ્હાના નિકાહ પઢાવ્યા હતા બાદમાં શાને ગૌષે પાકમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

# તઝકેરતુલ અવલિયા

## હઝરત બાયઝીદ બોસ્તામીના رحمۃ اللہ علیہ હાલાત તથા ખૂબીઓ

હપ્તો ૪૦

**ખુદ શનાસી (સ્વઓળખ) :** ફર્માવ્યું કે **પોતાને પોતાના મર્તબા પ્રમાણે જ જાહેર કરવો જોઈએ, અથવા જેટલા પ્રમાણમાં પોતાને જાહેર કરે છે તે મર્તબો હાંસલ કરવો જોઈએ.** ફર્માવ્યું કે આશિક઼ોના માટે શોખ એવી ચીજ છે જેમાં વિરહનો તખ્ત બિછાવેલો છે, વિરહ વેદનાની તલ્વાર રાખેલી છે, વસ્લ હિજ્રના (મિલન વિરહના) ખોળામાં છે અને વિરહ વેદનાની તલ્વારથી દરેક સમયે હજારો માથાં કાપવામાં આવી રહ્યાં છે, પરંતું સાત હજાર વરસો પસાર થઈ ગયા બાદ પણ વિસાલ (મિલન)ની શાખને (ડાળીને) કોઈ પણ સ્પર્શી નથી શક્યું.

**ભૂખ :** ફર્માવ્યું કે ભૂખ એક એવું વાદળ છે જેનાથી રહમતની વર્ષા થતી રહે છે. ફર્માવ્યું કે જે ઘમંડના તૌર પર ઈશારાઓથી વાતચીત કરે છે તે ખુદાથી દૂર છે અને જે મખ્લૂક઼ના તકલીફ પહોંચાડવાને સહન કરે છે અને હસતે મુખે પેશ આવે છે તે ખુદાથી ખૂબ જ નજીક છે.

**ઝિક્રે ઈલાહી :** ફર્માવ્યું કે ખુદાની યાદનો ભાવાર્થ છે પોતાના નફસને ભૂલાવી દેવું છે. અને જે શખ્સ ખુદાના થકી ઓળખે છે તે ઝિંદા જાવેદ થઈ જાય છે, પરંતું જે પોતાના નફસ થકી ખુદાને ઓળખવાની કોશિશ કરે છે. ફર્માવ્યું કે આરિફનું દિલ એ શમ્અની જેમ છે જે ફાનસની અંદરથી ચો તરફ પોતાનું નૂર ફેલાવતી રહે છે, અને જેને એ મક઼ામ હાંસલ થઈ ગયો તેને અંધકારનો ડર નથી રહેતો. ફર્માવ્યું કે બે આદતો મખ્લૂક઼ની તબાહીનો સબબ બને છે, પ્રથમ એ કે કોઈ પણ મખ્લૂક઼ની ઈજ્જત ન કરવી. બીજી એ કે ખાલિક઼ના એહસાનને ઠુકરાવી દેવું.

**નસીહત :** આપના એક મુરીદે સફરમાં જતાં પહેલાં નસીહત કરવાની દરખાસ્ત કરી તો આપે ફર્માવ્યું કે જો તમને કોઈ બુરી આદતથી વાસ્તો પડી જાય તો તેને સારી આદતમાં ફેરવવાની કોશિશ કરશો, અને **જ્યારે તમોને કોઈ કાંઈક આપવા ચાહે તો પ્રથમ ખુદાનો શુક્ર અદા કરજો બાદમાં આપનારનો, કેમ કે અલ્લાહે જ તેને તમારા પર મહેરબાન કર્યો છે** અને જ્યારે આજમાઈશમાં સપડાય જાવ તો આજીજીથી કામ લેજો કેમ કે સબ્રની તમારામાં શક્તિ નથી.

**સવાલો તથા જવાબો :** જ્યારે આપનાથી ઝુહદની વ્યાખ્યા પૂછવામાં આવી તો ફર્માવ્યું કે ઝુહદની કોઈ ક઼દરો કિંમત નથી. અને મેં કેવળ ત્રણ દિવસ ઝુહદના આલમમાં ગુજાર્યા છે. એક દિવસ અઝલમાં અને બીજો દિવસ આખેરતમાં, અને ત્રીજો દિવસ તે છે જે આ બંનેવ દિવસોથી અલગ છે. પછી નિદા આવી કે હે બાયઝીદ ! તારી શક્તિથી બહાર છે કે તું અમને સહન કરી શકે. મેં અર્ઝ કરી કે મારી પણ એ જ ખ્વાહિશ છે. નિદા આવી કે તારી ખ્વાહિશ પૂરી થઈ ગઈ. ફર્માવ્યું કે હું આ રીતે રાઝી બ રઝા છું કે કોઈને આ'લા ઈલ્લીયીનમાં અને મને અસ્ફલુસ્સાફિલીનમાં નાખી દેવામાં આવે તો મારી મૌજૂદા હાલત પર ખુશ રહીશ.

**કુર્બે ઈલાહી :** પછી લોકોએ સવાલ કર્યો કે માણસને કમાલનો મર્તબો ક્યારે હાંસલ થાય છે ? ફર્માવ્યું કે જ્યારે મખ્લૂક઼થી અલિપ્ત થઈને પોતાના અયબો પર નજર પડવા લાગે અને એ જ વખતે કુર્બે ઈલાહી પણ હાંસલ થાય છે. પછી સવાલ કરવામાં આવ્યો કે અમને તો ઝોહદ તથા ઈબાદતની તાલીમ

❒ **અઝ :** *હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❒ **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

Web: www.barkatekhwaja.net

આપો છો પણ ખુદ એ તરફ આકર્ષિત નથી ?! આપે જવાબ આપ્યો કે અલ્લાહે ઝુહદ તથા ઈબાદતને મારાથી સલબ કરી લીધી. પછી કોઈએ પૂછયું કે ખુદા સુધી પહોંચ કેવી રીતે શક્ય છે ? ફર્માવ્યું કે ન તો દુનિયાની તરફ નજર ઉઠાવો ન એની વાતો સાંભળો, અને દુનિયાવાળાઓથી પોતે પણ વાતો કરવાનું છોડી દો. પછી લોકોએ કહ્યું કે, અમે આપના કલામ (વાતો)થી બેહતર કોઈ બુઝુર્ગનું કલામ નથી જોયું, આપે ફર્માવ્યું કે અન્યોના કલામમાં આવરણ (ધોકો) હોય છે અને હું વિના આવરણે (ઉઘાડી) વાત કરું છું, કેમ કે અન્ય લોકો તો હું (હમ) કહે છે અને હું તું જ તું કહું છું.

કોઈએ આપને નસીહત કરવાની વિનંતિ કરી તો ફર્માવ્યું કે આસ્માનની તરફ જુઓ અને એ બતાવો કે એનો ખાલિક કોણ છે ? તેણે કહ્યું, ખુદાએ સર્જન કર્યુ છે. બસ ! એનાથી ડરતા રહો, કેમ કે એ તમારા હર હાલથી બાખબર છે. પછી કોઈએ પૂછયું કે તાલિબ બંદા સફર તથા સૈરથી કેમ ખુશ નથી થતા ? ફર્માવ્યું કે જ્યારે હેતુ એની જગાએ કાયમ છે તો પછી તેને સફર તથા સૈરમાં તલાશ કરવો શક્ય નથી. પછી કોઈકે સવાલ કર્યો કે **કેવા બંદાઓની સોહબતમાં રહેવું જોઈએ ?** ફર્માવ્યું કે **જે તમારી અયાદત (ખબર અંતર પૂછવા) કરે, જે તમારી ભૂલો માફ કરતા રહે અને હક્ક વાત તમારાથી કદી ન છુપાવે.** પૂછવામાં આવ્યું કે આપ રાતમાં નમાઝ કેમ નથી પઢતા ? ફર્માવ્યું કે મને આલમે મલકૂતના ચક્કર લગાડવાથી જ ફુરસદ નથી મળતી, તે ઉપરાંત લોકોની મદદ કરતો રહું છું. સવાલ થયો કે આરિફ કોણ છે ? ફર્માવ્યું, જે દુનિયામાં રહીને પણ તમારાથી દૂર ભાગતો રહે, અને ખ્વાબમાં ન તો ખુદા સિવાય કોઈને જુએ, અને ન કોઈના પર પોતાનું રાઝ જાહેર કરે. પૂછવામાં આવ્યું કે અમ્ર બિલ મઅરૂફ નહી અનિલ મુન્કર (સારી વાતોનો હુકમ આપવો, બુરી વાતોથી રોકવું)ની પણ સ્પષ્ટતા કરી આપો. ફર્માવ્યું કે દુનિયાને છોડી દો કે જેથી આ બે ચીજોનો કિસ્સો જ બાકી ન રહે. ફર્માવ્યું કે મઅરેફતના દરિયામાં ડૂબીને અમ્ર બિલ મઅરૂફની ઓળખ થાય છે અને બંદો નફસ તથા મખ્લૂકની મદદ વિના જ કુર્બે ઈલાહી હાંસલ કરી લે છે. કોઈએ પૂછયું કે આપને આ મર્તબા કેવી રીતે હાંસલ થયા ? ફર્માવ્યું કે મેં દુનિયાના માધ્યમોને, કનાઅત (થોડામાં રાજી)ની જંઝીરમાં જકડીને અને સિદક (સત્ય)ની સંદૂકમાં બંધ કરીને ઉદાસીઓના દરિયામાં ડૂબાડી દીધાં. સવાલ કરવામાં આવ્યો કે આપની ઉમર કેટલી છે ? ફર્માવ્યું કે ચાર વરસ ! એટલા માટે કે હું કેવળ ચાર વરસથી ખુદાનો મુશાહેદો કરી રહ્યો છું અને એના અગાઉનાં સિત્તેર વરસો કેવળ કીલો કાલમાં (વાતોમાં) વહી ગયાં જેને ઉમરમાં નથી ગણી શકાતાં.

**સવાલો જવાબ** : હઝરત અહમદ હઝરૂયાએ આપને કહ્યું કે હજી સુધી મને મકામે "નિહાયત" સુધી પહોંચ હાંસલ નથી થઈ શકી. આપે ફર્માવ્યું કે તમે ઈજ્જતની ઈન્તેહા (અંતિમ સીમા) હાંસલ કરવાની ફિકરમાં છો અને એ બારી તઆલાની સિફત છે જેને મખ્લૂક હાંસલ નથી કરી શકતી. પછી લોકોએ પૂછયું કે નમાઝની સહીહ તઅરીફ (વ્યાખ્યા) શું છે ? ફર્માવ્યું કે જેના થકી ખુદાથી મુલાકાત થઈ શકે, પણ એનાથી મુલાકાત ઘણી જ મુશ્કેલ છે. સવાલ કરવામાં આવ્યો કે આપ ભૂખ્યા રહેવાની પ્રશંસા કેમ કરો છો ? ફર્માવ્યું, જો ફિરઔન ફાકાકશી કરત તો "હું તમારો રબ છું" કહીને ખુદાઈનો દાવેદાર ન થાત. ફર્માવ્યું કે ઘમંડી તેને કહે છે જે બીજાઓને હલકા ખયાલ કરે અને ઘમંડીને કદી મઅરેફત હાંસલ નથી થઈ શક્તી. પછી કોઈએ અર્ઝ કર્યું કે, આપનું પાણી ઉપર ચાલવું એ ઘણી મોટી કરામત છે. ફર્માવ્યું, એમાં કોઈ કરામત નથી કેમ કે લાકડીના નાના નાના ટુકડા પણ પાણી પર વહેતા રહે છે. લોકોએ કહ્યું કે આપ હવામાં ઉડીને મક્કા મોઅઝ્ઝમા કેવળ એક રાતમાં પહોંચી જાવ છો ! ફર્માવ્યું, કે એ પણ કોઈ કરામત નથી, કેમ કે મામૂલી પક્ષીઓ પણ હવામાં ઉડયા કરતાં હોય છે. અને જાદૂગર લોકો તો એક રાતમાં તમામ દુનિયાની સૈર કરી લે છે.

Web.: www.barkatekhwaja.net

લોકોએ મુજાહિદા વિશે પૂછયું તો ફર્માવ્યું કે મેં સોળ વરસની ગોશાનશીની બાદ પણ પોતાને ગુફામાં રહેનારી સ્ત્રીની જેમ પામ્યો. અને જે વખતે મેં દુનિયાને વિદાય કરી દીધી અને ખુદા તઆલાથી મળી ગયો અને ખુદાને કહ્યું કે મારું તારા સિવાય કોઈ નથી, અને જ્યાં સુધી તું મારો છે સર્વ કાંઈ મારું છે. અને જ્યારે અલ્લાહ તઆલાએ મારી સચ્ચાઈનો મુશાહિદો કરી લીધો તો મારા નફ્સની અયબો દૂર કરી આપી. ફર્માવ્યું કે જેને ઈતાઅતે ખુદાવંદીની ખિલ્અતથી નવાઝવામાં આવ્યો તો એ ખિલ્અત પર મોહી પડીને રહી ગયો, પરંતુ મેં ખુદાથી ખુદા સિવાય કાંઈ તલબ નથી કર્યું. ફર્માવ્યું કે મખ્લૂકે સામૂહિક તૌર પર જેટલો ખુદાને યાદ કર્યો છે મેં એકલાએ યાદ કર્યો. જેના કારણે ખુદાએ પણ મને યાદ કર્યો અને પોતાની મઅરેફતથી મને નવજીવન બખ્શી દીધું. ફર્માવ્યું કે મને જ્યારે એ ખયાલ આવ્યો કે હું ખુદાને દોસ્ત રાખુ છું તો વિચારણા બાદ માલૂમ પડયું કે હું એને દોસ્ત નથી રાખતો બલ્કે તે મને દોસ્ત રાખે છે.

ફર્માવ્યું કે બીજા લોકોએ તો મુડદાંથી ઈલ્મ હાંસલ કર્યો પણ મેં એવી ઝિંદા હસ્તીથી ઈલ્મ શીખ્યો કે જેને મૃત્યુ જ નથી. ફર્માવ્યું કે મેં જ્યારે નફસને અલ્લાહની તરફ આકર્ષવા ચાહ્યો અને તે આકર્ષિત ન થયો તો હું તેને પણ છોડીને ખુદાની હુઝૂરીમાં પહોંચી ગયો. ફર્માવ્યું કે જ્યારે મને આસ્માનની સૈર કરાવવામાં આવી અને આલમે મલકૂત મારા મુશાહિદામાં આવી ગયો તો મને ત્યાં રઝા તથા મહોબ્બત હાંસલ થઈ ગયાં. ફર્માવ્યું, કે મને આ મર્તબો એટલા માટે હાંસલ થયો કે જે ઉઝ્વ (અંગ)ને રુજૂઅ ઈલ્લલાહ (અલ્લાહ તરફ વળેલ) ન પામવામાં આવ્યું તેનાથી દૂરી અપનાવીને બીજા અંગ વડે કામ કાઢયું. ફર્માવ્યું, ખુદા શનાસી પછી મેં ખુદાને મારા માટે પૂરતો સમજી લીધો. ફર્માવ્યું કે ઘણા સમયથી નમાઝમાં મને ખયાલ આવે છે કે મારું દિલ મુશ્રિક છે અને એને જનોઈની જરૂરત છે. ફર્માવ્યું કે સ્ત્રીઓ એટલા માટે મારાથી અફઝલ છે કે તેણીઓ માસિક ગાળા પછી ગુસ્લ કરીને પાક તથા સાફ થઈ જાય છે પણ મને તમામ ઉમર ગુસ્લ કરતાં વીતી ગઈ પણ પાકી હાંસલ ન થઈ શકી.

ફર્માવ્યું કે પૂરી જિંદગીમાં પણ મારાથી એક નેક કામ થઈ જાત તો હું ભયભીત ન રહેતો. ફર્માવ્યું કે જો મેહશરના દિવસે એ સવાલ કરવામાં આવે કે તેં ફલાણુ કામ કેમ કર્યુ ? તો હું તેને બેહતર ધારુ છું કે એ પૂછવામાં આવે કે તેં ફલાણુ કામ કેમ ન કર્યુ ? ફર્માવ્યું કે અલ્લાહ તઆલા મખ્લૂકના ભેદોથી બખૂબી વાકેફ છે અને દરેક ભેદની તરફ નજર નાખીને ફર્માવે છે કે હું એને મારી મહોબ્બતથી ખાલી પામુ છું, પરંતુ બાયઝીદના ભેદને મારી મહોબ્બતમાં ડૂબેલો જોઉં છું. ફર્માવ્યું કે મેં ખ્વાબ જોયો કે હું ખુદાની તૌહીદથી અધિકનો તલબગાર છું, પરંતુ બેદારી બાદ મેં અર્ઝ કરી કે મને તારી તૌહીદથી વધીને કાંઈ ન જોઈએ. ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ સવાલ કર્યો કે, શું ઈચ્છા ધરાવો છો ? મેં અર્ઝ કરી કે જે મારા લાયક હોય. ફર્માવવામાં આવ્યું કે પોતાને છોડીને ચાલ્યા આવો. ફર્માવ્યું કે લોકો મને પોતાના જેવો ધારે છે જ્યારે આલમે ગયબમાં મારા અવસાફ (સિફતો)નો મુશાહિદો કરી લે (જોઈ લે) તો મરી જાય, કેમ કે હું એક એવા સમુદ્રની જેમ છું જેની ગહરાઈની શરૂઆત છે ન અંત છે.

અર્શની હકીકીના વિશે કોઈકે આપને સવાલ કર્યો તો ફર્માવ્યું કે અર્શ તો હું પોતે જ છું. પછી કુર્સીના વિશે પૂછવામાં આવ્યું તો આપે ફર્માવ્યું કે કુર્સી પણ હું ખુદ છું. પછી કલમના વિશે પણ એ જ ફર્માવ્યું. ત્યાર બાદ સવાલ કરનારે કહ્યું કે અલ્લાહ તઆલાના તો અન્ય પણ ઘણા મુકર્રબ બંદા છે, દા.ત. હઝરત ઈબ્રાહીમ, હઝરત મૂસા, હઝરત મુહમ્મદ ﷺ. એના પર પણ આપે એ જ ફર્માવ્યું કે એ પણ હું જ છું ! પછી સાઈલે ફરિશ્તાઓ માટે પૂછયું તો પણ એ જ ફર્માવ્યું કે તે પણ હું જ છું ! આ જવાબ સાંભળીને જ્યારે તે ખામોશ થઈ ગયો તો આપે ફર્માવ્યું કે હક્કમાં ફનાઈયત પછી સર્વ ચીજોને પોતાની જ હસ્તીમાં સામેલ પામુ છું, એટલા માટે કે હક્કમાં સર્વ ચીજો મૌજૂદ છે. *(ક્રમશ:)*



Web : www.barkatekhwaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## ખિયારે ઐબ [ઐબ (ખામી)ની છૂટ]

જો કોઈ ચીજને બિલ્કુલ ખામી વગરની કહીને વેચી દીધી, પાછળથી ખામી (નુકસાની) માલમ પડી તો ખરીદનાર એને પાછી આપી શકે છે એને હક્ક છે, એને ખિયારે એબ કહેવામાં આવે છે. ખામી કે નુકસાની માટે એવું જરૂરી નથી કે સોદો કરતી વખતે જ એમ કહેવામાં આવે કે જો કોઈ ખામી કે નુકસાની હશે તો માલ પાછો આપીશું. ભલે કહ્યું હોય કે ન હોય હર હાલમાં ખામી (નુકસાની) જણાતાં ખરીદનાર પાછો આપી શકે છે. પરિણામે જો ખરીદનારને સોદો કરતાં પહેલાં ખામીની કોઈ ખબર ન હતી તેમજ ખરીદતી વેળા પણ ખબર ન પડી અને પાછળથી માલમ પડયું કે એમાં નુકસાની છે, થોડી નુકસાની હોય કે વધારે, નુકસાનીની છૂટ મળશે. એ માલને લેવા ઈચ્છતો હોય તો પૂરી કિંમત ચૂકવી માલ લઈ લે અથવા એને પાછો આપવા માગતો હોય તો પાછો આપી દે. એવું બની શકશે નહીં કે માલ પાછો આપ્યા વગર કિંમત ઓછી કરી દેવામાં આવે. *(આલમગીરી)*

**મસ્અલા** : જે ખામીને કારણે માલને પાછો કરી શકાય છે તે એવી નુકસાની છે કે જેનાથી વેપારીઓની નજરમાં માલની કિંમત ઓછી થઈ જાય.

**મસ્અલા** : વસ્તુ (માલ)માં કોઈ એબ હોય તો તેનું જાહેર કરવું વેચનાર પર વાજિબ છે, છુપાવવું **હરામ** તથા **ગુનાહે કબીરા** છે. એ જ રીતે ખરીદનાર પર વાજિબ છે કે તે ષમન (કિંમત)ની એબ જાહેર કરી દે. *(આલમગીરી)*

**મસ્અલા** : ખામીની હાલતમાં ખરીદનાર માલનો માલિક થઈ જાય છે. પરંતુ માલિકીપણું લાઝિમ નથી થતું. એમાં વારસાઈ પણ થઈ શકે છે. દા.ત. ખરીદનારને નુકસાનીની (એબ)ની ખબર ન હતી અને તે મૃત્યુ પામ્યો. પાછળથી વારસદારને એબની ખબર પડી તો એબને કારણે સોદો રદ કરવાનો એને હક્ક છે. એબની છૂટ માટે સમયની કોઈ પાબંદી નથી જ્યાં સુધી પાછો આપવા માટે કોઈ કારણો ન જોવામાં આવે ત્યાં સુધી એ હક્ક બાકી રહે છે. *(આલમગીરી)*

**મસ્અલા** : ખરીદનારને ઐબ (નુકસાની)ની ખબર માલનો કબ્જો લેતા પહેલાં જ પડી ગઈ તો એ પોતે સોદો રદ કરી શકે છે. કાઝી રદ કરવાનો હુકમ આપે તો જ રદ થાય એવું જરૂરી નથી. વેચનારને ફક્ત એટલું જ કહી દેવું પૂરતું છે કે મેં સોદો કેન્સલ કર્યો, રદ કર્યો, વેચનાર રાજી હોય કે ન હોય સોદો રદ થયો ગણાશે. જો માલ પર કબ્જો કરી ચૂક્યો હોય તો વેચનારની રઝામંદી અથવા કાઝીના હુકમ વગર સોદો રદ થઈ શકશે નહીં.

*(હિદાયા, આલમગીરી)*

**મસ્અલા** : એક (નુકસાની)ની છૂટ માટેની શરતો આ પ્રમાણે છે :

**(૧)** માલમાં તે એબ વેચાણ વખતે મૌજૂદ હોય અથવા વેચાણ બાદ ખરીદનારના કબ્જો લેતા પહેલાં પેદા થયેલ હોય. (પરિણામે ખરીદનારે કબ્જો લીધા પછી જે એબ પેદા થઈ હોય એના કારણે નુકસાનીની છૂટ મળશે નહીં.) **(૨)** ખરીદનારે કબ્જો લઈ લીધો હોય તો એની પાસે પણ

Web.: www.barkatekhwaja.net

તે નુકસાની બાકી રહે (જો તેની પાસે નુકસાની બાકી ન રહી તો છૂટ પણ નહીં). **(૩)** ખરીદનારને સોદો કરતી વખતે અથવા કબ્જો લેતી વખતે એબની ખબર ન હોય (એટલા માટે કે નુકસાનીવાળુ જાણીને લીધું છે અથવા કબ્જો લીધો છે તો છૂટ મળશે નહીં). **(૪)** વેચનારે નુકસાનીથી છૂટકારો ન મેળવ્યો હોય (એટલા માટે કે જો વેચનારે એમ કહી દીધું હોય કે એની (માલની) કોઈ પણ પ્રકારની નુકસાનીનો હું જવાબદાર નથી તો નુકસાનીની છૂટ સાબિત થશે નહીં. *(આલમગીરી)*

**મસ્અલા** : ગાય, ભેંસ, બકરી દૂધ આપતી નથી અથવા પોતાનું દૂધ પોતે પી જાય છે તો એ એબ ગણાશે, જાનવરનું ઓછું ખાવું પણ એબ છે. બળદ કામના વખતે સૂઈ જાય છે એ પણ એબ ગણાશે. ગધેડો ખરીદ્યો પણ તે ખૂબ ધીમો ચાલે છે તેને પાછો આપી શકશે નહીં પરંતુ જો ઝડપી ચાલની શરત કરી હોય તો (પાછો આપી શકાશે). ગધેડાનું ન ભોંકવું એબ ગણાશે. મરઘો ખરીદ્યો જો તે કવેળા (સમય વગર) બોલે છે તો એને પાછો આપી શકાશે. *(આલમગીરી)*

**મસ્અલા** : ગાય કે બકરી ગંદકી ખાનાર હોય, જો એ એની આદત જ હોય તો એબ ગણાશે. કદાચ અઠવાડિયામાં એક બે વાર આમ કરે (નજાસત ખાય) તો એબ ગણાશે નહીં. માટેભાગે ખાયા કરતી હોય તો એબ ગણાશે. *(આલમગીરી)*

**મસ્અલા** : ઘોડો ખરીદ્યો જેની ઉંમર વધારે છે તો એબની છૂટના કારણે એને પાછો આપી શકાશે નહીં. હા ! જો ઓછી ઉંમરની શરત કરી હોય તો પાછો આપી શકશે. ગાય ખરીદી પણ તે ખરીદનારને ત્યાંથી ભાગી જઈને વેચનારને ત્યાં જતી રહે છે તો એ એબ ગણાશે નહીં. જ્યારે કે તે વારંવાર ભાગી જતી ન હોય છે. *(આલમગીરી)*

**મસ્અલા** : બળદ વગેરે જાનવર બે ત્રણ વખત ભાગી ગયા તો એબ ગણાશે નહીં. એનાથી વધારે વખત ભાગી જવું એબ ગણાશે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : મકાન કે જમીન ખરીદી, લોકો એને મનહૂસ કહે છે તો પાછું આપી શકે છે, જો કે આવા પ્રકારના ખયાલાતનો વિશ્વાસ ન કરી શકાય પરંતુ જ્યારે એ વેચવા ચાહશે એને લેવાવાળા બહુ ઓછા મળશે અને એ એબ ગણાશે. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ફળ કે શાકભાજીની ટોપલી ખરીદી એમાં નીચેના ભાગે ઘાસ ભરેલી નીકળી તો પાછી આપી શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા** : કુર્આન શરીફ કે કિતાબ ખરીદી એમાં કોઈ કોઈ જગ્યાએ અક્ષરો છપાયેલ ન હોય, અક્ષરો છપાવા બાકી રહી ગયા હોય તો પાછુ આપી શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા** : માલની એબ જાણ્યા પછીથી જો ખરીદનારે માલમાં માલિકીપણા જેવો ફેરફાર કર્યો તો પાછો આપવાનો હક્ક જતો રહેશે. જાનવર ખરીદ્યું, તે બીમાર હતું અથવા એનો ઈલાજ કરાવ્યો, અથવા પોતાના કામમાં લીધું, એના પર સવાર થયો તો પાછું આપી શકશે નહીં અને જો એક બીમારી હતી જેની સોદા વખતે વેચનારે જવાબદારી લીધી ન હતી, એનો ઈલાજ કરાવ્યો. પરંતુ બીજી જ બીમારી નીકળી જેની વાત વેચનારે કરી ન હતી તે નીકળી તો એના કારણે પાછું આપી શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા** : ગાય કે બકરી ખરીદી અને દોહીને દૂધ ઉપયોગમાં લીધું. ત્યાર પછીથી એબ માલમ પડી તો પાછી આપી શકાશે નહીં, નુકસાની લઈ શકે છે. ગાય કે બકરીને બચ્ચા સાથે ખરીદી છે અને પછીથી એબ જાણવા મળી ત્યાર બાદ બચ્ચાએ દૂધ

Web.:www.barkatekhwaja.net

પી લીધું તો પાછી આપી શકે છે ભલે બચ્ચાએ જાતે દૂધ પી લીધું હોય કે એને દૂધ પીવડાવવા (વેચનારે) છોડયું હોય. જો ખરીદનારે દૂધ દોહયું હોય તો પાછુ આપી શકશે નહીં, ભલે (દૂધ) પોતે પી લે કે બચ્ચાંને પીવડાવે. એટલે કે એબ જાણવા છતાં (દૂધ) દોહવું એ રઝામંદીની દલીલ છે. *(આલમગીરી)*

**મસ્અલા** : કપડુ ખરીદ્યું એનું કટીંગ કર્યું, હજુ સીવ્યું નથી તેમાં નુકસાની માલમ પડી. એને પાછુ આપી શકાશે નહીં બલ્કે નુકસાની લઈ શકે છે. જો વેચનાર કટીંગ કરેલા કપડાને પાછુ લેવા માટે રાજી હોય તો નુકસાની લઈ શકાશે નહીં અને જો ખરીદીને વેચી દીધું છે તો કંઈ કરી શકાશે નહીં. જો કટીંગ કરીને સીવી લીધું છે, પાછળથી નુકસાની માલમ પડી તો નુકસાની લઈ શકે છે. વેચનાર પોતે નુકસાની આપ્યા વગર પાછુ લેવા ઈચ્છે તો એ પાછુ લઈ શકશે નહીં. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : કપડું ખરીદી, પોતાના નાબાલિગ બાળક માટે કટીંગ કરાવ્યું પછીથી નુકસાની માલમ પડી તો પાછુ આપી શકશે નહીં તેમજ નુકસાની પણ લઈ શકશે નહીં અને જો બાલિગ છોકરા માટે કટીંગ કરાવ્યું તો નુકસાની લઈ શકે છે.

*(હિદાયા, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : ખરીદનારને ત્યાં માલમાં કોઈ નવી એબ પેદા થઈ, ચાહે ખરીદનારથી તે એબ પેદા થઈ કે કોઈ આસમાની આફતથી પેદા થઈ, પાછુ આપી શકશે નહીં. અલબત્ત, નુકસાનનું વળતર લઈ શકે છે. વેચનારથી કોઈ એબ પેદા થઈ છે તો પણ પાછો આપી શકશે નહીં. બલ્કે બન્ને એબોથી જે નુકસાન થયું તેનું વળતર (બદલો) લઈ શકે છે. જો કોઈ અજનબીથી એબ પેદા થઈ તો પહેલી એબનું નુકસાન વેચનાર પાસેથી લે અને બીજી એબનુ (નુકસાન) તે અજનબી પાસેથી લે અને જો વેચાણ બાદ (સોદો થયા પછીથી) પરંતુ કબ્જો લેતા પહેલાં, વેચનારથી, કે ખુદ માલના કોઈ કાર્યથી, કે કુદરતી આફતથી નવી એબ પેદા થઈ ગઈ હોય તો ખરીદનારને હક્ક છે કે તે સોદો રદ કરી શકે છે અર્થાત લઈ લે કે ન લે. અને જે નુકસાન થયું એના બદલામાં કિંમતમાંથી કાપી આપે. અને જો અજનબીથી તે એબ પેદા થઈ ગઈ હોય તો પણ એને હક્ક છે તે માલ લે કે ન લે. જો માલ લે છે તો નુકસાનીનો બદલો અજનબી પાસેથી લઈ શકે છે અને જો ખરીદનારથી એબ પેદા થઈ હોય તો પૂરેપૂરી કિંમત આપી લેવો પડશે, નુકસાનની માગણી કરી શકશે નહીં. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જે ચીજ એવી હોય કે તેને પાછી આપતી વખતે મજૂરીનો ખર્ચ થતો હોય તો જ્યાં સોદો કરવામાં આવ્યો હોય તે જગ્યાએ પહોંચાડવાની જવાબદારી ખરીદનારની છે અર્થાત મજૂરી વગેરે ખરીદનારે ચૂકવવી પડશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : માલમાં કોઈ વધારો કરવામાં આવ્યો. જેમ કે કાપડ હતું તેને સીવી લીધુ, કે રંગી નાખ્યું કે લોટમાં ઘી, ખાંડ વગેરે મેળવ્યું, યા જમીન હતી તેમાં ઝાડ રોપ્યાં, કે બાંધકામ કર્યું અથવા માલને વેચી દીધો ભલે એબની ખબર પડયા પછી વેચી દીધો, કે વસ્તુ હલાક થઈ ગઈ, આ બધી હાલતોમાં નુકસાની લઈ શકે છે, પાછો આપી શકતો નથી. પાછો આપવા માટે બન્ને રાજી હોય તો પણ ક઼ાઝી પાછો આપવાનો હુકમ કરી શકશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)* *(ક્રમશઃ)*


**અણમોલ કિતાબ મંગાવો !**

**ઈસાલે સવાબ અને તેના પ્રકારો** (પેજીસ : ૨૦૦)

**લેખક** : ખલીફએ આ'લા હઝરત,

**મલિકુલ ઉલમા મુફતી ઝફરુદ્દીન બિહારી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : આલિમા અનીસા આપા (હલદરવા)**

**પ્રકાશક : અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

તા.જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

**નોંધ : ઈસાલે સવાબના ૨૫ પ્રકારો કુર્આન હદીષની સાબિતી સાથેની અજોડ કિતાબ આજે જ મંગાવો.**

**હદિયો : ૧૫૦** (ટપાલ ખર્ચ સાથે) W.App No. 9664521477


Web : www.barkatekhwaja.net

# હું મુસલમાન થઈને
# કુર્આન
# વિશે શું જાણું છું ?!



હપ્તો ૦૬


**લેખક : ડૉક્ટર મુહમ્મદ અહમદ નઈમી**
*(જામિઆ હમદર્દ યુનિવર્સિટી–ન્યુ દિલ્હી)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**
*(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)*


## (૬) કુર્આન પોતાની તાષીર તથા અસરમાં એકલુ તથા અજોડ છે

જમીની તથા આસ્માની દુનિયાની કોઈ અન્ય કિતાબમાં એ વિશિષ્ટતા તથા મહત્વ હાંસલ નથી જે તાષીરના એતબારથી કુર્આનને હાંસલ છે. તેની સૌથી ઉચ્ચ વિશિષ્ટતા એ છે કે મો'મિન તથા મુસલમાન જ નહીં બલ્કે અહલે કિતાબ યહૂદી તથા ઈસાઈ જેઓ ઈલ્મથી લાભાવિંત થયેલા છે તેઓ એને સાંભળીને આપોઆપ અનાયાસે અલ્લાહની હુઝૂર માથુ સજદામાં રાખી દે છે. તેની તિલાવતથી લોકોની આંખો અશ્રુમય થઈ જાય છે અને એક અજીબો ગરીબ કૈફિયત તથા હાલત છવાઈ જાય છે. કુર્આને પાકની તિલાવત કરવા તથા સાંભળવાથી માનવ દિલ જ નહીં બલ્કે અલ્લાહની અન્ય મખ્લૂક જિન વગેરે પણ અસર પામે છે. આ હકીકતોની તર્જુમાની કરતાં કુર્આને પાક ઈર્શાદ ફર્માવે છે :–

وَ اِذْ صَرَفْنَآ اِلَيْكَ نَفَرًا مِّنَ الْجِنِّ يَسْتَمِعُوْنَ الْقُرْاٰنَ ۚ فَلَمَّا حَضَرُوْهُ قَالُوْٓا اَنْصِتُوْا ۚ فَلَمَّا قُضِيَ وَ لَّوْا اِلٰى قَوْمِهِمْ مُّنْذِرِيْنَ ﴿۲۹﴾ قَالُوْا يٰقَوْمَنَآ اِنَّا سَمِعْنَا كِتٰبًا اُنْزِلَ مِنْۢ بَعْدِ مُوْسٰى مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ يَهْدِيْٓ اِلَى الْحَقِّ وَ اِلٰى طَرِيْقٍ مُّسْتَقِيْمٍ ﴿۳۰﴾ يٰقَوْمَنَآ اَجِيْبُوْا دَاعِيَ اللّٰهِ وَ اٰمِنُوْا بِهٖ يَغْفِرْ لَكُمْ مِّنْ ذُنُوْبِكُمْ وَ يُجِرْكُمْ مِّنْ عَذَابٍ اَلِيْمٍ ﴿۳۱﴾

"અને જ્યારે કે અમે તમારી તરફ કેટલા જિન ફેરવ્યા કાન લગાડીને સાંભળતા પછી જ્યારે ત્યાં હાજર થયા આપસમાં બોલ્યા, ખામોશ રહો. પછી પઢવાનું થઈ ચૂક્યું તો પોતાની કૌમની તરફ ડર સંભળાવતા પલટયા. બોલ્યા, હે અમારી કૌમ ! અમે એક કિતાબ સાંભળી કે મૂસા બાદ ઉતારવામાં આવી આગલી કિતાબોનું સમર્થન કરતી, હક્ક તથા સીધો માર્ગ દેખાડતી. હે અમારી કૌમ ! અલ્લાહના દાઈ (નિમંત્રક)ની વાત માનો અને એના પર ઈમાન લાવો કે એ તમારા કેટલાક ગુનાહ બખ્શી આપે અને તમને દર્દનાક અઝાબથી બચાવી લે."

*(સૂરએ અહકાફ, ૨૯ થી ૩૧)*

સૂરએ જિનમાં જિન્નાતની કૌમો પર કુર્આનના અસરકર્તા હોવાનું બયાન કરતાં ફર્માવવામાં આવ્યું કે :–

قُلْ اُوْحِيَ اِلَيَّ اَنَّهُ اسْتَمَعَ نَفَرٌ مِّنَ الْجِنِّ فَقَالُوْٓا اِنَّا سَمِعْنَا قُرْاٰنًا عَجَبًا ﴿۱﴾ يَّهْدِيْٓ اِلَى الرُّشْدِ فَاٰمَنَّا بِهٖ ؕ وَ لَنْ نُّشْرِكَ بِرَبِّنَآ اَحَدًا ﴿۲﴾

"તમે ફર્માવો મને વહી થઈ કે કેટલાક જિન્નાતોએ મારુ પઢવું કાન લગાડીને સાંભળ્યું તો બોલ્યા, અમે એક અજબનું કુર્આન સાંભળ્યું કે ભલાઈની રાહ બતાવે છે. તો અમે એના પર ઈમાન લાવ્યા અને અમે કદાપિ કોઈને અમારા રબનો શરીક કરીશું નહીં." *(સૂરએ જિન, આ. ૧, ૨)*

આ તો રહ્યો જિન્નાત કૌમનો મામલો, આવો હવે જોઈએ કે કુર્આન માનવ દિલો દિમાગ પર કઈ રીતે પ્રભાવ પાથરે છે. જેમ કે ઈર્શાદ થયો કે :

وَ اِذَا سَمِعُوْا مَآ اُنْزِلَ اِلَى الرَّسُوْلِ تَرٰٓى اَعْيُنَهُمْ تَفِيْضُ مِنَ

Web.www.barkatekhwaja.net

કુર્આને હકીમના વિશે કાફિર તથા મુશ્રકના દિલ કાળાં તથા કઠણ હોય છે. હક્ક વાત ન સ્વીકારવાની, હક્ક ન સાંભળવાની તેમના દિલો પર મોહર લાગેલી હોય છે. તેમની આંખો પર ઘનઘોર અંધકારના પર્દા પડેલા હોય છે. (સૂરએ બકરહ, આ. ૭) પણ કુર્આનની તાષીરનો એ એ'જાઝ (મો'જિઝો) છે કે તે આવાં સખત તથા કાળાં દિલો પર પણ પોતાના જાદૂઈ અસરના નિશાનો સાબિત કરીને રહે છે. જેમ કે ઈસ્લામી ઈતિહાસ દર્શાવે છે કે :–

વલીદ બિન મુગીરા મક્કાનો સરદાર હતો. તેણે હુઝૂરે અન્વર ﷺને اِنَّ اللّٰهَ يَاْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ એટલે "અલ્લાહ ઈન્સાફ તથા એહસાન કરવાનો હુકમ આપે છે." *(સૂ. નહલ, ૧૬/૯૦)* પઢતા સાંભળીને કહ્યું કે આ બયાનમાં મીઠાશ તથા લિજ્જત છે અને આ કોઈ માણસનું કલામ નથી હોઈ શકતું."

*(દાઈરતુલ મઆરિફિલ ઈસ્લામિયા, પેજ : ૪૭૪, બઉન્વાને લફ્ઝે કુર્આન)*

એ જ પ્રમાણે ઈતિહાસ દર્શાવે છે કે, "ઉત્બા બિન રબીઆ હુઝૂર ﷺની પાસે આવ્યો તો આપે સૂરએ હા–મીમ–સજદા પઢવી શરૂ કરી. જ્યારે તેણે આયત :

فَاِنْ اَعْرَضُوْا فَقُلْ اَنْذَرْتُكُمْ صٰعِقَةً مِّثْلَ صٰعِقَةِ عَادٍ وَّ ثَمُوْدَ﴿١٣﴾

"પછી જો એ મોં ફેરવી લે તો ફર્માવી દો કે હું તમને એવી આફતથી ડરાવું છું જેવી આદ તથા કૌમે ષમૂદ પર આફત આવી હતી." (સૂરએ હા–મીમ–સજદા, આ. ૧૩) સાંભળી તો આપના મોં પર હાથ રાખી દીધો અને કહ્યું, ખુદાને ખાતર બસ કરો ! મારામાં આનાથી આગળ સાંભળવાની હિંમત નથી. ઉત્બા પરત ચાલ્યો ગયો. જ્યારે એના સાથી એની પાસે આવ્યા તો કહેવા લાગ્યા, ખુદાની કસમ ! તેણે એવું કલામ પઢયું છે કે આજ સુધી મારા કાને

الدَّمْعِ مِمَّا عَرَفُوْا مِنَ الْحَقِّ ۚ يَقُوْلُوْنَ رَبَّنَآ اٰمَنَّا فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ﴿٨٣﴾

"અને જ્યારે સાંભળે છે તો જે રસૂલની તરફ નાઝિલ થયું તો તેમની આંખો જો કે આંસુઓથી ઉભરાય રહી છે. એટલા માટે કે તેઓ હક્કને પહેચાની ગયા છે. કહે છે, અય રબ અમારા ! અમે ઈમાન લાવ્યા, તું અમને હક્કના સાક્ષીઓમાં લખી લે." *(સૂરએ માઈદા, આ. ૮૩)*

وَّ يَقُوْلُوْنَ سُبْحٰنَ رَبِّنَآ اِنْ كَانَ وَعْدُ رَبِّنَا لَمَفْعُوْلًا﴿١٠٨﴾ وَ يَخِرُّوْنَ لِلْاَذْقَانِ يَبْكُوْنَ وَيَزِيْدُهُمْ خُشُوْعًا﴿١٠٩﴾

"અને કહે છે કે પાકી છે અમારા રબને, બેશક ! અમારા રબનો વાયદો પૂર્ણ થયો અને હડપચીભેર પડે છે રડતા રડતા, અને આ કુર્આન એમનો ખુશૂઅ તથા ખુઝૂઅ વધારે છે."

*(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૧૦૮ તથા ૧૦૯)*

اِنَّ الَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ مِنْ قَبْلِهٖٓ اِذَا يُتْلٰى عَلَيْهِمْ يَخِرُّوْنَ لِلْاَذْقَانِ سُجَّدًا﴿١٠٧﴾

"બેશક ! તે જેમને એના નાઝિલ થવાથી પહેલાં ઈલ્મ મળ્યો. જ્યારે એમના પર પઢાવવામાં આવે છે તો હડપચીભેર સજદામાં પડે છે."

*(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૧૦૭)*

માણસ તો નરમ તથા નાઝુક ઠર્યો પણ કુર્આનની અસરકારક્તાનો એ આલમ છે કે જો એ પહાડ પર નાઝિલ થાત તો તેની ધાક તથા જલાલથી તે પણ કાંપી ઉઠત. કુર્આને પાક ઈર્શાદ ફર્માવે છે :

لَوْ اَنْزَلْنَا هٰذَا الْقُرْاٰنَ عَلٰى جَبَلٍ لَّرَاَيْتَهٗ خَاشِعًا مُّتَصَدِّعًا مِّنْ خَشْيَةِ اللّٰهِ ؕ

"જો અમે આ કુર્આન કોઈ પહાડ પર ઉતારત તો જરૂર તું એને જોતો ઝુકેલો ટુકડા ટુકડા થતો અલ્લાહના ડરથી." *(સૂરએ હશ્ર, આ. ૨૧)*

www.barkatekhwaja.net

નથી પડયું. હું નથી જાણતો કે એ કલામનું શું નામ દઉં ! *(દાઈરતુલ મઆરિફિલ્ ઈસ્લામિયા, પેજ : ૪૭૪)*

એ જ પ્રમાણે લબીદ બિન રાબિયા જે હુઝૂર અન્વર ﷺનો સમકાલિન હતો અને એ વખતના અરબસ્તાનના સાત મશહૂર શાઈરોમાંથી અંતિમ શાઈર હતો. એ એટલો ફસીહ તથા બલીગ (ઉમદા વાણીવાળો) હતો કે એકવાર જ્યારે તેણે અકાઝના મેળામાં પોતાની નઝમ પઢી તો અન્ય શાઈરો જેઓ ત્યાં મૌજૂદ હતા તે જાણે એટલા જાદૂઈ અસરવાળા થઈ ગયા કે તેની સામે સજદામાં પડી ગયા. ટૂંકમાં એ કે ઈસ્લામ સ્વીકાર કર્યા પહેલાં શાઈર લબીદે કુર્આનના જવાબમાં એક નઝમ લખીને ખાનએ કા'બાની દીવાલ પર લટકાવી દીધી. તેના કેટલાક સમય બાદ એક સહાબીએ કુર્આને પાકની અમુક આયતો નક્લ કરીને લબીદની નઝમની સાથે લટકાવી દીધી. એના બીજા દિવસે લબીદે તેને પઢી તો તે એટલો પ્રભાવિત થયો કે તેણે જાહેરમાં એલાન કરી આપ્યું કે આ કલામ કોઈ માણસના દિમાગનું સર્જન નથી અને કોઈ અધિક કોશિશ વિના તેણે ઈસ્લામ સ્વીકારી લીધો. પરંતુ વાત આટલેથી જ નથી અટકી, બલ્કે તે કુર્આનની અદબી અઝમત (સાહિત્યિક મહાનતા) તથા ફઝીલતથી એટલો પ્રભાવિત થયો કે તેણે શાઈરી તદન ત્યજી દીધી. જ્યારે તેને કહેવામાં આવતું કે તેણે શેઅર કહેવાનું કેમ છોડી આપ્યું ? તો એનો જવાબ રહેતો હતો કે કુર્આન બાદ હવે મારી શાઈરીમાં શું વાત છે ?!

એકવાર હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ બીજા ખલીફાએ તેમને કોઈ નઝમ પઢવા માટે કહ્યું, તો એમનો જવાબ હતો : જ્યારે ખુદાએ મને બેહતર રચનાવાળુ કુર્આને હકીમ આપ્યું છે તો મારું શેઅર કહેવું નિરર્થક છે. *(કુર્આન કે જદીદ સાઈન્સી ઈન્કેશાફાત, પેજ–૨૨૪, પ્રો.ડૉ. ફઝ્લે કરીમ, અરબી પબ્લીકેશન્સ, ન્યુ દિલ્હી, ૨૦૦૪)*

ઉપરોક્ત બનાવોથી પણ અજીબો ગરીબ બનાવ ઈબ્ને મુક્ફાનો છે જે ઈ.સ. ૭૨૭માં મૃત્યુ પામ્યો. તે એક ઈરાની વશંજ મહાન દાનિશવર લેખક હતો. કુર્આનના મુન્કિરોએ તેને કહ્યું કે તે કુર્આનની વધી રહેલી અસરોનો મુક્ાબલો કરે. એ અત્યંત અસાધારણ બુદ્ધિ તીવ્રતાવાળો માણસ હતો, અને તેને પોતાની જાત પર સંપૂર્ણપણે વિશ્વાસ હતો કે એક વરસના અરસામાં તે કુર્આનની સરખામણીમાં એક કુર્આન લખશે. એ હેતુના માટે કુર્આનના મુન્કિરોએ તેને દરેક પ્રકારની સગવડો પૂરી પાડી જેથી તેનું ધ્યાન એ કામ પર લાગેલુ રહે. અને તે ગોઠવણી તરફ ધ્યાન રાખે. છ મહિના પસાર થઈ ગયા. અમુક લોકો ઘણા જ આતુર તથા ઉત્સાહી હતા એ જાણવા માટે કે કેટલુ કામ સંપૂર્ણ થઈ ચૂક્યું છે. જેથી જ્યારે તેઓ ઈબ્ને મક્ફાને મળવા ગયા તો તેમણે જોયું કે તે હાથમાં ક્લમ લઈને બેઠો હતો અને સાદા કાગળ પર તાકી રહ્યો હતો અને એની આસપાસ અસંખ્ય કાગળ પડયા હતા. તેણે પોતાની સરતોડ જિદ્દો જેહદ કરી કે તે કુર્આનના મુકાબલામાં એક કિતાબ લખે પણ બુરી રીતે નિષ્ફળ ગયો અને નિરાશ થઈને એ કામ છોડી આપ્યું. આ બનાવને એક ઓરિએન્ટાલિસ્ટ વલાસ્ટને આ પ્રમાણે વર્ણવ્યો છે :–

"Mohammad's boast as to the literary excellanee of the Quran was not un-founded." *(Mohammad and Doctrines P 143, (Wollaston)*


**કિતાબ : નૂરી અવરાદો વઝાઈફ**

*(ગુજરાતી તેમજ ઉર્દૂમાં બંને ભાષામાં મળશે)*

**અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**નોંધ :** "પંજસૂરહ" જેમ યાસીન શરીફ વગેરે, સૂરતો, વઝીફાઓ, દુરૂદો, સર્વ મહિનાના અમલો વગેરેનો ખજાનો કિતાબમાં છે. અરબી લખાણ અરબીમાં જ રહેશે. એનું લિપિયાંતર ન હશે.

(ઉર્દૂ કિતાબ : ૬૦૮ પેજીસ/ગુજરાતી કિતાબ : ૫૦૬ પેજીસ)
દરેકનો હદિયો રૂા. ૧૫૦/– (ટપાલ ખર્ચ રૂા. ૫૦/–)

**સરનામુ** : રઝવી કિતાબ ઘર, મુા.પો. દયાદરા, જિ. ભરૂચ Mo. 9427464411


Web: www.barkatekhwaja.net

(ખુત્બાતે જુમ્આ)

# મુસીબતેં વબાએં ક્યૂં આતી હૈં ?

**અઝ : મૌલાના ઝહીર મિસ્બાહી**

*(નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)*

نَحْمَدُهٗ وَنُصَلِّيْ وَنُسَلِّمُ عَلٰى رَسُوْلِهِ الْكَرِيْمِ

કુર્આન મજીદ જહાં هُدًى لِّلْمُتَّقِيْنَ و هُدًى لِّلنَّاسِ (ડરનેવાલોં કે લિયે હિદાયત હૈ, લોગોં કે લિયે હિદાયત. *–સૂરએ બક઼રહ, ૨/૨, ૧૮૫*) હૈ, વહીં કુર્આન મજીદ شِفَآءٌ لِّلنَّاسِ وَ شِفَآءٌ لِّمَا فِي الصُّدُوْرِ (જિસ્મેં લોગોં કી શિફા–તંદુરસ્તી હૈ. *–સૂરએ નહલ, ૧૬/૬૯*) ઔર (દિલોં કી સફાઈ. *–સૂરએ યૂનુસ, ૧૦/૫૭*) ભી હૈ. કુર્આનમેં જહાં ઝાહિર કા ઈલાજ હૈ વહીં બાતિન કા ઈલાજ ભી હૈ. કુર્આન જિસ્માની ઔર રૂહાની દોનોં બીમારીયોં કે લિયે યકસાં બાઈષે શિફા વ સેહત (તંદુરસ્તી) હૈ. આઓ ! ઈસ નુસ્ખએ શિફાસે મૌજૂદ હાલાતમેં ઉતરનેવાલી બીમારિયોં કા સબબ ઔર તિર્યાક઼ (ઈલાજ) પૂછેં.

ظَهَرَ الْفَسَادُ فِي الْبَرِّ وَ الْبَحْرِ بِمَا كَسَبَتْ اَيْدِى النَّاسِ لِيُذِيْقَهُمْ بَعْضَ الَّذِىْ عَمِلُوْا لَعَلَّهُمْ يَرْجِعُوْنَ

''ચમકી ખુશ્કી ઔર તરીમેં (ઝમીન ઔર પાનીમેં) ઉન બુરાઈયોં સે જો લોગોં કે હાથોંને કમાઈ તા કે ઉન્હેં ઉનકે બઅઝ કો તકોં (બુરે કામોં) કા મઝા ચખાએ, કહીં વો બાઝ આએં.'' *(સૂરએ રૂમ, ૩૦/૪૧)*

ફસાદ ઔર બિગાળ ખુશ્કી ઔર તરી યઅની ઝમીન ઔર સમંદર દોનોંમેં હુવા.

## ★ ઝમીનમેં ફસાદ કી સૂરતેં ★

તફસીરે રૂહુલ બયાન મેં હૈ : ★ ક઼હતસાલી (દુકાળ) યે ભી ફસાદ (બગાડ, ખરાબી) કી અલામત હૈ. ★ પૈદાવાર કી કમી યહ ભી ફસાદ કી અલામત હૈ. ★ કારોબાર ઔર તિજારતમેં નફા કી કમી યહ ભી ફસાદ કી અલામત હૈ. ★ ખેતોં મેં નુકસાન યે ભી ફસાદ કી અલામત હૈ. ★ જાનવરોં કી નસ્લ ઔર દૂધમેં કમી યહ ભી ફસાદ કી અલામત હૈ. ★ હર ચીઝસે બરકત કા ઉઠ જાના યહ ભી ફસાદ કી અલામત હૈ. ★ ચલતે ફિરતે કષરત સે મૌતોં કા વાક઼ેઅ હોના યહ ભી ફસાદ કી અલામત હૈ. ★ લોગોં મેં તાઊ઼ન ઔર વબાઓં કા ફેલ જાના યહ ભી ફસાદ કી અલામત હૈ. ★ આતિશઝદગી (આગ લાગવી) કી કષરત ★ દુશ્મનોં કા ગલ્બા ★ ફિત્નોં કા ઔર જંગોં કા પાયા જાના ★ ઈસી તરહ દીગર તકાલીફ દેહ ચીઝેં.... યહ સબ ફસાદ કી અલામત હૈં.

*(રૂહુલ બયાન–૨૧)*

## ★ સમંદરમેં ફસાદ કી સૂરતેં ★

ડૂબ જાના યહ ભી સમંદરી ફસાદ કી અલામત (નિશાની) હૈ. ઔર બારિશ ન હોને કી વજહસે સમંદરી જાનવરોં કા અંધા હો જાના યહ ભી સમંદરી ફસાદ કી અલામત હૈ. ગોત઼ાખોરોં (મરજીવાઓ, ડૂબકી મારનાર) કા મોતીયોં કો પાને સે મેહરૂમ રહના યહ ભી સમંદરી ફસાદ કી અલામત હૈ.

''ખુશ્કી ઔર તરીમેં જબ ગુનાહ બળ્હ જાતે હૈં તો અલ્લાહ તઆલા બારિશ કો રોક લેતા હૈ ઔર ઉન્કે દામોં કો મહેંગા કર દેતા હૈ.'' *(કુર્તબી)*

## ★ યહ ફસાદ (ખરાબી) ક્યૂં હૈ ? ★

જિસ તરહ દવાઓં ઔર ગિઝાઓમેં ખુદાવંદે કુદસ عزوجل تعالیٰને કિ઼સ્મ કિ઼સ્મ કી તાષીરાત (વિવિધ પ્રકારની અસરો) પેદા ફર્માઈ હૈ કે ઝહર માર ડાલતા હૈ, તિર્યાક઼ ઝહર કે અષરાત કો ઝાઈલ કર દેતા હૈ. બઅઝ ગિઝાંએં સેહત કો બર્બાદ કર દેતી હૈં ઔર બઅઝ ગિઝાએં તંદુરસ્તી કો બળ્હા દેતી હૈં. ઈસી તરહ

ઈન્સાન કે અક્વાલ વ અફઆલમેં ભી કુદરતને ક્સ્મિ ક્સ્મિ કી તાષીરાત રખ દી હૈં. મષલન : આપ કી "ગાલી" દુન્યાભર કે ઈન્સાનોં કો આપ કા દુશ્મન બના દેતી હૈ ઔર આપ કી "દુઆ" દુન્યાભરકો આપ કા દોસ્ત બના દેતી હૈ. ઈસી તરહ અગર આપ કિસકો "મુક્કા" દિખાએં તો વો આપ પર ગઝબનાક હો જાતા હૈ ઔર અગર આપ કિસી કે આગે હાથ જોળે તો આપ પર રહમદિલ હો જાતા હૈ. ઈસી તરહ સમઝ લીજિયે કે હર કૌલ વ અમલ (વાણી તથા વર્તન)મેં કુદરતને ક્સ્મિ ક્સ્મિ કી તાષીરેં (વિવિધ અસરો) ઔર તરહ તરહ કે અષરાત પૈદા ફર્માએ હૈં.

નેક આમાલ ઔર અચ્છે અચ્છે અક્વાલ કી (કથનોની) તાષીરાત વ અષરાત ભી અચ્છે હુવા કરતે હૈં, ઔર બુરે આમાલ ઔર બુરે અક્વાલ કી તાષીરાત વ અષરાત ભી બુરે હુવા કરતે હૈ. (નવાદિરુલ હદીષ) ઈસી લિયે અલ્લામા ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہ તફસીરે રૂહુલ બયાનમેં ફર્માતે હૈં : "લોગોં કે ગુનાહોં કી વજહસે યઅની ઈન્સાનોંને ખુશ્કી ઔર તરી (જમીન તથા સમુદ્ર)મેં જો ગુનાહ કિયે, ઉન ગુનાહોં કી નહૂસત કી વજહસે ફસાદ ઔર બિગાળ પેદા હુવા."

આજ લોગ યહ સમઝતે હૈં કે હમને ગુનાહ કર લિયા તો ઉસસે ક્યા અસર પળતા હૈ ?! ક્યા ફર્ક પળતા હૈ ? ઐસે લોગોં કે લિયે અલ્લામા ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہને ઝમીન ઔર સમંદરમેં સબસે પહલે ઝાહિર હોનેવાલે ફસાદ ઔર બિગાળ કા સબબ કુર્આનકી રોશનીમેં જો ઝિક્ર કિયા હૈ વો યહી હૈ કે વો ગુનાહોં કી નહૂસત કી વજહસે હુવા હૈ. આપ ફર્માતે હૈ : "સબસે પેહલા ફસાદ ઝમીન પર ઉસ વક્ત ઝાહિર હુવા જબ કાબીલને હાબીલ કો કત્લ કિયા ઔર સમંદરમેં સબસે પહલે ફસાદ ઉસ વક્ત હુવા જબ જલંદી બાદશાહને લોગોંકી કશતીયાં ઉનસે છીન લીં."

ઝમીન ઔર સમંદરમેં જો સબસે પહલે ગુનાહ કી નહૂસત સે જો ફસાદ ઝાહિર હુવા, ક્યા આપ જાનતે હૈં ઉસ ફસાદ કી સૂરત ક્યા થી ? "ઈન્સાન ઉસ ગુનાહ સે પેહલે જિસ દરખ્ત કે પાસ આતા ઉસે ફલદાર પાતા ઔર સમંદર કા પાની મીઠા હોતા ઔર શેર ગાય પર હમ્લા નહીં કરતા થા. લેકિન કાબીલને હાબીલ કો કત્લ કિયા તો ઝમીન કે હાલાત યૂં બદલ ગયે કે દરખ્ત કાંટેદાર હો ગયે, સમંદર કા પાની સખ્ત ખારા આ કળવા હો ગયા ઔર જાનવરોંને એક દુસરે પર હમ્લા શુરૂ કર દિયા, હત્તા કે એક મર્તબા એક કાંટા કિસી નબીસે ઉલઝ ગયા તો આપને ઉસે સખ્ત સુસ્ત કહા (થપકો આપ્યો) તો ઉસને કહા, આપ મુઝે ઝજ્રો તવબીખ ન પિલાએં ! મૈં તો ઈન્સાનોં કે ગુનાહોં કી નહૂસત કી વજહસે ઝાહિર હુવા હૂં." *(રૂહુલ બયાન)*

યાદ રખેં ! ગુનાહોં કી વજહસે યહ ફસાદ ઔર બિગાળ, બીમારિયાં, બલાએં, વબાએં, કષરતે અમ્વાત (ખૂબ જ અધિક મૌતો થવી) ઉન ગુનાહોં કી પૂરી પૂરી સઝા નહીં. અલ્લામા ઈસ્માઈલ હક્કી لِيُذِيْقَهُمْ بَعْضَ الَّذِىْ عَمِلُوْا لَعَلَّهُمْ يَرْجِعُوْنَ (તા કે ઉન્હેં ઉન્કે બઅઝ કરતૂતોં (બુરે કામોં) કી મઝા ચખાએં કહીં વો બાઝ આએં. *–સૂરએ રૂમ, ૩૦/૪૧*) કી તફસીરમેં ઈર્શાદ ફર્માતે હૈં કે, અલ્લાહ તઆલાને બઅઝ સઝા ઝિક્ર ફર્માઈ, ક્યૂં કે પૂરી પૂરી સઝા તો આખેરત હી મેં હોગી, ઔર યહ બાઝ સઝા ભી દુન્યામેં ઈસ લિયે રખી કે لَعَلَّهُمْ يَرْجِعُوْنَ તાકે બંદા શિર્કસે તૌહીદ કી તરફ પલટ આએ, ગુનાહોં સે તાઅતોં કી તરફ પલટ આએ, ગફલતોંસે તલબે હક્ક કી તરફ પલટ આએ, નફ્સ પરસ્તીસે ઈબાદતમેં જિદ્દો જેહાદ કી તરફ પલટ આએ, તઝીએ અવકાતસે (સમય વેડફવાથી) તાઝીમે શરઅ કી તરફ પલટ આએ.

### ★ ગુનાહોં કા અષર ★

યાદ રખેં ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને બહુત સારી ચીઝોં કો ગુનાહોં કી નહૂસત કી વજહસે બદલ દિયા. ઈબ્લીસ કી સૂરત ઔર ઉસ્કા નામ બદલ દિયા.

Web:- www.barkatekhwaja.net

ઉસ્કા નામ બદલકર ઈબ્લીસ રખા, ક્યૂં કે ઉસને ઈન્કારે તા'ઝીમે નબુવ્વત કા ગુનાહ કિયા.

નૂહ علیہ السلام કે બેટે "સામ"ને અપને વાલિદે મોહતરમ કી સતર કી તરફ નઝર કી, જબ કે આપ સો રહે થે. હઝરત નૂહ علیہ السلامને દુઆ કી, અલ્લાહ તઆલાને ઉસકા ચેહરા સિયાહ કર દિયા. મૂસા علیہ السلام કી કૌમ કો અલ્લાહ તઆલાને બંદરોંમેં તબદીલ કર દિયા, ઈસા علیہ السلامકી કૌમ કો સુવ્વરોંમેં તબદીલ કર દિયા, કિબ્તિયોં કે પાની ઔર માલ કો ખૂન ઔર પથ્થરોંમેં તબદીલ કર દિયા. ઉમૈયા બિન અબીસ્સલત જો કે બલગાએ અરબસે થા ઉસકે ઈલ્મ કો ઈસ તરહ મોતગૈયિર કિયા કે જબ વો સોયા હુવા થા તો એક પરિન્દેને આકર ઉસકે મુંહમેં ચોંચ રખી. જબ વો નીંદસે ઉઠા તો સારે ઉલૂમ ભૂલ ચૂક થા.

એક શખ્સ કો ઉસકી વાલિદાને આવાજ દી. ઉસને નાફર્માની કરતે હૂએ જવાબ ન દિયા તો અલ્લાહ તઆલાને ઉસે ગુંગા બના દિયા.

હઝરત કઅબ અહબાર رضی اللہ عنہ ફર્માતે હૈં જબ હઝરત આદમ علیہ السلام ઝમીન પર તશરીફ લાયે તો મીકાઈલ علیہ السلام આપ કે પાસ ગેહૂંઓ કે કુછ દાને લેકર હાઝિર આયે ઔર કહા યહ તુમ્હારા ઔર તુમ્હારી ઔલાદ કા રિઝ્ક હૈ. જબ ઝમીનમેં કાશતકારી (ખેતી) કરેં. હઝરત આદમ علیہ السلام કે ઝમાનેસે હઝરત ઈદરીસ علیہ السلام કે ઝમાને તક ગેહૂં કા દાના શુતુરમુર્ગ કે અંડે કી તરહ થા. ફિર જબ લોગોંને નાશુક્રી કી તો ગેહૂ કા દાના મુરગી કે અંડે કી તરહ હો ગયા. ફિર કબૂતર કે અંડે કી તરહ, ફિર છરે કી મિક્દાર મેં (બેરિંગમાં આવે છે તે) ફિર હઝરત ઉઝૈર علیہ السلام કે ઝમાનેમેં બીજ કે બરાબર હો ગયા.

## ★ ગુનાહોં કે અષરાત ક્યા હોતે હૈં ? ★

ઉસકી હલાકતેં ઔર તબાહિયાં કિતની સખ્ત હોતી હૈ ? ગુનાહોં કા અંજામ ઔર નતીજા ક્યા હોતા હૈ ? ઝરા દિલકે કાનોં સે અપને આક઼ા علیہ الصلوٰۃ والسلام કા ફર્માન સુનેં : "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماસે રિવાયત હૈ. ઉન્હોંને ફર્માયા કે જબ કિસી કૌમમેં ખયાનત ઝાહિર ઔર ખુલ્લમ ખુલ્લા હોને લગતી હૈ, તો અલ્લાહ તઆલા ઉસ કૌમ કે દિલમેં ઉસકે દુશ્મનોં કા ખૌફ ઔર ડર ડાલ દેતા હૈ. જબ કિસી કૌમમેં ઝિનાકારી ફૈલ જાતી હૈ તો ઉસ કૌમમેં બકષરત મૌતેં હોને લગતી હૈ ઔર જો કૌમ નાપ તોલમેં કમી કરને લગતી હૈ ઉસ કૌમ કી રોઝી કાટ દી જાતી હૈ ઔર જો કૌમ નાહક્ક઼ ફૈસલા કરને લગતી હૈ ઉસ કૌમમેં ખૂનરેઝી ફૈલ જાતી હૈ ઔર જો કૌમ અહદ શિકની ઔર બદ્ અહદી (વચનભંગ) કરને લગતી હૈ ઉસ કૌમ પર ઉસકે દુશ્મન કો ગાલિબ વ મુસલ્લત (સવાર) કર દિયા જાતા હૈ.

*(મિશ્કાત, બાબુ તગૈયુરિન્નાસ, પેજ : ૪૫૯)*

અલ્લામા અબ્દુલ મુસ્તફા મુસ્તફા આ'ઝમી رحمۃ اللہ علیہ ઉસકી તસ્રીહ (ખુલાસા) કરતે હુએ ઈર્શાદ ફર્માતે હૈ : હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمને ઈસ હદીષમેં પાંચ બુરે આમાલ ઔર ઉન્કી બુરી તાષીરોં કા બયાન ફર્માયા હૈ :

૦૧. ખયાનત કી તાષીર યહ હય હૈં : જો કૌમ અમાનતમેં ખયાનત કરને લગેગી તો વો કૌમ અપને દુશ્મનોંસે ખાઈફ, ડરપોક ઔર બુઝદિલ હો જાએગી.

૦૨. ઔર જો કૌમ ઝિનાકારી કી લઅનતમેં ગિરફતાર હો જાએગી તો ઉસ કૌમ પર તરહ તરહ કી બલાએં, બીમારિયાં ઔર વબાએં આએંગી ઔર બકષરત લોગ મરને લગેંગે. બઅઝ બુઝુર્ગોંને ફર્માયા કે, "જહાં ઝિના વહાં ફના."

૦૩. ઔર જો કૌમ નાપ તોલમેં કમી કરેગી તો ઉસ કા યહ અષર હોગા કે ઉનકી રોઝિયોં કી બરકત કટ જાએગી. વો ઉમર ભર રોઝી કમાને કે લિયે દરબદર કી ઠોકરેં ખાતે ફિરેંગે ઔર હઝારોં લાખોં કમાએંગે ભી, મગર ઉનકે દિલ કો ચૈન

ઔર રૂહ કો સુકૂન ઔર કરાર નહીં હાસિલ હોગા ઔર કુછ પતા નહીં ચલેગા કે દૌલત કહાંસે આઈ કિધર ચલી ગઈ.

૦૪. ઔર જો કૌમ નાહક્ક ફૈસલા કરને કી ખૂગર હો જાએગી તો ઉસ ગુનાહ કા યહ અષર હોગા કે ઉસ કૌમમેં કત્લો ખૂનરેઝી કી બલા ફૈલ જાએગી ઔર રોઝાના દિન રાત હર તરફ કત્લ હી હોતે રહેંગે

૦૫. ઈસી તરહ જો કૌમ બદ્અહદી (વચનભંગ) કી રાહ પર ચલ પળેગી ઉસ કૌમ કી ઈઝ્ઝત વ ઈક્બાલ ઔર ઉસ કી સલ્તનત કે જાહોજલાલ કા ખાત્મા હો જાએગા. ઔર ઉસ કૌમ પર ઉસકે દુશ્મનોં કા ગલ્બા વ ઈક્તેદાર હો જાએગા.

ચૂં કે ઉન ગુનાહોં કી યહી તાષરાત હૈં ઔર કોઈ ચીઝ ભી અપના ખુલ્કી (પેદાઈશી) અષર દિખાએ બગૈર નહીં રહ સકતી. લેહાઝા ઈન ગુનાહોં કે વહી અષરાત હોંગે જો ઉપર બયાન કિયે ગએ. આગ પર ઉંગ્લી રખકર લાખ ચિલ્લાએ મગર ઉંગ્લી ઝરૂર જલ જાએગી, ક્યૂં કે આગ કી તાષીર હી જલા દેના હૈ.

અલ્લામા ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہ ઈન ગુનાહોં કી નહૂસતોં ઔર હલાકતોં કો ઝિક્ર કરને કે બાદ ઈર્શાદ ફર્માતે હૈં : "બઅઝ લોગોં કે ગુનાહોં કી નહૂસત તમામ કો પહૂંચતી હૈ. ઈસ લિયે કહા જાતા હૈ કે જિસને એક ગુનાહ કિયા, તમામ મખ્લૂક ચાહે ઈન્સાન હો યા જાનવર, વહશી દરિન્દે ઔર ચરિન્દો પરિન્દ, હત્તા કે સૂરજકી શુઆઅમેં (કિરણોમાં) નઝર અનેવાલે ઝર્રાત સબ કે સબ કયામત કે દિન ઉસકે મદ્દે મુકાબિલ આયેંગે ઔર ઝઘળેંગે, ક્યૂં કે ગુનાહોં કી નહૂસત કી વજહસે ઉન્હેં ભી તકલીફ પહૂંચી." *(રૂહુલ બયાન)*

ગુનાહોં કી નહૂસત કી વજહસે જાનવર કિસ કદર ખૌફઝદા રહતે હૈં ઉસકા અંદાઝા આપ ઈસ વાકિઆસે લગા સકતે હૈં :–

હઝરત અકીલ બિન અબી તાલિબ رضی اللہ عنہ સે રિવાયત હૈ. આપ ફર્માતે હૈં, એક મર્તબા મેં હુઝૂર રહમતે આલમ ﷺ કે સાથ સફરમેં થા તો આપકી ઝાતે મુબારકસે તીન ઈમાન અફરોઝ વ ઈબ્રતનાક વાકિઆત કા મુશાહિદા હુવા (જોવા મળ્યા) જિન કી વજહસે મેરે દિલમેં ઈસ્લામ કી અઝમત બૈઠ ગઈ. ઉન વાકિઆતમેં સે તીસરા ઈબ્રતનાક વાકિઆ યહ થા : કે હમ લોગ સફર કરતે હુએ ચલે જા રહે થે કે અચાનક એક ઊંટ દોળતા હુવા આયા ઔર હુઝૂર નબી પાક ﷺ કે પાસ પહૂંચ કર અર્ઝ કરને લગા, "યા રસૂલલ્લાહ ! અલ અમાન ! અલ અમાન !" યઅની અય અલ્લાહ કે રસૂલ ! મુઝે બચા લીજિયે ! મુઝે બચા લીજિયે ! ઈતનેમેં એક અઅ્રાબી દોળતા હુવા પહુંચા જિસ કે હાથમેં નંગી તલ્વાર થી. નબી પાક ﷺ ને ઉસસે પૂછા, અય નવ જવાન ! તુમ ઈસ બેચારે કે સાથ ક્યા સુલૂક કરના ચાહતે હો ? અઅ્રાબીને અર્ઝ કિયા, યા રસૂલલ્લાહ ! ﷺ મૈંને ઈસે ભારી રકમ દેકર ખરીદા હૈ લેકિન યહ મેરી બાત નહીં માનતા. ઈસ લિયે મેં ચાહતા હૂં કે ઈસે ઝબહ કર દૂં ઔર ઉસકે ગોશ્ત સે હી ફાઈદા ઉઠાઉં. ઊંટને અર્ઝ કિયા, યા રસૂલલ્લાહ ! ﷺ મૈં કામ કરને કે ખૌફ સે ઉસ કી નાફર્માની નહીં કરતા હૂં, બલ્કે ઉસકે બુરે અમલ કી વજહસે ઉસકી બાત નહીં માનતા ઔર ઉસ કે પાસસે ભાગ જાના ચાહતા હૂં, ક્યૂં કે યહ જિસ કબીલે મેં રહતા હૈ વો કબીલા ઈશા કી નમાઝસે ગાફિલ હોકર સો જાતા હૈ. મૈં ડરતા હૂં કે કહીં ઐસા ન હો કે ઉન પર અલ્લાહ કા અઝાબ નાઝિલ હો તો ઉનકે સાથ રહને કી વજહસે મૈં ભી ઉસ અઝાબમેં ગિરફતાર હો જાઉં ! યા રસૂલલ્લાહ ! ﷺ અગર યહ આપસે ઈશા કી નમાઝ પળહને કા વઅદા કરે તો મૈં આપસે વા'દા કરતા હૂં કે કભી ઉસકી નાફર્માની નહીં કરુંગા. હુઝૂર علیہ الصلوٰۃ والسلام ને ઉસ અઅ્રાબીસે નમાઝ ન છોળને કા વા'દા લિયા ઔર ઊંટ ઉસકે હવાલે કર દિયા, ફિર અપને ઘર વાપસ તશરીફ લાએ. *(દુર્રતુન્નાસિહીન)*

Web.: www.barkatekhwaja.net

બેનમાઝી કી નહૂસત હર જગા અપના રંગ દિખાતી હૈ. કહીં બેનમાઝી તન્હા અઝાબે ઈલાહીમેં ગિરફતાર હોતા હૈ તો કહીં ઉસકે કરીબ રહનેવાલે ઈન્સાન ઔર જાનવર ભી ગઝબે ઈલાહી કા શિકાર હોતે હૈં. હઝરત અલ્લામા સફૂરી શાફઈ رحمۃ اللہ علیہ ફર્માતે હૈં કે મૈંને અલ્લામા નીશાપૂરી કી કિતાબ ''અન્નુઝહત'' મેં લિખા હુવા દેખા કે એક બુઝુર્ગ સફર કરતે હુએ કિસી સમંદર કે કિનારે પહૂંચે તો યહ દેખ કર ઈન્તેહાઈ હૈરાન વ મોતઅજ્જિબ (આશ્ચર્ય પામ્યા) હુએ કે સમંદર કી મછલિયાં એક દુસરે કો ખાએ જા રહી હૈં ! ઉન્હેં ગુમાન હુવા કે સમંદર મેં કહત પળ ગયા હૈ. અભી વો બુઝુર્ગ ઉસી વહમો ગુમાનમેં થે કે ગૈબ સે આવાઝ આઈ; અય મેરે પ્યારે ! યહ કહતસાલી નહીં બલ્કે ઉસકી વજહ યહ હૈ કે **એક બેનમાઝી યહાં સે ગુઝર રહા થા જો પ્યાસા થા. ઉસને પાની પીના શુરૂઅ કિયા. પાની ચૂં કે ખારા નમકીન થા ઈસ લિયે વો પી ન સકા ઔર અપને મુંહસે વાપસ સમંદરમેં ડાલ દિયા. ઉસ બેનમાઝી કે ઝૂટે કી નહૂસત હૈ કે સમંદરી મછલિયાં એક દૂસરે કો ખાને લગી.**

*(નુઝહતુલ મજાલિસ)*

મોહતરમ હઝરાત ! ગુફતૂગુ કા માહસ્લ યહ હૈ કે ઝમીન ઔર સમંદરમેં તકલીફોં ઔર મુસીબતોં કા ઉતરના, કષરતસે અમ્વાત કા વાકેઅ (ખૂબ ઝયાદા મૌતેં) હોના, તાઊન (પ્લેગ) ઔર દીગર મુહલિક (જીવલેણ) બીમારિયોં કા દર આના (પેદા થઈ જવું) કુર્આની નુક્તએ નઝર સે ગુનાહોં કી શામત ઔર નહૂસત હૈ. ઈસ લિયે અગર બીમારિયોંસે બચના ચાહતે હૈં, વબાઈ ઈમરાઝ, તાઊન વગૈરાસે હિફાઝત ચાહતે હૈં તો ગુનાહોંસે બાઝ આ જાએં. (દૂર હો જાએં)

## ★ ફિર સાલેહીન ક્યૂં બીમારિયોંમેં રુખસત હુએ ?! ★

યહાં એક સવાલ યહ ભી પેદા હોતા હૈ કે બીમારિયાં ઔર કષરતે અમ્વાત (અધિક્તર મૃત્યુ) અગર ગુનાહોં કી વજહસે હૈ તો સાલેહીને ઉમ્મત (નેક લોકો), પરહેઝગાર ઔર મુત્તકી હઝરાત ઈન બીમારિયોંમેં ક્યૂં રુખ્સત હો ગએ ?

ઈસ સવાલ કા જવાબ સદિયોં કબ્લ ગયબદાં નબી علیہ الصلوٰۃ والسلام ને અતા ફર્મા દિયા હૈ. સરકારે દો આલમ ﷺ ને ઈર્શાદ ફર્માયા : ''જબ ઝમીનમેં ગુનાહ ફૈલ જાએગા તો અલ્લાહ તઆલા અહલે ઝમીન પર મુસીબતેં નાઝિલ ફર્માએગા. ઈસ પર ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદીકા رضی اللہ عنہا ને અર્ઝ કી : યા રસૂલલ્લાહ ! ﷺ ઝમીનવાલોં મેં સાલેહીન ભી હૈં, ક્યા ગુનાહોં કી શામત કી વજહસે હલાક હોનેવાલોં કે સાથ ઈન સાલેહીન કો ભી હલાક કર દિયા જાએગા ? ઈસ પર હમારે આકા علیہ الصلوٰۃ والسلام ને ઈર્શાદ ફર્માયા : જો મુસીબતેં ઔર હલાકતેં ગુનેહગારોં કો પહૂંચેં વહી સાલેહીન કો ભી પહુંચેગી. હાં ! ફિર સાલેહીન કો અલ્લાહ કી રહમત ઔર મગફિરત કી તરફ લૌટા દિયા જાએગા. દુસરે મકામ પર હુઝૂર સૈયદે આલમ ﷺ ને ઈર્શાદ ફર્માયા : ફિર ઈન સાલેહીન કો ઉનકી નેક નિયતોં ઔર નેક આમાલ પર ઉઠાયા જાએગા.

મુસીબતેં, બીમારિયાં ઔર તકલીફેં જેલનેમેં ફાસિકીન વ ફાજિરીન, સાલિહીન વ મુત્તકીન દોનોં યક્સાં નઝર આતે હૈં. હાં ! આગે સાલેહીન કો અલ્લાહ કી રહમત વ મગફિરત કે દામનમેં પનાહ મિલેગી ઔર બરોઝે હશ્ર ઉનકો નેક આમાલ ઔર નેક નિયતી પર ઉઠાયા જાએગા. સાલેહીન અગર યે અંજામ કે એતબાર સે નજાત યાફતા ઔર મગફિરત યાફતા હોંગે મગર સાલેહીન કા ઉમ્મત સે ઉઠ જાના ઉમ્મત કે લિયે કોઈ કમ નુકસાન હૈ ?! ઔર યહ સારા નુકસાન ગુનાહોં કી શામત કી વજહસે હૈ. ઈસ લિયે મુસલમાનો ! ગુનાહોં સે બાઝ આ જાઓ, તૌબા કરો, અલ્લાહ બખ્શનેવાલા મહેરબાન હૈ.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ

Web.:www.barkatekhwaja.net

# તૌબાની
## હકીકત તથા ફઝીલત

રજૂકર્તા : મૌલાના ઈમરાનરઝા મિસ્બાહી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

ભૂલચૂક અને રુજૂઅ તથા તૌબાનો ચોલી દામનનો સાથ છે. જેના અસ્તિત્વ અને સંબંધનો ક્રમ આદમ અને આદમિયતના સર્જન સાથે જ ચાલી રહ્યો છે. ઈબ્લીસ લઈને કહ્યું :–

قَالَ اَنَا خَيْرٌ مِّنْهُ ۚ خَلَقْتَنِيْ مِنْ نَّارٍ وَّ خَلَقْتَهٗ مِنْ طِيْنٍ

"ઈબ્લીસે કહ્યું; હું આદમથી બેહતર છું, મને તેં અગ્નિથી બનાવ્યો અને આદમને માટીથી." *(સૂરએ ص, ૩૮/૭૬)*ના ઘમંડભર્યા એલાનની સજામાં કયામત સુધી અલ્લાહના દરબારથી ધુત્કારી દેવામાં આવ્યો. પરંતુ તેનાથી વિપરિત આજિઝીપૂર્વક હઝરત આદમ ﷺએ પોતાની ઘઉંનો દાણો ખાવાની ઈજતેહાદી ચૂકથી રુજૂઅ અને તૌબા કરી તો નબુવ્વત તથા મઅ્રેફત અને આસ્માન તથા જમીનની ખિલાફતથી સરફરાઝ કરવામાં આવ્યા. હઝરત આદમ علیہ السلامની આજિઝી અને તૌબા અને ઈબ્લીસના ઘમંડ અને અહંકારની પૃષ્ઠભૂમી (બેક ગ્રાઉન્ડ)એ પૂરાવો આપે છે કે આદમ علیہ السلامના અસ્તિત્વથી કયામત કાયમ થતાં સુધી જે લોકો પોતાની ભૂલચૂકના કારણે અલ્લાહની બારગાહમાં તૌબા અને રુજૂઅ કરશે તેમનો આ અમલ નબીની સુન્નત પ્રમાણે ઠરાવવામાં આવશે અને જે લોકો પોતાના હુંપદના કારણે પોતાના ગુનાહ પર યથાવત રહેશે એવા લોકોની મલ્ઉન આ'માલી ઈબ્લીસી હુંપદના બરાબર ઠરાવવામાં આવી રહી છે અને ઠરાવવામાં આવશે. જ્યાં સુધી આવા મલ્ઉન અને મુર્તદ અમલવાળા લોકો પોતાના ઈર્તેદાદ અને શરઈ જુર્મ તથા ગુનાહથી રુજૂઅ અને તૌબાનું સાર્વજનિક અને જાહેર શરઈ એલાન નહીં કરે.

આજના જમાનામાં ગુનાહ અને ભૂલચૂક કોઈ ન કોઈ રૂપે આમ ખાસ દરેકની જિંદગીમાં જોવા મળે છે અને આમ થવું અશક્ય નથી બલ્કે ઈન્સાની પ્રકૃતિમાં છુપાયેલ નકારાત્મક સોચ અને પ્રાકૃતિક સ્વભાવનું પરિણામ છે અને ઈબ્લીસના એ દાવાનું પુષ્ટિકરણ છે કે જ્યારે અલ્લાહ તઆલાએ ઈબ્લીસને ધુત્કારી દીધો તો ઈબ્લીસે સોગંદ લઈ દાવો કર્યો કે પોતાની સજાની પ્રતિક્રિયામાં કયામત સુધી ઈન્સાનોને ગુમરાહ કરતો રહીશ. ઈબ્લીસના દાવા અને સોગંદના જવાબમાં અલ્લાહ તઆલા ફર્માવ્યું : "મને પોતાની ઈજ્જત અને જલાલની કસમ ! જ્યાં સુધી તેઓ મારાથી બખ્શિશ માગતા રહેશે, હું તેમને બખ્શતો રહીશ."

اِنَّ اللّٰهَ يُحِبُّ التَّوَّابِيْنَ وَيُحِبُّ الْمُتَطَهِّرِيْنَ

"બેશક ! અલ્લાહ મહોબ્બત રાખે છે તૌબા કરવાવાળાઓ સાથે અને મહોબ્બત રાખે છે પાક સાફ રહેવાવાળાઓ સાથે. *(સૂરએ બકરહ, આ. ૨૨૨)*

ભૂલ અને ગુનાહનો એહસાસ અને રૂદન અલ્લાહને ઘણુ પસંદ છે, **જ્યારે ઈન્સાન જુર્મ અને ગુનોહ કર્યા બાદ પોતાના માલિકે હકીકી સમક્ષ રડે છે તો તે તેનાથી ઘણો ખુશ થાય છે**. જાણે તેણે પોતાની બંદગી, આજિઝી અને અલ્લાહની અઝમતનો સ્વીકાર કરી લીધો અને આ જ એ ખયાલ છે જેની મજબૂતી પર અલ્લાહ તઆલાએ પોતાની નિકટતા અને મોટી નેઅમતો અને રહમતોનો વાયદો ફર્માવ્યો છે. એક સ્થળે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું :–

web.www.barkatekhwaja.net

''અલ્લાહ તઆ઼લા પોતાના મો'મિન બંદાની તૌબાથી એટલો ખુશ થાય છે જેમ કે તે સવાર જેની સવારી ખાવા, પીવાના સામાન સાથે કોઈ મેદાનમાં ગુમ થઈ જાય અને તે નિરાશ થઈને એક વૃક્ષ નીચે સૂઈ જાય, જ્યારે આંખ ખુલે તો જુએ કે તે સવારી (ત્યાં) ઉભી છે. *(સહીહ મુસ્લિમ)*

બીજી હદીષ શરીફમાં છે કે : અલ્લાહને બે ટીપાંઓથી અધિક કોઈ ચીજ મહબૂબ નથી, એક આંસુનું ટીપુ જે અલ્લાહના ખૌફથી નીકળ્યું હોય અને બીજુ લોહીનું એ ટીપુ જે અલ્લાહની રાહમાં વહ્યું હોય. *(મિશ્કાત, પેજ : ૩૩૩)*

આ હદીષથી સમજાય છે કે અલ્લાહના નજીક શર્મિંદગીનું (તૌબા દરમ્યાનનું) આંસુ શહીદોના લોહીની જેમ મહત્વ ધરાવે છે, એટલા માટે જ મૌલાના રૂમ ફર્માવે છે :–

*કત્રએ અશ્કે નદામત દર સુજૂદ*
*હમ્સરીએ ખૂને શહાદત મી નુમૂદ*

**(ભાવાર્થ)** : નદામત (તૌબા)ના આંસૂઓનાં એ ટીપાં જે સજદામાં ગુનેહગારોની આંખોથી વહે છે એટલાં મુલ્યાવાન છે કે અલ્લાહની રહમત તેમને શહીદોના લોહી બરાબર વજન કરે છે.

ઈન્સાન ખતા અને ભૂલચૂકનું પૂતળુ છે, નબીઓ અને ફરિશ્તાઓ સિવાય કોઈ માસૂમ નથી. એટલા માટે કોઈ ઈન્સાનથી ગુનોહ થવો કોઈ આશ્ચર્યની વાત નથી, હા ! ગુનાહ પછી તૌબા ન કરવું અને ગુનાહ પર અડી જવું જરૂર આશ્ચર્યજનક અને બેશર્મી છે. ગુનાહ પર અડી રહેવું અને ઘમંડ દેખાડવું શૈતાની ફિત્રત અને ઈબ્લીસી તરીક઼ો છે. ભૂલનો સ્વીકાર અને અલ્લાહની બારગાહમાં તૌબા માનવતાની શાન અને માનવ પ્રકૃતિ ઉપરાંત નબીની સુન્નત પણ છે. આવી તૌબાને અલ્લાહ તઆ઼લા પસંદ ફર્માવે છે :–

وَمَنْ تَابَ وَعَمِلَ صَالِحًا فَاِنَّهٗ يَتُوْبُ اِلَى اللّٰهِ مَتَابًا

''જે તૌબા કરે અને સારાં કામ કરે તો તે અલ્લાહની તરફ રુજૂઅ઼ લાવ્યો (તૌબા કરી) જેવી જોઈતી હતી.'' *(અલ ફ઼ુર્ક઼ાન, ૭૧)*

وَاسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ ؕ اِنَّ رَبِّيْ رَحِيْمٌ وَّدُوْدٌ

''પોતાના રબથી માફી ચાહો પછી તેની તરફ રુજૂઅ લાવો (પલ્ટો) બેશક ! મારો રબ મહેરબાન મહોબ્બતવાળો છે.'' *(સૂરએ હૂદ–૯૦)*

وَتُوْبُوْٓا اِلَى اللّٰهِ جَمِيْعًا اَيُّهَ الْمُؤْمِنُوْنَ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ

''અલ્લાહની તરફ તૌબા કરનારા મુસલમાનો ! તમામે તમામ ! એ ઉમ્મીદ પર કે તમો ભલાઈ પામો.'' *(સૂરએ નૂર–૩૧)*

નબીએ અકરમ ﷺ ફર્માવે છે :–

کل بنی آدم خطاء و خیر الخطّئین التوابون

''દરેક ઈન્સાન ભૂલ કરે છે પરંતુ તેમનામાં બેહતર તે છે જે તૌબા કરે.'' *(તિર્મિઝી, ૨૪૯૯)*

## કોઈની તૌબા પછી તેને બદ્દનામ કરવું કેવું ?

અલ્લાહના કોઈ બંદાથી ગુનોહ થઈ જાય અને તે તૌબા કરી લે તો તેની તૌબા સ્વીકારવામાં આવશે અને તે ગુનાહ પર તેને બુરુ ભલુ કહેવામાં નહીં આવે. કોઈની તૌબા પર તેની ટીકા કરવી જાઈઝ નથી, બલ્કે ઘણો મોટો શરઈ ગુનોહ અને જુર્મ છે. આક઼ાએ કરીમ ﷺ ફર્માવે છે : مَنْ عَيَّرَ أَخَاهُ بِذَنْبٍ لَمْ يَمُتْ حَتّٰى يَعْمَلَهُ ''જે પોતાના ભાઈને એવા ગુનાહ પર શરમ અપાવે જેનાથી તે તૌબા કરી ચૂક્યો છે તો ટીકા કરનાર ત્યાં સુધી નહીં મરે જ્યાં સુધી પોતે તે ગુનાહમાં સપડાય ન જાય. *(તિર્મિઝી, હદીષ : ૨૫૦૫)*

માટે જે લોકોએ કોઈના રજૂઅ કરવા તથા તૌબા કરવા અને માફી ચાહવા છતાં ટીકા કરવા તથા શરમ

Web.: www.barkatekhwaja.net

અપાવવા તે વાત ફેલાવીને તેની મઝાક અને બેઈજ્જતી કરી છે તેઓ જાણી લે કે તેઓ ત્યાં સુધી નહીં મરે જ્યાં સુધી તેઓ પોતે એવા ગુનાહમાં સપડાય ન જાય.

આ હદીષે પાક પર વિચાર કરો કે કોઈના તૌબા કર્યા બાદ પણ તેને તેના ગુનાહ પર શરમ અપાવવી અથવા ટોણા મારવા અથવા તેને અંગત દુશ્મની તથા વિધ્ન સંતોષવા માટે બેઈજ્જત કરવાના હેતુથી પ્રપંચો કરવા તેની સજા નબીએ કરીમ ﷺના ફર્માન મુજબ કેટલી સખત છે કે ટીકા કરનાર પોતે તે ગુનાહમાં જરૂર સપડાશે. એટલા માટે તે લોકો પોતાનું નિરીક્ષણ કરે કે જેઓ કોઈની તૌબાને કેવળ પોતાની નફ્સાનિયત, જાતી દુશ્મની, અંગત વેરભાવ અને ઈબ્લીસી વિચારધારાના આધારે માનવાથી ઈન્કાર કરે છે અને તેને શરમ અપાવે છે, અંગત દુશ્મનીના સંતોષ માટે તકલીફ પહોંચાડવાનો ગુનોહ કરે છે, તેમણે તે સમયથી ડરવું જોઈએ કે ક્યાંક પોતે તે ગુનાહમાં સપડાય ન જાય. અમુક લોકો એવા પણ હોય છે જે બીજા લોકોને તો તૌબાની ખૂબ ભલામણ કરે છે પરંતુ પોતે એવા લોકોને પીઠબળ આપે છે જે મુસલમાનોમાં ફૂટફાટનું કામ કરે છે અને પોતે એક નહીં અસંખ્ય ગુનાહો કરવા છતાં ઈબ્લીસી અહંકાર તથા હુંપદ પર અડી તૌબાથી મેહરૂમીના શિકાર થાય છે અને પોતાના હુંપદ સમક્ષ તૌબાને બુરી સમજે છે.

અફસોસ ! કે પૂર્વગ્રહ અને સંકૂચિત માનસિક્તા પર આધારિત સોચ અને જહાલતના કારણે પોતાની હદ અને હૈષિયતથી વધીને ઘણા લોકો બુઝુર્ગોની શાનમાં પણ ગુસ્તાખીઓ કરે છે અને લાખો મુસલમાનોનાં દિલોને તકલીફ પહોંચાડે છે. આવા લોકોએ સાચા દિલથી જાહેરમાં તૌબા કરવી જોઈએ. કારણ કે કોઈ બુઝુર્ગની બેઈજ્જતી અને મો'મિનના દિલને તકલીફ પહોંચાડવું સખત ગુનોહ અને રબ તઆલાની નારાઝગીનો સબબ છે. અલ્લાહ તઆલા આપણને ગુનાહોથી બચાવે અને તૌબા કરતા રહેવાની તૌફીક઼ અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયદિલ મુરસલીન ﷺ.

*(કન્ઝુલ ઈમાન મંથલી–દિલ્હી, નવેમ્બર–૨૦૨૧)*


**ક઼ાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**:: અનુવાદક ::**

**હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી**

**હદિયો : એક સેટના રૂા. ૨૫૦/-**

જેમાં અક઼ીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક઼, અખ્લાક઼િયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

**સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા**

**મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ**

**મો. ૯૪૨૭૪૬૪૪૧૧**

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અક઼ીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક઼ વિશે, ક઼સમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો) **બંને ભાગના રૂા. ૪૫૦** (ટપાલ ખર્ચ રૂા.૫૦)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૧૧

# તકલીદની જરૂરત તથા તેનું મહત્વ

અઝ : હઝરત મુફ્તી નિઝામુદ્દીન મિસ્બાહી–મુબારકપુર
*(સદર શોઅબા ઈફ્તા જામિયા અશ્રફિયા–મુબારકપુર)*
**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**૦૧.** આ જમાનામાં તક્લીદનો શો હુકમ છે ? શું તક્લીદ વાજિબ છે ? જો વાજિબ છે તો તેની શરઈ દલીલ શું છે ?

**૦૨.** એ લોકોના બારામાં શરીઅતે મુતહ્હરાનો શું હુકમ છે જેઓ તક્લીદ નથી કરતા અથવા તક્લીદને નથી માનતા ?

**૦૩.** શું ઉપરોક્ત વર્ણન થયેલ લોકો જે તક્લીદ નથી કરતા, સુન્ની સંસ્થા (સુન્ની મસ્જિદ, મદ્રસા અથવા જામેઆ)માં ઉસ્તાદ અથવા જિમ્મેદાર રૂપે બાળકો અને દીનના તલ્બાને કુર્આન તથા ઈસ્લામિયાત પઢાવી શકે છે ?

**૦૪.** શરીઅતે મુતહ્હરાનો શું હુકમ છે તે (ગેર જવાબદાર સુન્ની) વ્યક્તિ (મસ્જિદ મદ્રસાના પ્રમુખ વગેરે) વિશે જે પોતાના સુન્ની ઈદારામાં ગૈર મુક઼લ્લિદ લોકોને ઉસ્તાદના પદ પર નિયુક્ત કરે છે, શું આવો વ્યક્તિ કૌમ તથા મિલ્લતની આગેવાની કરી શકે છે ? શું આવો વ્યક્તિ કોઈ ઈસ્લામી સંસ્થા અથવા મસ્જિદનુ મુતવલ્લીપણુ કરી શકે છે.

**પ્રશ્નકર્તા :** *મુહમ્મદ સરફરાઝ ઈદ્દૂ, ઝવોલ (Zwoll) હોલન્ડ (ઈમેઈલથી)*

**શરઈ હુકમ : (૧)** સિરાજુલ ઉમ્મહ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હ઼નીફ઼ા, હઝરત ઈમામ માલિક, હઝરત ઈમામ શાફઈ, હઝરત ઈમામ અહ઼મદ બિન હંબલ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ના મઝહબોમાં જીવન, જીવન પહેલાંના અને મૃત્યુ બાદના સર્વ જરૂરી મસાઈલ સંપાદન થયેલા છે અને હવે એ જ ચાર ઈમામોમાંથી કોઈ એક ઈમામની તક઼લીદ ફ઼ર્ઝ છે, આના પર ઉમ્મતની સહમતી થઈ ચૂકી છે. એ ચાર ઈમામોમાં ઈમામે આ'ઝમ અબૂ હ઼નીફ઼ા رضی اللہ عنہ ને એ ફઝીલત પ્રાપ્ત છે કે આપ તાબઈ છે, ઈ઼લ્મો અ઼મલ અને ફિક઼્હ તથા ફઝીલતમાં સૌથી ઉચ્ચ છે, એટલા માટે આપણે ફુરૂઈ઼ મસાઈલમાં આપની જ તક઼લીદ કરીએ છે. આ તક઼લીદ વાજિબ છે જે કુર્આન અને હદીષથી સાબિત છે. વિગત અને વિસ્તૃત જાણકારી માટે અમારો લેખ "તક઼લીદે ઉ઼ર્ફી કે વુજૂબ કી બહષ"નો અભ્યાસ કરો.

કુર્આને કરીમમાં તેનો હુકમ આપવામાં આવ્યો છે, અલ્લાહ તઆ઼લાનો ઈર્શાદ છે :–

فَسْـَٔلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ

"હે લોકો ! ઈલ્મવાળાઓને પૂછો જો તમને ઈલ્મ ન હોય. (તમે જાણતા ન હોવ)." *(સૂ. નહ્લ, ૧૬/૪૩)*

હદીષમાં છે : હુઝૂર અક઼દસ ﷺ એ ફર્માવ્યું,

الا سالوا اذلم تعلموا فانما شفاء العی السوال

"જાણ ન હતી તો પૂછયું કેમ નહીં કે જહાલતના રોગની દવા તો પૂછવું જ છે."

*(સુનને અબૂ દાઊદ, ૧/૩૯)*

આ આયત અને હદીષમાં એ હુકમ આપવામાં આવ્યો છે કે જે વાત તમે ન જાણતા હોવ તે ઉલ્માથી પૂછી લો જેથી તે પ્રમાણે અમલ કરો, અને ઉ઼લ્માથી પૂછી તે મુજબ અમલ કરવું ઉર્ફમાં તક઼લીદ કહેવાય છે.

આ'લા હઝરત ઈમામ અ઼હમદ રઝા કા઼દરી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–



Web. : www.barkatekhwaja.net

"દરેક મુસલમાન સ્પષ્ટ રીતે જાણે છે કે અલ્લાહ તરફથી તેના પર અમુક બાબતો ફર્ઝ છે, અમુક હરામ, અમુક હદો છે, અમુક અહકામ, અને તેમનામાં જે જાહિલ છે પોતાના દિમાગથી જાણે છે કે તે જાહિલ છે અને એ (પણ જાણે છે) કે જ્યાં સુધી બતાવવામાં ન આવે ખુદ જાણવાથી આજિઝ છે અને સારી રીતે જાણે છે કે અમલ કર્યા વિના છૂટકારો નથી અને ઈલ્મ વિના અમલ થઈ શક્તો નથી. અને શિખ્યા વિના ઈલ્મ આવશે નહીં તો સોચ્યા સમજ્યા વિના તેના દિમાગમાં ખુદ આવી જશે કે તેના પર એવા વ્યક્તિને પૂછવું જરૂરી છે જે મસ્અલો બતાવી હિદાયત ફર્માવે. અને બેશક ! આ વાત સહાબાએ કિરામના જમાનાથી લઈ આજ સુધી નમાઝ અને અન્ય ફર્ઝોના ફર્ઝ હોવાની જેમ મુતવાતિર છે બલ્કે તે દરેક ઈન્સાનની ફિતરી વાત છે, ભલે તે મો'મિન હોય અથવા કાફિર. માટે દરેક જુથના સામાન્ય લોકોને જોશો કે પોતાના ત્યાંના ઈલ્મવાળાઓ પાસે આવે છે અને જેમને પોતાના તબીબ સમજે છે, તેમનાથી પોતાની અજ્ઞાનતાના રોગની દવા પૂછે છે. કારણ કે તેઓ યક઼ીનની સાથે પોતાના દિલથી જાણે છે કે આપણે આ જ રીતે (પૂછીને) પોતાના ફર્ઝને અદા કરી શકીશું અને યક઼ીનન! આ તક઼લીદથી જ છે, ન કે ઈજતેહાદથી."

*(અતાઈબુસ્સયિબ અલા અર્દિત્તયિબ, ફતાવા રઝવિય્યહ્, ૧૧/૩૧૯)*

સારાંશ ! આ વાત કુર્આન, હ઼દીષ અને ઈન્સાનોના તવાતુર (સતત ક્રમ) સૌથી સાબિત થાય છે કે **જે વાત માલૂમ ન હોય તેને ઈલ્મવાળાઓથી માલૂમ કરી અમલ કરવામાં આવે અને આ જ મુસલમાનોના ઉર્ફમાં તક઼લીદ છે જે વાસ્તવમાં કુર્આન અને હદીષનું અનુસરણ છે.** ફતાવા રઝવિય્યહ્માં છે :–

"જ્યાં સુધી દલીલે ક઼તઈ સરળતાથી મળે દલીલે ઝ઼ન્ની પર અ઼મલ જાઈઝ નથી. હું કહું છું : એટલા માટે જ ગેર મુજ્તહિદ પર મુજ્તહિદ ઈમામોની તક઼લીદ ફર્ઝ છે અને તેને છોડીને હદીષ પર અમલ હરામ છે કે એ (ગેર મુજ્તહિદ) હદીષને સમજી શકશે નહીં, ન તેમાં રાજેહ–મરજૂહ઼, નાસિખ–મન્સૂખ, સિહ઼તે ઈસ્નાદ, સિહ઼તે મતન, સિહ઼તે ફિક઼હીને જાણી શકશે. તો તેને અલ્લાહના હુકમ પર ઝ઼ન્ન (ગુમાન) પણ નહીં મળી શકે. પોતાના વહેમને ઝ઼ન સમજી લેવું અલગ વાત છે. અને (કોઈ) ઈમામના કથન પર અ઼મલ કર્યો તો તેને નિશ્ચિત રૂપે અલ્લાહના હુકમ પર અમલ કર્યો કે :–

فَسْـَٔلُوْٓا اَهْلَ الذِّكْرِ اِنْ كُنْتُمْ لَا تَعْلَمُوْنَ

તમને ઈલ્મ ન હોય તો ઈલ્મવાળાઓને પૂછો. (અન્નહ઼લ, ૪૩) તો યક઼ીનને ! છોડીને શક તથા વહેમમાં ફસાવું હરામ છે. *(ફતાવા રઝવિય્યહ્, ૩/૩૫૦, ઈમામ અહ઼મદ રઝ઼ા, એકેડમી, બરેલી શરીફ)* અને અલ્લાહ બેહતર જાણનાર છે.

**(૨)** જે લોકો તક઼લીદનો ઈન્કાર કરતા હોય અને હિદાયતના ચારેવ ઈમામોથી અલગ રસ્તો અપનાવતા હોય તો તેઓ પોતે ગુમરાહ અને બીજા લોકોને ગુમરાહ કરનાર છે. અ઼લ્લામા સૈયદી અહ઼મદ મિસ્રી તહ઼ાવી رحمۃ اللہ علیہ દુર્રે મુખ્તારના હાશિયામાં ફર્માવે છે :

"જે વ્યક્તિ જમ્હૂર એહલે ઈલ્મો ફિક઼હ અને સવાદે અઅ઼ઝ઼મથી અલગ થઈ જાય તો તે એ વસ્તુ સાથે અલગ થયો જે તેને દોઝખમાં લઈ જશે. તો મુસલમાનોના સમૂહ ! તમારા પર નજાત પામનાર જમાઅત અહલે સુન્નત વલ જમાઅતની પયરવી લાઝિમ છે કે અલ્લાહની મદદ અને તેની હિફાઝત અને તૌફીક઼ અહલે સુન્નતની સાથે રહેનાર માટે છે. અને અલ્લાહનું છોડી દેવું અને તેનું નારાજ થવું એહલે સુન્નતથી વિમુખ થવાવાળા માટે છે. અને હવે નજાત પામનાર જમાઅ઼ત ચાર મઝહબો હ઼ન્ફી, માલિકી,



Web.:-www.barkatekhwaja.net

શાફઈ, હંબલીમાં એકત્ર છે. અલ્લાહ તઆલા એમના પર રહ્‌મત ફર્માવે. આ જમાનામાં એ ચારથી બહાર (અલગ) થનાર બિદઅતી જહન્નમી છે."

આ જમાનામાં જે લોકો ચાર ઈમામોની તક્‌લીદનો ઈન્કાર કરે છે તેઓ ન કેવળ ગે઼ર મુક઼લ્લિદ છે બલ્કે અક઼ીદામાં વહાબી પણ છે. અને વહાબીઓના ઘણા અક઼ીદા ઈસ્લામ વિરુદ્ધ અને કુફ્રિયા છે, એટલા માટે તેમના પર કુફ્રનો હુકમ છે. તેમના અક઼ીદા અને હુકમની વિગત અ઼લ્લામા મુહિ઼બુર્રસૂલ બદાયૂનીની કિતાબ "સૈફુલ જબ્બાર"માં છે જે ઉર્દૂ અનુવાદ સાથે પ્રકાશિત થઈ ચૂકી છે. દેવબંદીઓના એક મોટા આલિમ અને પેશવા મોલ્વી હુસૈન અહ્‌મદ ટાંડવી મદનીએ પણ તેમના અમુક ગુસ્તાખીભર્યા અક઼ીદા પોતાની કિતાબ "અશશહાબુષ્ષાકિ઼બ"માં વર્ણવ્યા છે.

એ સિવાય આ વહાબી ગે઼ર મુક઼લ્લિદો તક્‌લીદને શિર્ક અને મુક઼લ્લિદોને મુશ્રિક ઠરાવે છે. આ રીતે તેમણે બારસો વરસના કરોડો, અરબો, ખરબો (અબજો) બલ્કે અસંખ્ય મુસલમાનોને કાફિર તથા મુશ્રિક ઠરાવ્યા. એ અસંખ્ય મુસલમાનોમાં સેંકડો અવલિયા અલ્લાહ અને બારગાહે ખુદાવંદીના મુક઼ર્રબ બંદા છે. તેમની એક ટૂંકી લિસ્ટ ઈમામ અહ્‌મદ રઝ઼ા رحمۃ اللہ علیہએ ફતાવા રઝવિય્યહ્‌, ભાગ–૩, રિસાલા "અન્નહ્‌યુલ અકયદ"માં વર્ણવી છે. અને સહીહ હદીષનો સાર છે કે જે કોઈ મુસલમાનને કાફિર કહે તે ખુદ કાફિર થઈ જાય છે. હદીષના શબ્દો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ આ પ્રમાણે વર્ણન કર્યા છે :

قال رسول الله صلى الله عليه وسلم انما امرئ قال لاخيه كافر فقد باء بها احدهما ان كان كما قال والا رجعت عليه۔

"રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે પોતાના ભાઈને કાફિર કહ્યો તો બંનેવમાંથી એક પર (કુફ્રનો) હુકમ પલટશે. જેને કાફિર કહ્યો અગર તે તેવો જ છે (કાફિર છે) તો ઠીક નહીં તો એ કહેનાર કાફિર થઈ જશે. (સહીહ મુસ્લિમ શરીફ, ૧/૫૭) વલ્લાહુ તઆલા અઅ્‌લમ

**(૩)** જવાબ નંબર ૨થી એ હક઼ીક઼ત સ્પષ્ટ થઈ ગઈ કે ગૈર મુક઼લ્લિદો કમસે કમ ગુમરાહ અને ગુમરાહ કરનાર અને વહાબી ગૈર મુક઼લ્લિદો તો પોતાના કુફ્રિયા અક઼ીદાઓના કારણે અને અસંખ્ય અવલિયા અલ્લાહ અને મુસલમાનોને કાફિર ઠરાવવાના કારણે ફુક઼હાએ કિરામના કથન અનુસાર કાફિર પણ છે. માટે વહાબી ગૈ઼ર મુક઼લ્લિદોને કોઈ દીની ઈદારાના મુદર્રિસ બનાવવા, કોઈ મસ્જિદના પ્રમુખ (ટ્રસ્ટી), સેક્રેટરી અથવા સભ્ય બનાવવા અથવા તેમને કોઈ દીની પદ આપવું જાઈઝ નથી. હુઝૂર સૈયદે આ઼લમ ﷺએ આવા લોકોથી દૂર રહેવા અને તેમને દૂર રાખવાનો હુકમ આપ્યો છે. આપ ﷺના શબ્દો છે : ایاکم وایاھم یضلونکم ولا یفتنونکم۔ "તમે તેમનાથી દૂર રહો અને તેમને પોતાનાથી દૂર રાખો (ક્યાંક) તમને તેઓ ગુમરાહ ન કરી દે અને તમને ફિત્નામાં ન નાખી દે." (મુસ્લિમ શરીફ) વલ્લાહુ તઆલા અઅ્‌લમ.

**(૪)** એમ જણાય છે કે આ વ્યક્તિને વહાબી ગૈ઼ર મુક઼લ્લિદોના અક઼ીદાની જાણ નથી, માટે તેને નરમી સાથે વહાબી ગૈ઼ર મુક઼લ્લિદોના કુફ્રિયા અક઼ીદા બતાવવામાં આવે, અને ઉલ્માએ હક્ક઼ એહલે સુન્નત વ જમાઅતે એમના વિશે જે હુકમ બયાન કર્યા છે તે પણ બતાવવામાં આવે. ગાલિબ ગુમાન છે કે જાણ થયા બાદ તે પ્રમુખ આવુ નહીં કરે. તેની ઈસ્લાહની કોશિશ જરૂરી છે. આ વિશે અમારી કિતાબ "વહાબી દેવબંદી કે અહકામ"નો અભ્યાસ ઘણો લાભકારક થશે. વલ્લાહુ તઆલા અઅ્‌લમ

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, સપ્ટે. ૨૦૨૧)*

Web. www.barkatekhwaja.net

# બાજમાઅત નમાઝનું એક દિલચસ્પ પાસુ

કાર્યાલય

આપની સાથે પણ કદાચ એવું બન્યું હોય કે કોઈ દોસ્તને શુભેચ્છાની ભાવના સાથે આપે એવું કહ્યું કે આપ નમાઝ કેમ નથી પઢતા ? અને તેમણે જવાબ આપ્યો હોય કે નમાઝ પઢીને કોણ મોટો માણસ બની ગયો ! શક્ય છે આ વાક્ય આપના કાનોએ પણ સાંભળ્યું હોય, પરંતુ કદાચ શરઈ હુકમ જાણવા સિવાય કોઈ અન્ય બાજુ તમારું ધ્યાન નહીં ગયું હોય. જાહેરમાં એ એક વાક્ય છે પણ હકીકતમાં એ ઝહેર મિશ્રિત વિચારસરણીની ચાડી ખાય છે જે સમાજમાં ઈબાદતોના સંબંધે માર્ગની રૂકાવટ બની છે અને એ વિચારસરણી છે ઈબાદતોમાં પણ દુનિયવી ફાયદા શોધવા. આ ઝહેર મિશ્રિત વિચારધારાનો ખુલાસો એ છે કે લોકો નમાઝ તથા અન્ય ઈબાદતોથી એટલા માટે પણ દૂર ભાગી રહ્યા છે કે એમનામાં તેમનો કોઈ જાતી ફાયદો નજર નથી આવતો. જો નમાઝ પઢીને તેમની પોતાની અમુક અંગત સમસ્યાઓ હલ થઈ જાય તો નમાઝના માટે દોડતા આવશે.

એમાં કોઈ શંકા નથી કે નમાઝ કોઈ અંગત લાભને લક્ષમાં રાખીને મશરૂઅ (શરીઅતમાં લાગુ) નથી કરવામાં આવી. એનાથી હેતુ ખુદાની ખુશ્નૂદી અને તેની હુઝૂર પોતાની બંદગીનું નઝરાણુ પેશ કરવું છે. આ નમાઝના હેતુનું પાસુ છે જેને ખૂબ સ્પષ્ટ કરવામાં આવેલ છે. પરંતુ નમાઝની સાથે જોડાયેલા જે બીજા ફાયદાઓ છે જે એક નમાઝીની જિંદગીથી છલકતા દેખાય દે છે એ ફાયદાઓથી બેધ્યાન રહેવું પણ શક્ય નથી. આ લખાણ નમાઝની સામાજિક જરૂરતને જાહેર કરીને અસલમાં લોકોનું ધ્યાન એ તરફ દોરવું છે કે **નમાઝ પઢીને કેવળ જન્નત જ નહીં મળે બલ્કે દુનિયામાં પણ એક પુર સુકૂન જિંદગી નમાઝ જેવી ઈબાદતની અદાયગીથી હાંસલ થશે.**

## ★ સમાજની પ્રગતિનું પ્રથમ પગથિયું નમાઝ ★

કોઈ સમાજ ત્યાં સુધી એક કદમ પણ આગળ નથી વધી શકતો જ્યાં સુધી એમાં વસનારાઓમાં ભાઈચારો તથા મહોબ્બતની ભાવનાઓ ન હોય. ભાઈચારાની ભાવનાથી કેવળ મોઢાથી બોલવાનું નહીં બલ્કે અમલી રીતે જિંદગીમાં એની અસરો પણ જોવી જોઈએ. આમ તો પૂરો ઈસ્લામ ભાઈચારગી તથા મહોબ્બતની તા'લીમથી ભરપુર છે, પરંતુ તેને જાહેર થવાની મહાન જગા (ઉગમ સ્થાન) નમાઝ બાજમાઅત છે. નમાઝના માટે જ્યારે જમાઅત ઉભી થાય છે તો મન્ઝર એવો હોય છે કે **પ્રથમ આવનાર ગરીબ પહેલી સફમાં ઉભો થાય છે અને બાદમાં આવનારો અમીર છેલ્લી સફમાં ઉભો રહે છે. કમજોર શક્તિવાનના ખભાથી ખભો મિલાવીને ઉભો રહે છે. ક્યારેક એવું પણ બને છે.** કે આપસમાં હદ દરજા અદાવત રાખનારા એકબીજાની તદ્દન નજીક ઉભા થઈ જાય છે. ઈસ્લામી તા'લીમાતનો ખૂબ જ હસીન મન્ઝર પેશ કરનાર આ અમલ યકીનન ! જોવા જેવો હોય છે.

અહીં વિચારપાત્ર વાત એ છે કે જ્યારે સમાજમાં વસનારા દિવસ રાતમાં પાંચવાર ભાઈચારગીનો જઝબો તાજો કરશે અને વારંવાર આ અમલને દોહરાવશે જેથી ઈસ્લામની સમાનતાનો ખયાલ તેમના

Web : www.barkatekhwaja.net

દિલો દિમાગમાં રચી વસી જશે, તો યકીનન ! મસ્જિદની બહાર તેના અમલી પ્રદર્શનો જોવા મળશે. નમાઝને બાજમાઅત મશરૂઅ કરવામાં એક મહત્વનો પૈગામ એ પણ આપવો છે કે મુસ્લિમ સમાજના તમામ રહેવાસી આપસમાં ભાઈ ભાઈ છે. આજે મુસ્લિમ સમાજમાં નફરતોની આગ લાગેલી છે. પિતા પુત્રમાં એકતા નથી, ભાઈ ભાઈમાં એકતા નથી, દરેક ઘરમાં નફરતોનું ઝહેર ઘોળેલુ છે. નફરતો તથા ઝઘડાઓના સબબો પર રોશની નાખતી વખતે સામાન્યતઃ એ જ વાતો કહેવામાં આવે છે કે મિજાઝ આપસમાં મેળ નથી ખાતા, સહનશક્તિની કમી છે. એ પ્રમાણે ઘણા સબબો ગણાવી શકાય છે જ્યારે કે એક સૌથી મોટુ કારણ એ પણ છે કે ઈસ્લામી તા'લીમાતથી આપણે પોતાને માઈલો દૂર રાખેલ છે. સમાજમાં નમાઝીઓની સંખ્યા કેટલી છે ? અને જેઓ છે તો તેમાં જમાઅતની પાબંદી કેટલામાં છે ? પછી તો સમાજમાં નફરતો અડ્ડો જમાવવાની જ છે !

આ આમ અનુભવની વાત છે કે સમાજમાં એ ઘરોમાં ઝઘડા ઘણા ઓછા છે જ્યાં નાના મોટા સૌ નમાઝની પાબંદી કરે છે. એવું કેમ થાય છે ? અસલમાં બાજમાઅત નમાઝ પઢવાના સબબ જેવી રીતે રૂહાની તાષીર મળે છે એવી જ રીતે ભાઈચારાનો જઝબો એવો તાજો રહે છે કે નમાઝી ઘરમાં પણ બહાર પણ કોઈને નફરતભરી નજરે જોવાનું પસંદ નથી કરતો. સારાંશ કે વ્યક્તિઓથી સમાજ વજૂદમાં આવે છે. જ્યારે દરેક વ્યક્તિના દિલમાં ભાઈચારગીનો જઝબો સતત ઉભરાતો રહેશે તો સમાજ નફરતોથી પાક રહેશે, ચોતરફ ભાઈચારાની ખુશ્બુઓ મહેકશે, પરિણામે સમાજ પળે પળે એક નવો ઉમંગ હાંસલ કરતો જશે.

### ★ અસંખ્ય ઝઘડાઓનો હલ નમાઝ ★

આજે ઘરેલુ તથા અન્ય ઝઘડાઓના સબબો ગણાવતી વખતે સામાન્યતઃ દાનિશ્વરો એ જ વાત દોહરાવે છે કે ગુસ્સા પર કન્ટ્રોલ નથી થતો. નાની વાતો પર ઉશ્કેરાઈ જવું, ક્યાંનો ગુસ્સો ક્યાં ઉતારવો, એ જ ચીજ ઘરેલુ ઝઘડાનો સબબ બને છે. જ્યારે કે અસલ સબબ ઘમંડ છે. ઘરનો એક આગેવાન ઘરમાં કાંઈ કહે છે અથવા કરે છે તો તેના દિલો દિમાગમાં ક્યાંકને ક્યાંક એ એહસાસ છુપાયેલો રહે છે કે મારા કહ્યા અથવા કર્યા સામે કોઈ આંગળી ઉઠાવવાની હિંમત નથી કરી શક્તું ! આ એહસાસનું નામ તકબ્બુર, ઘમંડ છે. નહીં તો ઘરમાં રાજા બનનાર પોતાના કોઈ મોટાની સામે મોટી મોટી વાતો પર તદ્દન મૂર્તિવંત ખામોશ રહે છે. એ જ પ્રમાણે જુલ્મ કોઈ આમ નથી કરતું, કમજોરો પર હાથ અમસ્તો જ નથી ઉઠી જતો, નાનાઓને હાથનુ રમકડુ આમ જ નથી બનાવવામાં આવતુ, એ સર્વ ગુનાહોની પાછળ અસલ પ્રેરક બળ બડાઈનો એહસાસ છે. હું કાંઈક છું !

નમાઝ એ જ તકબ્બુર અભિમાનને તોડે છે. તકબીરે તહરીમાના વખતે હાથોને કાનો સુધી લઈ ગયા બાદ ડૂંટી નીચે બાંધી લેવા એ અસલમાં નમાઝીની તરફથી એલાન છે કે, હે ખુદા ! હવે દુનિયા સાથે મારો કોઈ સંબંધ નથી, હવે તારી સમક્ષ ઉભો છું, તને મારો રબ, મઅબૂદ, ખાલિક઼, રઝ્ઝાક઼ માનુ છું. મૌલા ! સર્વ કાંઈ તારું છે, મારું કાંઈ જ નથી ! આજીજીની સફર તકબીરે તહરીમાથી શરૂ થાય છે. પછી રુકૂઅના સ્વરૂપમાં આગળ વધે છે. પછી બંદો પોતાના શરીરના સૌથી ઉચ્ચ માનપાત્ર હિસ્સા એટલે પેશાનીને જેને તે ક્યાંય નમાવવી પસંદ નથી કરતો તેને પોતાના રબ સમક્ષ ઝુકાવી દે છે. અને સાચુ પૂછો તો નમાઝ આ જ આજીજીનો હેતુ છે. ઈર્શાદે બારી તઆલા છે :



Web.:www.barkatekhwaja.net

قَدۡ اَفۡلَحَ الۡمُؤۡمِنُوۡنَ ۙ﴿۱﴾ الَّذِيۡنَ هُمۡ فِىۡ صَلَاتِهِمۡ خٰشِعُوۡنَ ۙ﴿۲﴾

"બેશક ! મુરાદે પહોંચ્યા ઈમાનવાળા જેઓ પોતાની નમાઝમાં (આજીજીથી) ગદ ગદ થાય છે."

*(સૂરએ મુઅ્મિનૂન્, ૨૩/૧,૨, કન્ઝુલ ઈમાન)*

આજીજી અને બંદગીનો આ અમલ દિવસમાં પાંચ વાર દોહરાવ્યા પછી બંદગીનો ખયાલ દિલો દિમાગમાં રચી વસી (જામી) જશે. તો નમાઝની બહાર પણ જિંદગીમાં તેની અસરો જરૂર દેખાય દેશે. પરિણામે બડાઈના એહસાસની કૂખેથી જનમ લેનારા સર્વ મસાઈલ ધીમે ધીમે ખત્મ થઈ જશે.

## ★ નમાઝ સમાજને બુરાઈઓથી પાક રાખે છે ★

જે ધર્મોમાં મૃત્યુ બાદ અમલો સંબંધે જવાબ આપવા વિશેની કોઈ માન્યતા નથી તેમના અનુયાયીઓમાં ગુનાહોમાં પડવાના બારામાં જે બેબાકી જોવા મળે છે એને વર્ણવવાની જરૂરત નથી. પરંતુ એ જ ખયાલની અસરો આજે મુસ્લિમ સમાજમાં દરેક જગાએ જોવા મળી રહી છે. ગુનાહ કરતી વખતે ખુદાનો ખૌફ મહેસૂસ કરવો તો દૂર રહ્યું બલ્કે ઘણી જ દિલીરીનું પ્રદર્શન કરીને ગર્વભેર લોકો ગુનાહ કરતા જોવા મળે છે. કોઈ રોકે તો એવું કહીને ટાળી દે છે કે, "હવે તે આ ફેશન બની ગયેલ છે ! એવું નહીં કરીએ તો લોકો બેવકૂફ સમજશે !" ફેશનના નામ પર જે કાંઈ થઈ રહ્યું છે એ અસલમાં દિલો દિમાગમાંથી આખેરતના ખયાલના મુરઝાઈ જવાનું પરિણામ છે.

નમાઝ આખેરતના તસવ્વુર (ખયાલ)ને સતત તાજો રાખે છે. ખુદાની હુઝૂર રાત તથા દિવસમાં પાંચ મર્તબા પેશાની રગડનારાનાં દિલો દિમાગથી એક પળના માટે પણ અમલોનો જવાબ આપવા વિશેનો ખયાલ ગાયબ નથી થઈ શક્તો. અલ્લાહ પાકનો કુર્આન મજીદમાં નમાઝના સંબંધે આદેશ છે : اِنَّ الصَّلٰوةَ تَنۡهٰى عَنِ الۡفَحۡشَآءِ وَالۡمُنۡكَرِ "બેશક નમાઝ મના કરે છે બેહયાઈ તથા બુરી વાતથી."

*(સૂરએ અન્કબૂત, આ. ૪૫, કન્ઝુલ ઈમાન)*

નમાઝ જેવી રીતે આખેરતના તસવ્વુરને સતત તાજો રાખે છે, તેવી જ રીતે અમલોના પર વિચારણાનો એહસાસને તાજો રાખે છે અને એ એહસાસ ગુનાહોથી દૂર રાખે છે. જો અજાણતામાં એક નમાઝીથી કોઈ ગલતી થઈ પણ જાય છે તો પછી નમાઝની અઝાન સાંભળતાં જ મસ્જિદની તરફ ઉઠનારા કદમ ભારે થઈ જાય છે અને એ એહસાસ નમાઝનો સમય નજીક આવતાં આવતાં આંસુઓના સ્વરૂપમાં ઢળવા લાગે છે. અને પાંચ સમયોની નમાઝનો પાબંદ ગુનાહોથી પાક તથા સાફ રહે છે. હવે ધ્યાનપૂર્વક આકા علیہ الصلوٰۃ والسلام ની આ હદીષને પાકને વાંચો :–

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે આકા ﷺ ઈર્શાદ ફર્માવે છે : "જો તમારામાં કોઈના દરવાજાના કિનારે નહેર હોય અને તે એમાં પાંચવાર નહાય તો શું તેના શરીર પર કોઈ મેલ બાકી રહી જશે ? સહાબાએ અર્ઝ કરી કે, નહીં હુઝૂર ! તેના શરીર પર કોઈ મેલ બાકી રહેશે નહીં. તો સરકાર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, આ જ રીતે પાંચ નમાઝો માણસના ગુનાહોને મિટાવી દે છે."

*(સહીહ બુખારી, કિતાબુસ્સલાત)*

માણસ ખયાલો કલ્પનાઓની દુનિયામાં કેવળ ગુનાહોથી પાક નથી થઈ જતો, બલ્કે હકીકતમાં નમાઝમાં એ તાષીરી આકર્ષણો તથા સબબો છે જે માણસને ગુનાહોથી પાક રાખે છે.

અહીં એક સવાલ એ પણ દોહરાવવામાં આવે છે કે નમાઝી લોકો ક્યાં બુરાઈથી દૂર રહે છે ?! શું

web.:www.barkatekhwaja.net

નમાઝ એમને બુરાઈઓથી નથી રોકતી ? જી હા ! રોકે છે. નમાઝ ઝબાને હાલથી વારંવાર કહે છે કે, હે ખુદાની હુઝૂર સજદામાં માથુ રાખનારા ! આટલા જલ્દી ખુદાને ન ભૂલ ! જે રબની બારગાહમાં તેં સજદા કર્યા છે તે મસ્જિદની બહાર પણ તારા દરેક કૃત્યોને જોઈ રહ્યો છે. પણ નમાઝી નમાઝની આ પોકાર નથી સાંભળતો અને પોતાના નફ્સની પોકાર પર લબ્બૈક કહે છે અને તે દરેક તે કામ કરી નાખે છે જે એક નમાઝીની શાનની વિરુદ્ધ હોય છે.

## ★ નમાઝ પોઝિટિવ ભાવનાઓને ઉત્તેજન આપે છે ★

નકારાત્મક ભાવનાઓ સમાજના માટે નાસૂર છે. નકારત્મક ભાવનાઓમાં હવસ પરસ્તી પણ છે. હવસની ભૂખ મિટાવવા માટે એક શખ્સ સામાજિક હક્કોને પગો નીચે કચડીને દરેક તે કામ કરી નાખે છે જેમાં અન્યોને ઉઘાડુ નુકસાન હોય છે. હવસની ભૂખ કેમ કે કદી સંતોષાતી નથી એટલા માટે હવસપરસ્તોના હાથો વડે હમેશાં સમાજનું શોષણ થતુ રહે છે. આ સામાજિક શોષણને નમાઝ સરળ તાપૂર્વક રોકી દે છે. એટલા માટે કે નમાઝની બરકતથી કનાઅત પરવરી (થોડામાં રાજી રહેવા)નો જઝબો પેદા થાય છે અને કનાઅત પરવરીનો જઝબો હવસપરસ્તીથી વિરુદ્ધ એક સકારાત્મક (પોઝિટિવ) અને સમાજને સુકૂન તથા ઈત્મિનાન (સંતોષ)થી ભરી દેનારો જઝબો છે. ઈર્શાદે બારી તઆલા છે :

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِذَا نُوْدِیَ لِلصَّلٰوةِ مِنْ يَّوْمِ الْجُمُعَةِ فَاسْعَوْا اِلٰى ذِكْرِ اللّٰهِ وَ ذَرُوا الْبَيْعَ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ

"હે ઈમાનવાળાઓ ! જ્યારે નમાઝની અઝાન થાય જુમ્આના દિવસે તો અલ્લાહના ઝિક્રની તરફ દોડો અને ખરીદ વેચાણ છોડી દો, એ તમારા માટે બેહતર છે જો તમે જાણો." *(સૂરએ જુમ્આ, ૬૨/૯, કન્ઝુલ ઈમાન)*

અઝાન જો કે નમાઝની ખબર છે. એને સાંભળતાં જ નમાઝી પોતાના કદમોને મસ્જિદની તરફ આગળ વધારવા માંડે છે, ભલે સામે દૌલતના અંબાર હોય, દિલ લલચાઈ રહ્યું હોય, હવસ ઉછાળા મારી રહી હોય, પરંતુ ન દિલનો ખયાલ રાખવાનો છે, ન હવસનું સાંભળવાનું છે બલ્કે અલ્લાહનો હુકમ સાંભળતાં જ મસ્જિદની તરફ પ્રમાણ કરવું છે. આ જ પ્રમાણે પાંચ સમયના તર્બિયતી અમલથી ગુજર્યા બાદ માણસ કનાઅતપરવરી (થોડામાં જે મળે તેમાં રાજી થવા)ના જઝબાથી સજ્જ થઈ જાય છે કે અલ્લાહ કરીમ જેટલુ આપી દે એના પર સંતોષ માનવો છે, એનાથી વધુની ખ્વાહિશ છે ન તલબ. પછી અહીં વારંવાર હવસનું કહ્યું ન માનીને જ્યારે ખુદાના આપેલા પર સંતોષ માનશે તો ખુદ્દારીનો જઝબો ઉછેર પામશે, કે આપનારો ખુદા છે તો પછી ઝૂકવું પણ તેની જ બારગાહમાં છે, અને રઝ્ઝાકે હકીકી આપે એના પર બસ કરવું છે. કોઈ બાજુ કોઈ ચોખટ (ઉંબરા) પર હાથ નથી ફેલાવવો. પછી ધીરે ધીરે એ ખુદ્દારીનો જઝબો એ કક્ષાએ પહોંચી જાય છે કે તેને ક્યાંય ઝુકવાની નોબત નથી આવતી અને એ એક સજદો હજાર સજદાઓથી બચાવી લે છે. જેમ કે ડૉ. ઈકબાલે કહ્યું :–

યહ એક સજદા જિસે તૂ ગિરાં સમઝતા હે
હઝાર સજદોં સે દેતા હે આદમી કો નજાત

## ★ નમાઝ બાઉસૂલ (નિયમિત) જિંદગી આપે છે ★

નમાઝની એક વિશિષ્ટ ખૂબી એ પણ છે કે તેને દરરોજ પાંચવાર અદા કરવાની છે પછી સમયોનો કાયદેસર રીતે એક ખૂબસૂરત ક્રમ રાખવામાં આવેલો



Web.:www.barkatekhwaja.net

છે, અને નિયત સમયે નમાઝની પાબંદી કરનારાઓના વિશે ઢગલાબંધ ખુશ ખબરીઓ સંભળાવવામાં આવી છે, જેથી સમય પર નમાઝ પઢવાનું મહત્વ અધિક ઉઘાડુ થઈ જાય. એ સમયોની પાબંદી કરવાથી જિંદગી એ માળખામાં ઢળેલી આવશે. ફજર અદા કરવાથી પોતાના દિવસની શરૂઆત ખુદાના ઝિક્રથી કરશે. એ ઝિક્રની અસરો દિવસભરના કામોમાં જોવા મળશે, સાથોસાથ સવારની ઠંડી તથા સાફ સ્વચ્છ હવાઓ અગણિત બીમારીઓથી મહેફૂઝ રાખશે. કામનો સફર એક લાંબા સમય સુધી ચાલુ રહેવાના સબબથી પેદા થનાર થાક કામની ગતિને અટકાવી ન દે એટલા માટે એક શક્તિની જરૂરત છે. હવે ઝોહરની નમાઝ માટે મસ્જિદની તરફ પ્રમાણ કરશે. પછી કેટલાક સમય સુધી ઝિક્રે ઈલાહીમાં મશગૂલ રહીને દિલી સુકૂન પણ હાંસલ કરશે. અને આ સુકૂન જે શક્તિ આપશે કદાચ એ શક્તિ દુનિયાની કોઈ ચીજ આપી શકશે નહીં. પછી એ શક્તિ વડે એક નવી સફર શરૂ કરશે. એ જ પ્રમાણે એક સમય ગાળા બાદ ફરી નમાઝે અસરમાં ઝિક્રે ઈલાહીથી શક્તિ પ્રાપ્ત કરશે. પછી મગરિબમાં એ જ પ્રમાણે શક્તિ હાંસલ કરશે. પછી રાતનો અંધકાર છવાઈ જશે. હવે તે પોતાની મશગૂલિયતથી ફારિગ થઈને બિસ્તર પર જતા પહેલાં પોતાના સફરને ઈશામાં ઝિક્રે ઈલાહીના સ્વરૂપમાં ખત્મ કરશે. એ જ પ્રમાણે સફરની શરૂઆત પણ ઝિક્રે ઈલાહીથી થઈ અને અંત પણ ઝિક્રે ઈલાહીથી થયો. શું આવા મુબારક સફરમાં કોઈપણ પ્રકારની કોઈ દુર્ઘટના થઈ શકે છે ? નહીં ! કદાપિ નહીં ! વારંવાર ખુદાની હુઝૂર જે શક્તિ હાંસલ કરશે એ એના વૈચારિક તથા અમલી બંનેવ પાસાંઓને આર્થિક, સામાજિક તથા નિયમાનુસાર જિંદગીની દરેક કક્ષાએ તદ્દન સહીહ દિશા અર્પણ કરશે. સમયસર સૂવા, જાગવા તથા ખાવા પીવાની પાબંદી ન કરવાના કારણે જેટલી સમસ્યાઓ આજે સમાજ સામે ખડી છે તે સર્વ સમસ્યાઓનું નિવારણ નમાઝના સમયોની પાબંદીમાં સમાયેલ છે. આજે ટાઈમ મેનેજમેન્ટની સુધારણા આમ તથા ખાસ લોકોની જીભે છે જેને જિંદગીમાં કામયાબીનું પ્રથમ પગથિયું ખયાલ કરવામાં આવે છે. **ટાઈમ મેનેજમેન્ટનો જે ખયાલ ઈસ્લામ નમાઝોના સમયોના સ્વરૂપમાં આપે છે એનાથી શ્રેષ્ઠ ખયાલ ક્યાંય નથી મળી શકતો.**

## ★ નમાઝ એકતા કાયમ રાખે છે ★

નમાઝ કેવળ એકતા પેદા નથી કરતી બલ્કે એકતા–ઈત્તેહાદને સલામત રાખે છે. એકતા શાથી તૂટે છે ? જ્યારે જમાઅતની દરેક વ્યક્તિ સરદાર બનવાની કોશિશ કરે છે તો એકતાના ટુકડા ટુકડા થઈ જાય છે. જમાઅત જ્યારે કોઈ લાયક તથા યોગ્ય વ્યક્તિને પોતાનો રેહબર સ્વીકારી લે તો વિખેરવાની શક્યતાઓ ખત્મ થઈ જાય છે આજે મુસલમાન ગૃપબંધી પૂર્વગ્રહનો શિકાર છે. ખાસ કરીને શહેરોમાં દરેક ગલીમાં એક ગૃપ મળશે જે સતત અન્ય ગૃપને નીચા પાડવાના ચક્કરમાં જાનની બાજી લગાડવાના માટે સક્રિય રીતે લાગેલુ રહે છે અને અફસોસની વાત એ છે કે આ ગુરૂતા ગ્રંથિ (મોટાઈનો એહસાસ) દીની બાબતોમાં પણ પ્રવેશી ચૂકી છે. આ પૂર્વગ્રહને એક નાના સરખા ગૃપથી થોડાક ઉપર લઈ ચાલીએ તો તેની લપેટમાં પૂરી જમાઅતે અહલે સુન્નત આવી ચૂકી છે. તબાહીના ભડકા ચોતરફ ઉઠી રહ્યા છે. દીનના નામ પર પોતાના કાર્યક્ષેત્રથી બહાર નીકળીને એકતા દરેક તન્ઝીમના માટે જાણે એક આગના દરિયામાં તરવું છે. નમાઝ આ મસ્અલાનો હલ પણ આસાનીથી પેશ કરી આપે છે.

નમાઝમાં એક આલિમે દીનને આગળ અને બાકી સર્વને પાછળ ઉભા રહેવાનો હુકમ આપીને એક

Web.:www.barkatekhwaja.net

પયગામ એ પણ આપવું છે કે મુસ્લિમ સમાજે એક એવો રહબર તથા રહનુમા પસંદ કરી લેવો જોઈએ જે કુર્આન હદીષનો જાણકાર હોય, નમાઝમાં ઈમામત તથા કયાદતનો જે નિઝામ (વ્યવસ્થા) રાખવામાં આવેલ છે બિલ્કુલ એવી જ વ્યવસ્થા આપણી જિંદગીમાં લાગુ થઈ જાય તો મુસ્લિમ સમાજમાં મતભેદ કદી પેદા જ ન થાય. વિચાર કરો કે મુકતદીએ સૌ પ્રથમ اقتديت بهذا الامام (પાછળ આ ઈમામની)ના શબ્દો થકી નિય્યત કરવાની છે અને એ કેવળ ઝબાની નિય્યત નથી બલ્કે એક અહદ (કરાર, વચન) છે અને અહદનો ખયાલ પૂરી નમાઝમાં રાખવાનો છે. પછી જ્યાં સુધી ઈમામ રુકૂઅ તથા સજદો ન કરે ત્યાં સુધી તે પણ નથી કરી શક્તો. ઈમામ કિરાઅત કરે તો ખામોશીપૂર્વક સાંભળવાનું છે. આ પ્રમાણે નમાઝ પૂર્ણ થતા સુધી ઈમામની પયરવી (અનુસરણ) કરવાની છે. એ જ પ્રમાણે ઈમામ સાહબે તમામ મુકતદીઓની નિય્યત કરવાની છે અને એ પણ અસલમાં એક હલફનામા (કરાર) છે જેનો ખયાલ પૂરી નમાઝમાં રાખવાનો છે. એવું કહી શકાય છે કે જાણે મુકતદીએ ઘણી જ તાબેદારી સાથે પાછળ પાછળ ચાલવાનુ છે, અને ઈમામે ઘણી જિમ્મેદારીની સાથે રસ્તો બતાવવાનો છે.

થોડુક સરખુ દિમાગ પર અધિક જોર આપીને વિચારો કે ક્યાંક મુકતદી પોતાના ઈમામમાં કોઈ અયબ (ખામી) પામીને બદઝન ન થઈ જાય અને બદગુમાની તેને તેના રહેબરથી દૂર ન કરી દે. એટલા માટે ઈમામતના હોદ્દા પર બિરાજમાન થવા માટે શરતો લાગુ કરી દેવામાં આવી કે કુર્આનનો અધિક જાણનાર હોય, મુત્તકી (ખુદાથી ડરનાર) હોય, નસબ તથા કમાલના એતબારથી બુલંદ હોય, જો આ સર્વ વાતો ઈમામમાં મૌજૂદ હોય તો બદ્ગુમાની તો દૂરની વાત છે, બલ્કે મુકતદી હમેશાં જાંનિષાર બનીને પોતાના ઈમામની હિફાઝત કરશે. સામાન્યતઃ જોવામાં આવ્યું છે કે જમાઅત પોતાના રેહબર (સરદાર)થી એટલા માટે પણ દૂર ભાગે છે કે રેહબર અપાત્ર હોવા છતાં પોતાની સરદારી જબરદસ્તી મનાવવા માટે અડી જાય છે. ઈમામતની શર્તો અસલમાં જમાઅતની દીવાલ પર પડનારાં છિદ્રોને બંધ કરવા માટે છે. થોડુક અધિક જોર આપીને વિચારો ! નમાઝમાં લુકમો આપવાને પણ જાઈઝ રાખવામાં આવ્યું. શા માટે ? ક્યાંય ઈમામ એવું ન સમજે કે ઈમામ બન્યા પછી ગલતીઓ નથી થઈ શકતી ! જો પાંચ વખતની નમાઝ પઢવાવાળા આજના કાઈદો (સરદારો) કેવળ નમાઝ પરથી જ એ સબક હાંસલ કરી લે તો દૂર નથી કે ઉમ્મત નમાઝ બાજમાઅતની જેમ એક સફમાં ઉભી થઈ જાય. જ્યારે જમાઅતના રેહબર પોતાને બેલગામ (આઝાદ) સમજવા લાગે છે તો જમાઅતથી વ્યક્તિઓ કટ થવા માંડે છે. નમાઝની જમાઅતમાં લુકમા (ઈમામતને ભૂલ પર બતાવવા)ને જાઈઝ રાખીને ઈમામતને અધિક મજબૂતી બખ્શવુ છે.

વળી લુકમો આપવામાં મુકતદીઓને એ હિદાયત આપવામાં આવી કે ઈમામ જો કિરાઅતમાં સૂરત ભૂલવા લાગે તો તાત્કાલિક ન ટોકે બલ્કે રાહ જુએ. રાહ જોવાનો હુકમ આપીને મુકતદીઓના અધિકારના વર્તુળને સમેટવામાં આવ્યું કે આ છૂટનો દુરૂપયોગ જમાઅતની સુંદરતાને ન બગાડે. વિના કારણે કોમના રહબરો સંબંધે ધડ માથા વિનાની વાત કરનારા જમાઅત સાથે નમાઝ તો જરૂર પઢતા હશે, તેઓ થોડીવારના માટે વિચારે કે તેમના વારંવારના લુકમાઓથી જમાઅતના હુસ્ન (ખૂબસૂરતી)માં વધારો થશે કે જમાઅતનો ચહેરો અધિક ખરાબ થઈ જશે.

Web. www.barkatekhwaja.net

થોડુક અધિક દિમાગ પર જોર કરીને વિચારો ! કે જે રીતે ઈમામતને શરતો સાથે ઘેરવામાં આવી બિલ્કુલ એ જ પ્રમાણે મુક્તદીને પણ પાબંદી હેઠળ દબાવવામાં આવ્યો. જો એક રકાત છૂટી પણ ગઈ તો મુક્તદીએ જમાઅતથી અલગ નથી જઈ જવાનું ! બલ્કે આખરી ક઼ાઈદામાં સામેલ થવાનો મોક઼ો મળે તો પણ જોડાય જવાનું છે. જમાઅતમાં જોડવાનો કેવો ખયાલ રાખવામાં આવ્યો ?! અહીં રોકાયને વારંવાર વિચારો ! છેલ્લી હદ સુધી જમાઅતમાં જોડાવાનો સબક નમાઝ શીખવાડે છે. છેવટે આજે નમાઝીઓને શું થઈ ગયું છે કે જમાઅત સાથે નમાઝ પઢીને પોતાનાંઓને જમાઅતથી કાઢવાનું સોચી રહ્યા છે ! બખુદા ! નમાઝ ઈબાદત તથા ક઼યાદતનો જે સબક઼ શીખવાડે છે, જો ક઼ૌમના રહબરો (સરદારો, લીડરો) એ સબક઼ને જિંદગીમાં ઢાળી લે અને સાથે જ ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ફર્માંબરદારીનો જે સબક઼ આપે છે જો અનુસરનારા પોતાની જિંદગીના માળખામાં ઉતારી લે તો સમાજ એવો સુઘડ (સુવ્યવસ્થિત) થશે કે ફરીથી સૈલે રવા (વહેતી મોજ) બનીને આગળ વધતા જઈશું.

*એક હો જાએઁ તો બન સક્તે હૈં ખુર્શિદે મુબીન*
*વરના ટૂટે હૂએ તારોંસે ક્યા બાત બને ?!*

**નમાઝ ઈબાદત જરૂર છે પરંતુ કેવળ ઈબાદત નથી, પૂરા દીનની ઈમારત નમાઝ પર ઉભેલી છે.** આ તો નમાઝના થોડાક જ પાસાં છે જેનો કેવળ ઉપર ઉપરથી અભ્યાસ કરવામાં આવ્યો. નમાઝના મેડિકલી ફાયદા, આર્થિક, સામાજિક કક્ષાએ જિંદગી પર થનારી અસરો આશ્ચર્યજનક છે. બસ, નમાઝનું મહત્વ સમજવા માટે આ હદીષને ધ્યાપૂર્વક વારંવાર પઢો ઈન્શા અલ્લાહ ! ઘણા બધા બંધ દરવાજા આપના પર પણ ખુલી જશે : **"નમાઝ દીનનો સ્તંભ છે, જેણે એને ક઼ાયમ રાખી તેણે દીનને કાયમ રાખ્યો, જેણે એને છોડી તેણે દીનને તોડી પાડયો."**

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, સપ્ટે. ૨૦૨૧, મુંબઈ)*

Web.:www.barkatekhwaja.net

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

❒ **સૈયદ યુવતી** : અટક : પીરઝાદા, જ.તા. ૨૦–૯–૧૯૯૪, ઉંચાઈ : ૫ ફૂટ, એજ્યુકેશન : **M.A. In Mass Communication from Veer Narmad Univerciti-Surat.** દેખાવે ખૂબસૂરત, પ્રોફેશન : હાલ પ્રોડયુર ઈન CNBC બજાર નેટવર્ક : મુંબઈ. પિતા : રેલ્વે કર્મચારી
❍ **સંપર્ક મોબાઈલ નંબર. : 8866758756, 8401111310** (સૈયદ યોગ્ય યુવક પસંદગી પાત્ર)

❒ **મેમણ યુવક** : નમાઝી, દીનદાર, ઉ.વર્ષ ૨૩, ઉંચાઈ : ૬ ફૂટ, સિવિલ એંજીનિયાર માટે મેમણ સુન્ની પર્દાનશીન યુવતી જોઈએ છે. (ભાવનગર તરફ) ❍ **સંપર્ક મોબાઈલ નંબર. : 7043111255**

❒ **સૈયદ ડો. યુવતી** : ઉમર : ૨૩ વર્ષ, બેચર ઈન ફિઝિયો થેરાપી–ઈન્ટરશીપ રનિંગ, દેખાવડી, ઉંચાઈ : ૫.૨, વજન : ૪૪ કિલોગ્રામ, ક઼ાદરી રિલિજિઅસ ફેમેલી, સૈયદ સુન્ની યોગ્ય યુવક પસંદગી પાત્ર (ભરૂચ તરફ)
❍ **સંપર્ક મોબાઈલ નંબર. : 72658 21766**


**અડધી કિંમતે કિતાબ મેળવો**

**કિતાબ** : ઉર્દૂમાં : **'જન્નતી ઝેવર'** (પેજીસ : ૫૩૬)
**લેખક : અલ્લામા અબ્દુલ મુસ્તફા આ'ઝમી** رحمۃ اللہ علیہ
**સરનામુ** : રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, ગુજરાત–ઈન્ડિયા

**મૂળ હદિયો** : રૂા. ૧૦૦ (કન્શેશન ૫૦%)
(ટપાલખર્ચ સહિત ફકત રૂા. ૫૦/–)
**M. 9427464411 PhonePe/Paytm/G Pay**

# સુલેહકુલ્લિયતથી બચો !

–કાર્યાલય

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! માણસ દુનિયાના માલ, સત્તા, વાહ વાહી તેમજ અનેક મનેચ્છાઓની લાલચમાં એટલો મસ્ત થઈ જાય છે કે તેને જાણે મરવાનુ છે અને કબ્રની કઠિન મંઝિલ પછી કયામતમાં હિસાબ કિતાબનો અકલ્પ્ય મુસીબતોનો સામનો કરવાનો છે અને એમાં ઈમાન તથા અમલ સહી નીકળશે તો હમેશાંની જન્નત, નહીં તો હમેશાંની જહન્નમ આપણો અંજામ છે. આ ભૂલી અનેક હરામ, નાજાઈઝ કામો, જુલ્મો બલ્કે કુફ્રી કામો પણ કરી બેસે છે. (અલ્લાહની પનાહ !) રોજ લોકોને અચાનક મરતા જુએ છે છતાં દિલ પથ્થર હોય એમ કોઈ પીગળવાનું નામ નથી લેતું. અને દીન ઈમાનની કે અમલની પરવા નથી કરતું. પ્રસ્તુત લેખ ધ્યાનપૂર્વક વાંચશો અને ખાસ ઈમાનની રક્ષા માટે સાવધાન થઈ જશો એવી દર્દભરી અપીલ છે.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ મુસલમાન કાલે અને આજે ★

ઈસ્લામના ઈતિહાસમાં એવો સમય ગુજર્યો છે કે દીન તથા ઈમાનને ખાતર પોતાની જાન, માલ, ઔલાદ, ઈજ્જત આબરૂ સર્વ કુર્બાન કરવામાં આવતુ હતું. તે મુસલમાનો હતા કે ઈમાન આગળ સર્વ ચીજોને તુચ્છ જાણતા હતા. ગમે તેવી તકલીફો ઉઠાવતા હતા પણ જે વાતોથી ઈમાનને આંચ આવે કે ઈસ્લામની આબરૂને ડાઘ લાગે તેવું કોઈ કામ કદી કર્યું નથી. એ માટે સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીનની જિંદગીનો ઈતિહાસ મુસલમાને વાંચવો તથા યાદ રાખવો અનિવાર્ય છે. તે મુસલમાનો હતા જેઓ કેવળ દીને ઈસ્લામ તથા ઈમાનના ખાતર જ જીવતા હતા.

આજે પોતાની જાન, માલ, ઔલાદ તથા દુનિયવી જૂઠી ઈજ્જતના દીવાના લોકો પોતે આરામદાયક અને ચૈનથી જીવી શકે તેના માટે દીન ઈમાનનો સોદો કરી નાખતા હોય છે. સેંકડો મસ્લેહતો સાથે કહેવાતો મુસલમાન ચાલી રહ્યો છે ! એકતાના નામ પર ઈસ્લામી હદોને ઓળંગીને પણ કાફિરો તથા મુર્તદોને વહાલા થવા માટે ખુરશી ધર્મ પાળતા કહેવાતા મુસ્લિમ લીડરો, રહબરો જેઓ કુર્આન હદીષની વાતો, શરીઅતના ફર્માનોની ગંભીરતા વિશે કાંઈ જ નોલેજ નથી ધરાવતા. તેઓ "સુલેહ કુલ્લિયત" ફેલાવી રહ્યા છે. કુર્આન–હદીષના હુકમો નહીં પણ પોતાના નફસને ઈશારે ચાલતા આવા ખુરશી ધર્મ પાળતા લીડરો મુસલમાનોને જહન્નમ તરફ દોરી રહ્યા છે.

## ★ "લાઈલાહ ઈલ્લલ્લાહ" શું છે ? ★

કેટલાક કહેવાતા રહબરો તથા લીડરો એકતાના લેકચરોમાં બોલતા હોય છે કે, "સૌનો માલિક એક જ છે ! કેવળ નામો જુદાં જુદાં છે ! રામ રહીમ, અલ્લાહ ભગવાન એક જ છે !" પણ વિચારો કે અલ્લાહ તો શરીરથી પાક છે, મા બાપ તથા ઔલાદ હોવાથી પાક છે, સ્થળથી, સમયથી, આકારથી પાક છે. જ્યારે અન્ય લોકોના મઅબૂદો મા બાપવાળા, શરીરવાળા, સ્થળ તથા આકારવાળા છે, તો એ કેવી રીતે સમાન તથા એક થઈ શકે ?! માટે કોઈ મુસલમાન જો એવું કહે કે, બધું એક જ છે ! તો એવું કહેનાર "કાફિર" થઈ જશે અને એમાં "હા" પાડનાર પણ !

પ્યારા સુન્ની ભાઈઓ ! સાવધાન થઈ જાવ ! ઈમાનની હકીકતને સમજો. ઈસ્લામમાં પ્રવેશ માટેનો કલમો શું કહે છે ?! લાઈલાહ ઈલ્લલ્લાહ "નથી કોઈ ઈબાદતને લાયક સિવાય અલ્લાહ." તમામ જૂઠા મઅબૂદોનો પ્રથમ ઈન્કાર છે કે, "ઈબાદતને લાયક કોઈ જ નથી" પછી જ સ્વીકાર છે કે "અલ્લાહ સિવાય !"

અને હજી મુસલમાન તો ત્યારે જ થવાશે જ્યારે કહેવામાં આવે કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ, મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે. આ બે વાતો "ઈમાનનો પાયો" છે. એની દિલથી કબૂલાત અને જીભથી ઈકરાર કરનારને મુસલમાન કહેવાય છે. હવે આ કબૂલાત જેણે કરી હશે તે કેવી રીતે મુશ્રિકોના ખાસ શિર્કમય પ્રોગ્રામમાં રથયાત્રાઓ કે વરઘોડામાં તેમના મઅબૂદોને કે તેઓને હાર પહેરાવી કે તેમાં નાચીને, તેમને શરબત પીવડાવી, સન્માન કરીને સ્વાગત કરી શકે ? અકબરના ભેળસેળિયા ધર્મ દીને ઈલાહીમાં શું હતું ?! તેનો સખત વિરોધ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની તથા હઝરત શયખ અબ્દુલહક્ક મુહદ્દિષે દહેલ્વી رضی اللہ عنہما એ શા માટે કર્યો હતો ? ઈસ્લામ ઈસ્લામ છે, તેમાં કોઈ ભેળસેળ કે સુલેહ કુલ્લિયતને સ્થાન નથી. હા ! **શરીઅતના વર્તુળમાં રહીને સૌની સાથે સુમેળભર્યો વર્તાવ કરવાની છૂટ છે, પણ બાતિલ મઅબૂદોની તથા તેના પરસ્તારોની આ પ્રકારની તાઝીમનું કાર્ય મુસલમાનને ઈસ્લામથી બહાર કરી દે છે ! ભલે દેખાવ ખાતર તેમ કરે,** એની નોંધ લેશો અને એવી રથયાત્રાઓ કે જુલૂસોનું સ્વાગત કરવાથી દૂર રહો અને જેમણે એવું કર્યું હોય તેઓ તૌબા કરી લે.

### ★ રાઈના દાણા બરાબર ઈમાન કોને કહેવાય ? ★

હદીષ શરીફમાં છે, **"જેના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઈમાન બાકી હશે તેના માટે હુઝૂરે વાયદો ફર્માવ્યો છે કે તેની હું શફાઅત ફર્માવીશ."** (બુખારી, મુસ્લિમ) પણ રાઈના દાણા જેટલુ ઈમાન કોને કહેવાય ? તે માટે આ હદીષ પાકને વારંવાર વાંચો :

"તમારામાંથી જે વ્યક્તિ પણ શરીઅતની વિરૂધ્ધ વાત જુઓ તેના માટે જરૂરી છે કે એને પોતાના હાથથી રોકે (એટલે કે જેહાદના દ્વારા) આ આ'લા દરજ્જા (ઉચ્ચ કક્ષા)નું ઈમાન છે. અને હાથથી રોકવાની શક્તિ ન હોય તો જીભથી (એટલે મુનાઝરો કરીને અથવા કલમાની ઝબાન કિતાબ દ્વારા) રોકે, આ મધ્યમ કક્ષાનું ઈમાન છે. અને જીભથી પણ રોકવાની શક્તિ ન હોય તો **દિલમાં તેને બુરૂ જાણે** અને **દિલથી પણ બુરૂ ન સમજતો હોય એવી વ્યક્તિના દિલમાં રાઈના દાણા જેટલુ પણ ઈમાન નથી."** *(મુસ્લિમ, મિશ્કાત)*

હવે વિચારો કે કુફ્ર તથા શિર્કના મેળાવડાનુ સ્વાગત કરનાર, કુફ્રી ગીતો પર ડાન્સ કરનાર, ફૂલહાર પહેરાવનાર ઈમાનના ત્રણમાંથી સ્પષ્ટ રીતે એક પણ દરજામાં જણાતો નથી. જ્યારે કોઈ દિલથી કુફ્ર તથા શિર્કના કામને બુરૂ જાણતો હોય છે તો તે કાર્ય જ્યાં થતુ હોય ત્યાંથી દૂર થઈ જશે કે સામે ચાલીને ત્યાં જશે ?! તો હવે મુશ્રિકોના શિર્કમય મેળાવડાનું સ્વાગત કરનાર કયા મોઢે કહે કે હું તેને દિલથી બુરૂ જાણું છું ? અને કદાચ એવું કહે તો પણ શરીઅતમાં આ બાબતે એ માન્ય ગણાશે નહીં. નાટક માટે પણ કોઈ બાતિલ મઅબૂદની તાઝીમ કરે કે પૂજામાં જોડાય તો કાફિર થઈ જશે. વધુ ખુલાસા માટે કુર્આન હદીષના માહિર ઉલમાનો સંપર્ક કરશો.

### ★ ઠેક ઠેકાણે 'શિર્ક ! શિર્ક !' કરનારા વહાબીઓની જીભો અહીં કેમ ગુંગી છે ? ★

આશ્ચર્યની વાત છે કે નબી તથા વલીની તાઝીમ તથા તબર્રુકાતની તાઝીમ કરનારા મુસલમાનો પર વાત વાતમાં શિર્ક, હરામ, બિદઅતના ફત્વા ઝિંકનારા વહાબી, દેવબંદી, મૌદૂદી, ગૈર મુક્લ્લિદો વગેરેના મોલ્વીઓની જીભો અહીં આગળ કયા ડરથી ગુંગી બની ગઈ છે ?! બાતિલ મઅબૂદોના જુલૂસનુ સ્વાગત કરનારા માટે શું હુકમ છે ? કેમ બોલતા નથી ?! આવો ! એ વહાબી, દેવબંદી વગેરે કહેવાતા મુસલમાનોનુ પણ કલ્મો પઢવા પર કેવુક ઈમાન છે ? તે જોઈ લઈએ. અને એમની સાથે પણ એકતાના નામે ભેળભેળ કરવાથી બચીએ.

### ★ વહાબી, દેવબંદીઓની કહેવાતી તૌહીદની અસલિયત ★

કોઈ નાના સરખા બાળક પાસે પણ એટલી સમજ તો હોય છે કે "જૂઠ" એક ખોટી ચીજ છે, જૂઠુ બોલવું એક અયબ છે અને શરીઅતમાં કબીરા (મહાન) ગુનોહ

Web.: www.barkatekhwaja.net

ગણાય છે. છતાં વહાબીઓ જેઓ દંભી બની દુનિયાભરમાં ગર્વભેર તૌહીદના ઠેકેદાર બનીને ફરે છે તેમણે અકીદો ઘડયો છે કે "ખુદા જૂઠુ બોલી શકે છે." જેમ કે દેવબંદીઓના મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી કિતાબ યકરોઝી, પેજ–૧૪૫ ઉપર લખે છે :–

અર્થ : "અમે સ્વીકારતા નથી કે ઉપરોક્ત જૂઠ (એટલે ખુદા માટે જૂઠ બોલવું) મુહાલ (અશકય) હોય."

એ ઉપરાંત દેવબંદી મોલ્વી ખલીલ અહમદ અંબેઠવીએ બરાહીને ક઼ાતિઅહમાં તથા મોલ્વી રશીદ અહમદ ગંગોહીએ 'ફતાવા રશીદિયા'માં તથા દેવબંદી મોલ્વી મહમૂદ હસને "જોહદુલ્ મિક્લ"માં એ જ અકીદાને ટેકો આપ્યો છે.

### ★ કુર્આન શું કહે છે ? ★

وَمَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ حَدِيْثًا "અને અલ્લાહથી વધારે કોની વાત સાચી ?"

*(સૂરએ નિસાઅ, પારા–૫, રુકૂઅ–૮, આયત–૮૭)*

એની તફસીરમાં તફસીરે ખાઝિન મિસરી, ભાગ–૧, પેજ–૪૨૧માં છે :

"મતલબ એ છે કે અલ્લાહથી વધુ સાચો કોઈ નથી તે વાયદા વિરૂધ્ધ કરતો નથી અને તેનુ જૂઠુ બોલવું શકય નથી." એ જ પ્રમાણે તફસીરે મદારિક, તફસીરે બયઝાવી, તફસીરે કબીર, તફસીરે અબૂ સઊદ, તફસીરે રૂહુલ બયાન, શર્હે મવાફિક, શર્હે મક઼ાસિદ, મુસામરા, શર્હે ફિક઼્હે અકબર, ઉમદા અક઼ાઈદે અદોદિય્યહ, નસ્રુલ્લાહિ શર્હે અમાલી, શર્હે અક઼ાઈદ, ફવાતેહુર્રહમુત, વગેરેમાં છે.

છતાં વહાબી દેવબંદીઓએ નવો અકીદો કાઢયો કે "અલ્લાહ જૂઠ બોલી શકે !" અને દલીલ એ આપી કે કુર્આનમાં اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ એટલે કે "અલ્લાહ દરેક વસ્તુ પર કાદિર છે." હવે વિચારો કે જેમ ઉપર દર્શાવ્યું તેમ કુર્આનની તફસીર કરનારા મહાન ઈમામોએ આ આયત સમજી ન હતી ?! અને ૧૪૦૦ વરસ પછી વહાબીઓ જ ખરા સમજદાર નીકળ્યા ?! હવે તેમની આ દલીલના આધારે વિચારો કે કોઈ પ્રશ્ન કરે કે દરેક વસ્તુમાં તો ચોરી કરવી, ઝિના કરવો, સંગીત વગાડવું, ડાન્સ કરવું, શરાબ પીવું, સ્ત્રી કે પુરૂષનું સ્વરૂપ લેવું, પ્રાણી બનવું, ગાળો બોલવી... વગેરે વગેરે અયબદાર ચીજો આવી શકે છે, તો શું (મઆઝલ્લાહ) અલ્લાહ તઆલા આ બધુ પણ કરી શકે છે ?! હે અક્કલવાળા કલ્માગો ભાઈઓ ! સમજી લો ! અયબ તથા ખરાબી ખુદા માટે માનવું કુફ્ર થશે. ખુદાને પાક માન્યો તો સર્વ રીતે પાક જ માનો, તેનું નામ ઈમાન છે. માટે સમજો અને જે દેવબંદી મોલ્વીઓએ ખુદાને માટે અયબ હોવી શકય માની એમને કાફિર જાણો તો જ તમે પણ ઈમાનવાળા રહી શકશો. કારણ કે **કોઈનું કુફ્ર સ્પષ્ટ થયા પછી પણ તેને મુસલમાન સમજો તો પોતે પણ કાફિર થઈ જવાય છે, એ ઈસ્લામનો કાનૂન છે જ.**

આ હતી વહાબી તૌહીદના ઢોલની પોલ ! (અને જે બાબતોને તેઓ નબી વલી માટે માનવાને શિર્ક કહે છે તે પોતાના મોલ્વી માટે કેવીક જાઈઝ માને છે ! તે વિશે જાણવા 'ઝલઝલા' કિતાબ મંગાવો અમારે ત્યાં રૂા. ૧૦૦/–માં મળે છે.) હવે તેઓ જે કલ્માનો બીજો હિસ્સો મુહમ્મદુર્રસૂલુલ્લાહ એટલે કે "મુહમ્મદ ﷺ અલ્લાહના રસૂલ છે" તેમના માટે શું માને છે ? તે પણ સમજી લો.

### ★ શું સહાબા તથા અવલિયાનો આવો જ અક઼ીદો હતો ?! ★

દેવબંદી મોલ્વી અશરફ અલી થાન્વી કિતાબ હિફઝુલ ઈમાન, પેજ–૮ ઉપર લખે છે કે, "આપકી ઝાતે મુક઼દસા પર ઈલ્મે ગયબકા હુકમ કિયા જાના અગર બક઼ૌલે ઝયદ સહીહ હો, તો દર્યાફત તલબ અમ્ર યે હૈ કે, ઈસ ગયબસે મુરાદ 'બઅઝ ગયબ' હૈ યા 'કુલ ગયબ?' અગર બઅઝ ઉલૂમે ગયબિયહ મુરાદ હય તો ઈસ્મેં હુઝૂર કી કયા તખ્સીસ હૈ ? "અયસા" ઈલ્મ તો ઝયદો અમ્ર બલ્કે હર સબી વ મજનૂન બલ્કે જમીઅ હયવાનાત વ બહાઈમકે લિએ ભી હાસિલ હય."

સાંભળો ! દેવબંદી મોલ્વી અશરફ અલી થાન્વી

Web.: www.barkatekhwaja.net

મુસલમાનોને સમજાવે છે કે જો ''બઅઝ (થોડો) ગયબનો ઈલ્મ'' હુઝૂરને હોય તો, તેથી પણ હુઝૂરની વિશિષ્ટતા શી છે ?! એવો (અયસા) ઈલ્મ તો દરેક વ્યક્તિને (ઝયદ, અમ્ર) અને સબી (બાળક)ને અને મજનૂન (પાગલ)ને ચોપગાં જાનવરો અને પ્રાણીઓને પણ હોય છે.

આ છે થાનવી સાહબનું કલ્માના બીજા હિસ્સા મુહમ્મદુર્રસૂલુલ્લાહ પર ઈમાન ! એક તરફ કહેવા પૂરતુ તો માને છે કે મુહમ્મદ ''અલ્લાહના રસૂલ'' છે. તો શું અલ્લાહ તઆલાએ રસૂલ એવી વ્યક્તિને બનાવેલ છે કે ઝયદ અમ્ર (ગમે તે વ્યક્તિ) બલ્કે દરેક બાળક તથા પાગલ તથા ચોપગાં પ્રાણીઓની જેટલો જ ઈલ્મ ધરાવે છે ?! વિચારો ! આમાં અલ્લાહ તઆલા તથા રસૂલુલ્લાહ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની તૌહીન (અપમાન) છે કે નથી ?! સહાબાએ કિરામ, તાબઈન, તબએ, તાબઈન તથા અવલિયાનો મઝહબ મઝહબે હક્ક એહલે સુન્નત વ જમાઅત જ હતો. શું તેમની પણ આવી માન્યતા હતી ? કોઈ સહાબીએ રસૂલે પાક માટે આવી વાત કરી છે ? હવે વિચારો કે રસૂલે પાકનું અપમાન કરનાર મુસલમાન રહેશે ? અને કાફિરને જે મુસલમાન જાણે તે પણ કાફિર જ ઠરશે.

હવે પ્રશ્ન એ છે કે થાનવીના કહ્યાનુસાર બઅઝ (થોડો) ઈલ્મ બાળકો, પાગલો, જાનવરોને પણ છે એટલે કે દરેક કૂતરા, બિલાડા, સુવ્વર, ગધેડાને પણ છે. તો દેવબંદીઓ પોતાના મોલ્વીઓને હકીમુલ ઉમ્મત, શૈખુલ હદીષ, અલ્લામા, ઈમામુલ કબીર એવા લકબો આપીને ફુલ્યા નથી સમાતા ! તેઓ વિચારે કે એમના આ મોલ્વીઓનો ઈલ્મ હુઝૂરથી પણ વધારે છે ? કેમ કે તેમના આ લકબો ઈલ્મના કારણે જ તેમને આપે છે ! એમના માટે અગર જો આપણે કહીએ કે જો એ મોલ્વીઓને બઅઝ (થોડો) ઈલ્મ છે તો એવો ઈલ્મ તો સુવ્વરને પણ છે, કૂતરાને પણ છે, ગધેડાને પણ છે ! તો શું દેવબંદી નારાજ નહીં થાય ?કે અમારા હઝરતના ઈલ્મને સુવ્વર સાથે સરખાવ્યો ! અથવા સુવ્વર જેવો કે જેટલો દર્શાવ્યો ! તો હે ઈમાનના દાવેદારો ! ધ્યાનથી વિચારો ! તમે જેને રસૂલુલ્લાહ કહીને કલમો પઢો છો તે રસૂલના માટે થાનવીના એ જ શબ્દો એ રસૂલુલ્લાહની તૌહીન નથી ?તૌહીન છે અને યકીનન છે જ ! તો પછી એમનો કલમો પઢવાનું ક્યાંથી બાકી રહ્યું ? રસૂલુલ્લાહ ﷺની તૌહીન કરનાર કાફિર જ ઠરે છે. તો હવે જેઓ આ બધું સમજીને પણ થાનવીને મુસલમાન ગણે પેશવા સમજે તો પોતે શું ગણાશે ? શરીઅતનો હુકમ એ જ છે કે તેઓ પણ કાફિર ગણાશે, ભલે પોતે પોતાને સાચા પાકા મુસલમાન જાહેર કરે, દાઢીઓ રાખે કે નમાઝો પઢે પણ જે કુફ્રનો હુકમ તેમના પર છે તે કદી હઠશે નહીં.

એ પણ વિચારો કે કુર્આને પાકમાં અલ્લાહ તઆલા ખુદ ફર્માવે છે, اَلرَّحْمٰنُۙ عَلَّمَ الْقُرْاٰنَؕ ''રહમાને પોતાના મહબૂબને કુર્આન શીખવાડયું' *(સૂ. રહમાન, આ–૧)* એના શાને નુઝૂલમાં એ પણ આવ્યું છે કે જ્યારે મક્કાવાસીઓએ કહ્યું કે, મુહમ્મદ ﷺને કોઈ માણસ શીખવાડે છે, ત્યારે આ આયત ઉતરી અને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે આ કુર્આન રહમાને પોતાના હબીબને શીખવ્યું. *(ખાઝિન)*

હવે પ્રશ્ન એ કે જેનો ઉસ્તાદ રબ્બે કાયનાત હોય તેનો ઈલ્મ એટલો પાંગળો હોય કે બાળકો, પાગલો, જાનવરો જેવો જ રહે ?! બીજું કે રબ તઆલાએ હુઝૂરને કુર્આન શીખવ્યું તો કુર્આનમાં શું શું છે ? રબ તઆલા ફર્માવે છે : ''અમે કુર્આનમાં કોઈ વસ્તુને છોડી નથી.'' એની તફસીરમાં સૈયદુલ મુફસ્સિરીન હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما કુર્આનના ઈલ્મની વિશાળતા વિશે ફર્માવે છે કે ''જો મારા ઊંટના પગોની રસ્સી ગુમ થઈ જાય તો હું તેને કુર્આનમાં તલાશ કરીને મેળવી લઈશ.'' એમણે જ ફર્માવ્યું કે, ''તમામ ઈલ્મો (વિદ્યાઓ) કુર્આનમાં મૌજૂદ છે, એ અલગ વાત છે કે લોકોની ઉણપવાળી બુધ્ધિ તેને સમજવાથી લાચાર છે.'' એ જ કુર્આનના વિશાળ ઈલ્મ વિશે હઝરત અલી رضی اللہ عنہ કહે છે કે, ''જો હું ઈચ્છું તો બિસ્મિલ્લાહના બેની નીચેના નુકતાના ઈલ્મથી એંસી ઊંટો ભરી દઉં.''

વળી સૂરએ આલે ઈમરાન પા. ૪ રૂકૂઅ–૧૮માં રબ તઆલાનો જ ઈર્શાદ છે. ''અલ્લાહની શાન એવી

નથી કે હે આમ લોકો ! તમને ગયબનો ઈલ્મ આપે. હા! અલ્લાહ ચૂંટી કાઢે છે રસૂલોમાંથી જેને ચાહે."

તેમજ સૂરએ જિન, પા. ૨૯, રુકૂઅ–૨માં છે, "ગયબનો જાણવાવાળો તો પોતાનો ગયબ બીજા પર જાહેર નથી કરતો, પરંતુ માત્ર તેના પસંદ કરેલા રસૂલોને" આ પ્રમાણે અલ્લાહે પોતાના રસૂલને ગયબનો ઈલ્મ આપ્યો, કુર્આનનો ઈલ્મ આપ્યો...વગેરે સાવ સ્પષ્ટ કુર્આન હદીષથી છે જ. એ માટે અમારી અનુવાદિત કિતાબ "જા અલ્ હક્ક઼" વાંચશો.

## ★ નિષ્પક્ષ વિચારકો થોડીક વાર ચિંતન કરે ! ★

છતાં થાનવીજીએ જે કહ્યું છે તે શબ્દો ફરીથી ધ્યાનથી વાંચીને દિલથી મનન કરીને જાતે જ ફેંસલો કરો કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ કહેનાર આવું પણ કહી શકે ?! શું عَلٰی کُلِّ شَیۡءٍ قَدِیۡرٌ "અલ્લાહ દરેક ચીજ ક઼ાદિર છે" એને દલીલ બનાવી અલ્લાહના માટે જૂઠ બોલવાની શક્યતા દર્શાવનારા રસૂલે પાકના ઈલ્મે ગયબ બાબતે એ ન વિચારી શકે કે **અલ્લાહ તઆલા ચાહે તે કરી શકે, તો તેના મહબૂબને ગયબનો ઈલ્મ પણ અતા કરી શકે છે ! કેમ કે એ તો ઐબની વાત પણ નથી** ! પણ નહીં ! એમના દિલમાં નબીની ગુસ્તાખી છવાઈ ગઈ છે તેથી તેમનાં દિલો દિમાગો બહેર મારી ગયાં છે ! સરસ કહ્યું છે કોઈકે કે "ખુદા જબ દીન લેતા હૈ તો અક઼્લેં છીન લેતા હય !

હું નિષ્પક્ષ બુદ્ધિશાળીઓને નિમંત્રણ આપવા આ વાતો લખી રહ્યો છું કે બેશક ! નમાઝ ફર્ઝ છે, દાઢી પ્યારી સુન્નત છે, નેક અમલો મુસલમાનોનું અનિવાર્ય અંગ છે, પણ **જ્યાં સુધી ઈમાન નહીં હોય ત્યાં સુધી સર્વ ઝીરો (શુન્ય) છે !** માટે પ્રથમ ઈમાનની હક઼ીક઼તને સમજો અને પછી જરૂર નેક બની જાવ. ક્યાં સુધી લખવામાં આવે ! બાતિલ રાફઝી, ખારજી, શિયા, વહાબી, દેવબંદી, ગૈર મુક઼લ્લિદ, મૌદૂદી વગેરે પોતાના કુર્આન, હદીષ વિરુદ્ધના અક઼ીદાઓને લઈને અહલે સુન્નતથી ખારિજ થઈ કુફ્રની ગર્તામાં ધકેલાયેલા છે. છેવટમાં **વહાબીઓના કેટલાક ગંદા અક઼ીદા** જોઈ લો :–

- "ઝિનાના વસવસા, પોતાની પત્ની સાથે સંભોગનો ખ્યાલ બેહતર છે, અને શૈખ તથા એમના જેવા અન્ય બુઝુર્ગોની તરફ ભલે ને રિસાલત મઆબ (હુઝૂર) પણ હોય (એમના પ્રતિ) પોતાના ધ્યાનને લગાડવું એ પોતાના બળદ અને ગધેડાની સૂરતમાં ખોવાઈ જવાથી બુરુ છે..... *(સિરાતે મુસ્તક઼ીમ, પેજ : ૧૧૮, લેખક : મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*
- "યા અબ્દુલ કાદિર જીલાની" અથવા અન્ય મખ્લૂક઼ને પુકારે અથવા તે દુહાઈ દે. આ પોકારવાથી તેનો હેતુ બુરાઈ દૂર કરી ભલાઈ પામવાનો હોય એટલે કે એવી બાબતોમાં મદદ પ્રાપ્ત કરવાનો હોય જે ખુદા સિવાય કોઈના ઈખ્તિયારમાં નથી, દા.ત. બીમારને તંદુરસ્ત કરવું, દુશ્મન પર જીત મેળવવી, કોઈ દુઃખથી મેહફૂઝ રહેવું વગેરે, આવી બાબતોમાં ખુદા સિવાય કોઈ અન્યથી મદદ માગવી શિર્ક છે, જેઓ આવું કરે છે તેઓ મુશ્રિક અને શિર્કે અકબરમાં પડેલા છે, ભલે તેમનો અક઼ીદો એવો હોય કે હક઼ીક઼ી મદદ કરનાર તો કેવળ રબ તઆલા છે અને આ નેક બંદાઓથી દુઆનો મકસદ કેવળ એ છે કે તેમની સિફારિશથી મુરાદ થશે. **હર હાલમાં શિર્ક છે,** અને આવા લોકોનું ખૂન વહાવવું જાઈઝ છે. *(તોહફાએ વહાબિયહ્, પેજ : ૫૯, સંપાદક : સુલૈમાન ઈબ્ને સેહમાન નજ્દી, ઉર્દૂ અનુવાદક : ઈસ્માઈલ ગઝનવી)*

કુર્આન હદીષથી ઉપરોક્ત બંને અક઼ીદા ગલત છે. **કોઈ નમાઝ એવી પણ હોઈ શકે કે જેમાં હુઝૂરનો ખયાલ ન આવે ?! અત્તહિય્યાતમાં તો નબીને અસ્સલામુ અલૈક અય્યુહન્નબી એટલે કે યા નબી સલામ અલૈક એટલે કે હે નબી ! આપ પર સલામ હો ! કહ્યા વિના ચાલશે જ નહીં ! તો એ વખતે કોનો ખયાલ આવશે ?** અને ખુદ સહાબાઓના નમાઝની હાલતમાં હુઝૂરનો ખયાલ કરવાના અને તેના પ્રત્યાઘાતો આપવા વિશેના પ્રસંગો



Web. : www.barkatekhwaja.net

સહીહ હદીષની કિતાબોમાં લખાયેલ છે જે પ્રસંગોનું વર્ણન વરસોથી બુઝુર્ગાને દીન નકલ કરતા આવ્યા છે, જેનો ઈન્કાર વહાબીઓ પણ કરી શક્શે નહીં !

## ★ ચાલુ નમાઝે સહાબીઓએ હુઝૂર ﷺની તા'ઝીમ કરી ! ★

સહીહ બુખારીમાં સહલ ઈબ્ને સઅદ સાઅદી رضی اللہ عنہથી રિવાયત છે, તેનો ટૂંકસાર એ છે કે, "હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની ઈમામતમાં સહાબીઓ નમાઝમાં મશગૂલ હતા એ દરમ્યાન હુઝૂર علیہ الصلوٰۃ والسلام તશરીફ લાવ્યા તો સહાબીઓએ પોતાના હાથની હથેળીની પીઠ પર બીજો હાથ મારીને અવાજ કરીને હઝરત અબૂબક્રને ખબરદાર કર્યા અને હઝરત અબૂબક્રને હુઝૂરે ઈશારાથી ત્યાં જ રહેવાનું કહેવા છતાં આપ પાછળ હટી ગયા અને હુઝૂરે ઈમામત ફર્માવી. નમાઝ બાદ હુઝૂરે ફર્માવ્યું કે, હે અબૂબક્ર ! મેં તમને ઈમામતમાં ચાલુ રહેવા જણાવેલું છતાં શા માટે ન રહ્યા ! તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અબૂ કહાફાનો પુત્ર (અબૂબક્ર) એ લાયક નથી કે રસૂલુલ્લાહની આગળ વધીને નમાઝ પઢાવે ! (આ સિવાય પણ ચાલુ નમાઝે હુઝૂરના બોલાવવા પર જવાના, સોંપેલ કામ કરીને જ્યાંથી નમાઝ બાકી હતી ત્યાંથી આગળ પૂરી કરવાના સહાબીઓના જ પ્રસંગો છે) તો હવે આ સહાબીઓને વિશે શું કહો છો ? તેઓ પણ મુશ્રિક થઈ ગયા ?! શું તેમને શિર્ક વિશે જ્ઞાન ન હતું ?! તો પછી દુનિયામાં મુસલમાન કોણ રહેશે ?

*(બહવાલા "સહાબા કા ઈશ્કે રસૂલ")*

વળી કુર્આન, હદીષમાં નબીઓના તથા વલીઓના વસીલાથી બલાઓ, તકલીફો ટળવાના બનાવો ભરેલા પડયા છે. તો એ બધું ખોટુ અને આ વહાબીઓ જ સાચા ?! કે હર હાલતમાં નબી વલીથી મદદ માગવાને "શિર્ક" લખે છે ! **શું હઝરત ઈસા** علیہ السلام **જન્મજાત આંધળાઓને દેખતા કરતા હોવાનું, મુડદાં જીવંત કરતા હોવાનું બયાન કુર્આનમાં નથી ?! ખુદાએ આપને એ કુવ્વત આપી હતી કે નહીં ?** (વધુ માટે કિતાબ સુન્ની કોણ ? પેજ ૨૧૧ થી ૨૩૯ વાંચો, જે દારુલ ઉલૂમ શાહે આલમ, જમાલપૂર રોડ, અમદાવાદ ખાતે અથવા દયાદરાથી "રહનુમાએ હક઼" કિતાબ મંગાવો) લોખંડ હઝરત દાઉદ علیہ السلامના હાથમાં નરમ (મીણ) થઈ જતું હતું, હવા પર હઝરત સુલૈમાન علیہ السلامનો કાબૂ હતો... વગેરે વગેરે કુર્આનમાં નથી ?! છે અને યક઼ીનન છે ! એ જ પ્રમાણે હદીષોમાં પણ છે.

તિબ્રાની, જામેઉસ્સગીર, ભાગ : ૧, પેજ : ૭૮માં છે : "હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે નબીયે કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહના કેટલાક બંદાઓ એવા છે જેમને લોકોની હાજતો પૂરી કરવા માટે મુક઼ર્રર કર્યા છે, જેથી લોકો તેમના તરફ પોતાની હાજતોમાં પેશ કરે."

મિશ્કાત શરીફ, પેજ : ૫૨૧માં છે : "હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે આઈશા ! જો હું ચાહું તો મારી સાથે સોનાના પહાડ ચાલ્યા કરે."

બુઝુર્ગાને દીન નબી વલીને અલ્લાહની અતાથી (આપવાથી) ઈખ્તિયારવાળા માનતા આવ્યા છે. એટલે સુધી કે આરિફ બિલ્લાહ હઝરત અલ્લામા અહમદ સાવી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَانْ તફસીરે સાવીમાં જણાવે છે કે, (અર્થ) : "તો જેણે એવો શક કર્યો કે નબી અન્ય લોકોની જેમ (બરાબર સરખા) છે અને તે કોઈ ચીજના માલિક નથી અથવા તેમનાથી જાહેર રીતે યા બાતિની (આંત્રિક) રીતે કશો નફો (લાભ) નથી પહોંચતો તો (આવો અક઼ીદો રાખનાર) કાફિર છે અને તેની દુનિયા તથા આખેરત બર્બાદ છે. *(તફસીરે સાવી, ભાગ : ૧, પેજ : ૧૫૮)*

ટૂંકમાં હક઼ મઝહબ એ "અહલે સુન્નત વલ જમાઅત" જ છે, જેમને આજકાલ સુન્ની (બરેલ્વી) કહેવાય છે, તે જ હક઼ છે. અને **શીઆ, રાફઝી, ખારજી, મૌદૂદી, ગૈર મુક઼લ્લિદ, વહાબી, દેવબંદી વગેરે અહલે સુન્નતના વિરુદ્ધ અક઼ીદાવાળા છે, કેમ કે તેમાંના કોઈકે અલ્લાહના માટે જૂઠ શક્ય બતાવ્યું તથા નબી વલીઓનાં અપમાન કર્યાં છે, કોઈકે સહાબાની ગુસ્તાખી કરી છે અને પોતે તથા પોતાના ચેલાઓ માટે જહન્નમને રજીસ્ટર્ડ કરાવી લીધી છે.**

web.www.barkatekhwaja.net

## ★ વાડાબંધી દૂર કરો કહેનારા નિષ્પક્ષ રીતે વિચારે ★

કેટલાક એવું સમજાવે છે કે સઘળા મુસલમાનો એક જ કલમો પઢે છે, આપસના મતભેદો એ ઉપર છલ્લા જ છે ! તો મારો પ્રશ્ન છે કે શું ઉપર જણાવી તે વાત ઉપર છલ્લી જ છે ?! ઈમાન સાથે એને સંબંધ નથી ?! વળી **વાડાબંધી ઉભી કોણે કરી ? જે મોલ્વીઓએ લખ્યું કે, "અલ્લાહ તઆલા જૂઠ જેવું ખરાબ કૃત્ય કરી શકે !" (મઆઝલ્લાહ !) તો આવી વાત બહાર પાડનારે મુસલમાનોમાં વાડ ઉભી કરી છે કે નહીં ?! તથા રસૂલે પાક ﷺના ઈલ્મ બાબતે તથા અન્ય અલ્લાહના મક્બૂલ બંદાઓને માટે હલકા શબ્દો વાપરનારાઓએ વાડો ઉભી કરી છે કે નહીં ?! તો હવે વાડાબંધી દૂર કરો ! જે સમજાવવામાં આવે છે તેનો અર્થ શું કરવો ?!** સુન્નીઓએ કઈ વાડ ઉભી કરી છે ?! તો હવે વાડાબંધી દૂર કરો એનો એવો અર્થ કરવો કે તેમને "સાચા મુસલમાન ભાઈ" સમજી લો ! તેઓ ભલે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પાક પરવરદિગારને માટે જૂઠ બોલવાનું શક્ય બતાવે અથવા તેઓ એવું લખનારા મોલ્વીઓને મહાન પેશ્વા, શહીદ, કે મુસલમાન વગેરે જાણતા હોય. તથા "રસૂલે પાકને ચોળા, ચમાર કરતાંય ઝલીલ" હોવાનું લખે અથવા લખનારને દીનનો પેશવા જાણે છતાં તેને આપણો મુસલમાન ભાઈ ગણો ને તેમની સાથે ભાઈ ભાઈ બની એક પ્લેટફોર્મ પર આવી જાવ ! તો શું આ ઈન્સાફની વાત છે ?! હવે વાડાબંધી દૂર કરવાનું કહેવાનો મતલબ શું ? તે સમજાવો !

## ★ એકતા ક્યાં સુધીની થઈ શકે ? ★

હા ! ગવર્નમેન્ટ સામે મુસલમાનોના કોઈ પ્રશ્નની રજૂઆત જે આમ મુસલમાનોના લાભની હોય તેને ટેકો આપવા જે તે સમય પૂરતી કહેવાતી એકતા તથા સામૂહિક રજૂઆત કરાય તો બરાબર છે, કેમ કે ગવર્નમેન્ટ તો દરેક કલ્મા ગો ને પછી ભલે તે ગમે તે હોય મુસલમાન સમજે છે, જેથી એટલે સુધી ઠીક, નહીં તો "અહલે સુન્નત વ જમાઅત" સિવાયના સર્વે શીઆ, રાફઝી, ખારજી, વહાબી, દેવબંદી, મૌદૂદી, કહેવાતા અહલે હદીષ વગેરેને પણ ખરેખર મુસલમાન જ સમજવા તથા તેમની સાથે દિલી મિત્રતા, શાદી, વહેવાર, તેમની પાછળ નમાઝ પઢવી, તેમની સાથે ઉઠક બેઠક રાખવી વગેરે કરતા થઈ જવું અને સૌને સમાન ઈમાનવાળા તથા મુસલમાન ગણી બાકી બધું ભૂલી જ જવું ! એનો મતલબ એ કે દુનિયવી ભયોથી બચવા તથા દુનિયાવી સુખ શાંતિ માટે દીને ઈસ્લામનો ત્યાગ કરવો ! જેનું પરિણામ જહન્નમનું રિઝર્વેશન થશે, એ નિશ્ચિત વાત છે.

હે લોકો ! સમજો અને ઈમાનના પાયાને ઓળખો, હકીકતને સમજ્યા પછી જ કોઈ શબ્દ બોલો, તથા પછી જ કોઈ કદમ ઉઠાવો, અજ્ઞાનતાને દૂર કરો. દુનિયાના લાભલાભમાં તો ખૂબ સાવધાન રહો છો ! તો દીન બાબતે પણ ખૂબ સાવચેત બનો. રાજકરણીનો મોટાભાગે ધર્મ ખુરશી હોય છે, તેના માટે તે નમાઝ પણ પઢશે અને આરતી પણ ઉતારશે, અને સૌને વહાલો લાગવા ગમે તે કરશે, તેમની ચાલોમાં ફસાશો નહીં, અને એ પ્રકારની બર્બાદ કરનારી એકતાથી બચશો. વળી કોઈ "કહેવાતો પીર કે કહેવાતો દીની રહબર" પણ સૌ સરખા, સૌને મુસલમાન ભાઈ જાણવાનું કહેતો હોય તો તેનાથી પણ દૂર રહેશો, અને ઈમાનને અગ્રસ્થાન આપશો. કોઈની શરમમાં પડશો નહીં. મૌલા કરીમ દરેકને હક્ક સમજીને ઈમાન બચાવવાની તૌફીક બખ્શે.

آمِین بِجَاہِ النَّبِیِّ الْکَرِیْمِ عَلَیْہِ اَفْضَلُ الصَّلٰوۃِ وَ التَّسْلِیْم

**ગોંડલ** : થી જનાબ અ. રઝ્ઝાકભાઈ કરીમભાઈ નાગાણી જણાવે છે કે જલગાંવ (મહારાષ્ટ્ર)માં સોમવાર તા. ૨૯–૩–૨૦૨૧, મુ.ચાંદ ૧૫ શાબાન ૧૪૪૨ના રોજ હવાબાઈ હાજી સિદીક (મુહમ્મદ હુસૈનભાઈ તથા અ. રઝ્ઝાક કોટડાવાળા બહેન)નો ઈન્તેકાલ થયો તેમજ તા. ૬–૪–૨૦૨૧ના રોજ ૨૩ શાબાનને રુકશાનાબાનુ અ. રઝ્ઝાક પૂજાણીનો ઈન્તેકાલ થયો હતો. અલ્લાહ તઆલા પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)

Web : www.barkatekhwaja.net

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

- **દયાદરા** : (તા.જિ. ભરૂચ) તા. ૧૯–૧૧–૨૦૨૧, ૧૩ રબીઉઆલ આખર હિ.સ. ૧૪૪૩ જુમ્આના રોજ મહેબૂબ મુહમ્મદ કારા અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **દયાદરા** : (તા.જિ. ભરૂચ) તા. ૨૦–૧૧–૨૦૨૧, ૧૪ રબીઉલ આખર હિ.સ. ૧૪૪૩ શનિવારના રોજ જનાબ હાજી અહમદ મૂસા સરપંચનો ઈન્તેકાલ થઈ ગયો છે.
- **દયાદરા** : (તા.જિ. ભરૂચ) તા. ૦૪–૧૨–૨૦૨૧, ૨૮ રબીઉલ આખર હિ.સ. ૧૪૪૩ શનિવારના રોજ હઝરત મૌલાના ઈમરાન ઝંઘારવીના વાલિદા જુબેદા ઉમરજી કોંગોવાલા અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. તથા તા. ૧૬–૧૨–૨૦૨૧, ૧૧ જમાદિઉલ અવ્વલ હિ.સ. ૧૪૪૩ જુમેરાતના રોજ સાયરા દાઉદ ખાન અલ્લાહની રહ્‌મતમાં પહોંચી ગયા છે.
- **નબીપુર** : ખાતે જમાદાર ગુલામ બોરડીવાલા તેમજ ઈકબાલ ઈસપ અભૂજી તા. ૧૫–૧૨–૨૦૨૧ બુધવાર, ૧૦ જ. અવ્વલ હિ.સ. ૧૪૪૩ના રોજ ઈન્તેકાલ કરી ગયા.
- **કંબોલી** : મુકામે સોમવાર તા. ૨૯–૧૧–૨૦૨૧, ૨૩ રબી. આખર હિ.સ. ૧૪૪૩ના રોજ હજીયાણી ગોટાબેન અબ્દુલ કૈયૂમ પેન્ટરનો ઈન્તેકાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## નાઝિમે આ'લા અલી ઘંટીવાળાની દુનિયાને અલવિદા

**દયાદરા** : (તા.જિ. ભરૂચ) તા. ૨૦–૧૧–૨૦૨૧, ૧૪ રબીઉલ આખર હિ.સ. ૧૪૪૩ શનિવારના રોજ જનાબ હાજી અલીભાઈ માસ્તર ઘંટીવાલા (ટ્રસ્ટી : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા) નો ઈન્તેકાલ થઈ ગયો છે. ઈ.સ. ૧૯૮૭માં મદ્રસા મઝાહેરુલ ઉલૂમમાં બોર્ડિંગ રૂપે શરૂઆત કરી હતી અને લગભગ ૧૯૯૦માં હાલની દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદીની બિલ્ડિંગ બનાવવામાં આવેલી. લગભગ ૩૩ વરસ આપ નાઝિમે આ'લા તરીકે રહ્યા. મર્હૂમ અલીભાઈ માસ્તર ઘંટીવાલાના ઈસાલે સવાબ અર્થે તેમના પુત્ર જનાબ સલીમ અલી માસ્તર ઘંટીવાલા તરફથી **"અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"** તથા **"ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"** બંનેને રૂા. પાંચ પાંચ હજાર (કુલ દસ હજાર) લિલ્લાહ મળ્યા છે. "સુફ્ફા ઉલમા કાઉન્સિલ દયાદરા" તરફથી મર્હૂમના સવાબ અર્થે તા. ૯–૧૨–૨૦૨૧ના રોજ સવારમાં દયાદરા મસ્જિદમાં એક મેહફિલનું આયોજન થયું જેમાં દારુલ ઉલૂમના તલબા, અસાતેઝા તથા અન્ય દારુલ ઉલૂમોના, ઉસ્તાદો, જિમ્મેદારોએ હાજરી આપી. શરૂઆતમાં દારુલ ઉલૂમના તલબાએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા. દારુલ ઉલૂમના અસાતેઝાએ તેમજ ખાસ મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે ઈલ્મે દીનના મહત્વ પર શાનદાર બયાન કર્યા બાદ મર્હૂમની દીની કામગીરીને બિરદાવી હતી. *–તંત્રી*

Web: www.barkatekhwaja.net